MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । ગુરુવાર । તા. ૧૪-૦૫-૨૦૨૦ । વર્ષ : ૧૬ । અંક : 33 । પાના : ૧૨ । છૂટક નકલ : 3 રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Image Printers, 20-21, Bhid Bhanjan Soc., Bamroli Road, Nr. Piyush Point, Surat (Gujarat) ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636
Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-156/2019-2021, Valid up to 31-12-2021, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

વડાપ્રધાન મોદી દ્વારા કરાયેલ ૨૦ લાખ કરોડના પેકેજમાંથી પ્રથમ તબક્કાની જાહેરાત

લઘુ-મધ્યમ ઉદ્યોગો માટે ૩ લાખ કરોડનું પેકેજ જાહેર

૨૦ લાખ કરોડમાંથી MSMEને ૩ લાખ કરોડની લોન,૪ વર્ષ માટે ગેરન્ટી ફ્રી હશે, ૪૫ લાખ લઘુ અને મધ્યમ ઉદ્યોગોને ફાયદો થશે

- **સંકટમાં ફસાયેલા નાના ઉદ્યોગો માટે ૨૦ હજાર કરોડ,૨૦૨૦-૨૧ના સ્વીકૃત બજેટ એટલે કે ૩૦ લાખ કરોડથી લગભગ તે ૧૦ લાખ કરોડ ઓછું છે,આ પેકેજથી ગૃહ ઉદ્યોગ, લઘુ ઉદ્યોગ, શ્રમિકો, ખેડૂતો, મધ્યમ વર્ગને ફાયદો થશેઃ નાણાંમંત્રી**
- **સંકટમાં ફસાયેલા નાના ઉદ્યોગો માટે ૨૦ હજાર કરોડ,૧૫ હજારથી ઓછો પગાર ધરાવનારનું EPF ઓગસ્ટ સુધી કેન્દ્ર આપશે,૭૨ લાખ ૨૨ હજાર કર્મચારીઓને મળશે તેનો લાભ**

ન્યુ દિલ્હી

વૈશ્વિક મહામારી કોરોના રોગચાળાથી જાહેર કરાયેલા ૫૦ દિવસના લોકડાઉનને કારણે દેશના અર્થતંત્રને થયેલી માઠી અસરોને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગઈકાલે જાહેર કરાયેલા ૨૦ લાખ કરોડ રૂપિયાના કોવિડ-૧૯ના રાહત પેકેજનું પ્રથમ બ્રેકઅપ આજે નાણાંમંત્રી નિર્મલા સીતારમણે જાહેર કર્યું હતું. લોકડાઉનથી અસર પામેલ



દેશના લાખો કૂટિર- લઘુ-મધ્યમ ઉદ્યોગ માટે પગલા લેવાશે. જેમાં માઈક્રો, સ્મોલ અને મીડીયમ એટલે કે એમએસએમઈ સેક્ટર માટે ૬ વિવિધ પ્રકારના પગલા લેવાશે. આ એકમોને વગર ગેરંટીએ ૩ લાખ કરોડની લોન આપવામાં આવશે. કોઈપણ પ્રકારની જામીનગીરી આપવી નહીં પડે. અને ૪૫ લાખ એકમોને તેનો લાભ મળશે. ૧૦૦ કરોડવાળા એકમોને લોનમાં રાહત મળશે. લઘુ અને મધ્યમ ઉદ્યોગોને નડતી નાણાંકિય તંગીને નિવારવામાં સહાય મળશે. ૪ વર્ષમાં લોન પરત કરવાની રહેશે. એક વર્ષ સુધી મૂળ રકમ આપવી નહીં પડે. ૧૫ હજાર કરતા ઓછા પગારવાળા કર્મચારીના ઈપીએફમાં ૨ ટકાની રાહત

અનુસંધાન પાના નં. ૬

- **લોન ૪ વર્ષ માટે અને ૧૦૦ ટકા ગેરન્ટ ફ્રી છે.**
- **તે ઉદ્યોગોને મળશે, જેની બાકી ચૂકવવાની નીકળતી લોન ૨૫ કરોડથી ઓછી હોય અને ટર્નઓવર ૧૦૦ કરોડથી વધુ ન હોય.**
- **૧૦ મહિના સુધી લોન ચૂકવવામાં છૂટ મળતી રહેશે**
- **૩૧ ઓક્ટોબર ૨૦૨૦ સુધી આ લોન માટે એપ્લાઈ કરી શકાશે.**
- **કોઈ પણ પ્રકારનો એકસ્ટ્રા ચાર્જ લેવામાં આવશે નહિ. ૪૫ લાખ MSMEને ફાયદો થશે.**
- **MSMEને ૩ લાખ કરોડ રૂપિયાની લોન આપવામાં આવશે, ૪૫ લાખ ઉદ્યોગોને ફાયદો થશે**

કોંગ્રેસનું કહેવું છે કે આ નિર્ણય ઘણો મોડો લેવામાં આવ્યો છે

કોંગ્રેસ મોદી સરકારના આર્થિક પેકેજના એક એક રૂપિયાના ખર્ચ પર નજર રાખશેઃ પૂર્વ નાણામંત્રી

નવી દિલ્હી

હાલમાં સમગ્ર વિશ્વ કોરોના વાયરસની મહામારી સામે ઝઝૂમી રહી છે. વિશ્વના મોટા ભાગના દેશોમાં લોકડાઉન લાગુ કરવામાં આવ્યું છે. ભારતમાં પણ કોરોનાના વ્યાપને ડામવા માટે લાગુ કરવામાં આવેલા લોકડાઉન દરમિયાન વડાપ્રધાન મોદીએ આર્થિક પેકેજ દ્વારા મલમ લગાવવાનો પ્રયત્ન કર્યો છે. જોકે, કોંગ્રેસનું કહેવું છે કે આ નિર્ણય ઘણો મોડો લેવામાં આવ્યો છે. કોંગ્રેસ નેતા અને પૂર્વ નાણા મંત્રી પી. ચિદંબરમે કહ્યું કે, કાલે વડાપ્રધાન મોદીએ હેડલાઈન અને એક કોરું પેપર આપ્યું, જેને આજે નાણા મંત્રી દ્વારા ભરવામાં આવશે. અમારી નજર એક-એક રૂપિયા પર હશે.

પી. ચિદંબરમે બુધવારના રોજ ટ્વીટ કરીને કહ્યું કે, કાલે વડાપ્રધાને આપણને એક હેડલાઈન અને એક બ્લેક પેપર આપ્યું. સ્વાભાવિક રીતે મારી પ્રતિક્રિયા પણ બ્લેક જ હતી. આજે આપણે નાણામંત્રી તરફથી બ્લેક પેપરને ભરવાની પ્રક્રિયા પર ધ્યાન આપીશું. આપણે આજે ધ્યાન રાખવું પડશે કે રાહત પેકેજનો એક-એક રૂપિયો ક્યાં જાય છે. સરકાર ખરેખર અર્થવ્યવસ્થાને સુધારી રહી છે કે નહીં તે જોવાનું છે.

પૂર્વ નાણા મંત્રી પી. ચિદંબરમે કહ્યું કે અમે એના પર પણ ધ્યાન આપી રહ્યા છે કોને કેટલું મળે છે. હવે જોવાનું એ છે કે ગરીબ અને ભૂખ્યા પ્રવાસી મજૂરો જ્યારે હજારો કિલોમીટર પગપાળા ચાલીને પોતાના ઘરે પહોંચશે ત્યારે તેમને શું મળે છે. આ સાથે જ ગરીબ લોકોને (૧૩ કરોડ પરિવારો)ને ખરેખર કેટલી આર્થિક સહાય મળે છે તે મહત્વનું છે. ઉલ્લેખનીય છે કે કોરોના મહામારી સામે ઝઝૂમી રહેલા દેશમાં લોકડાઉનનો ૫૦મો દિવસ ચાલી રહ્યો છે. ભારતભરના લોકોને આ આર્થિક પેકેજ પાસેથી આર્થિક મદદ મળે તેવી આશા છે. કોરોનાના કારણે થયેલા નુકશાનની ચૂકવણી અને દેશની અર્થવ્યવસ્થાને ફરીથી ઉભી કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગઈકાલે ૨૦ લાખ કરોડના પેકેજની જાહેરાત કરી છે.

દેશમાં આ વર્ષે ચોમાસુ નોર્મલ આસપાસ રહેવાની આગાહી

જુન ૧૮ થી ૮ જુલાઈ વચ્ચે નોર્મલ થી વધુ વરસાદ ત્રાટકશે

૮ જુલાઈથી ૨૦ જુલાઈ ૨૦૨૦ વચ્ચે દેશમાં સામાન્ય વરસાદનું વાતાવરણ જોવા મળશે

ગાંધીનગર

જાણીતા હવામાન નિષ્ણાંત શ્રી કે દ્વારા આ વર્ષના ચોમાસાની આગાહી કરવામાં આવી છે કે, ૧થી ૧૫ જુન વચ્ચે દેશભરમાં લગભગ સામાન્ય કે નોર્મલ વરસાદ રહેશે. રોજે રોજ દેશભરના હવામાન અને વરસાદ અંગે માહિતી આપતા રહેલા શ્રી કેની તેમના ટવીટર એકાઉન્ટમાં નોંધે છે કે જુન ૧૮ થી ૮ જુલાઇ વચ્ચે નોર્મલ થી વધુ વરસાદ ત્રાટકશે. ૮ જુલાઈથી ૨૦જુલાઇ ૨૦૨૦વચ્ચે દેશમાં સામાન્ય-નોર્મલ વરસાદનું વાતાવરણ જોવા મળશે.

૨૦ જુલાઇ થી ૩૦ ઓગષ્ટ વચ્ચે ફરી દેશના વિવિધ ભાગોમાં નોર્મલથી વધુ એટલે કે સારો એવો જોરદાર વરસાદ જોવા મળે તેવી સંભાવના તેમણે દર્શાવી છે. સપ્ટેમ્બર મહિનામાં નોર્મલ અથવા તો નોર્મલથી વધુ વરસાદ અને ઓકટોબરમાં નોર્મલ વરસાદ જોવા મળે તેવી આગાહી શ્રી કેનીએ તેમના ટવીટર હેન્ડલ ઉપર કરી છે. આ વર્તારા મુજબ સૌરાષ્ટ્ર - કચ્છ-ગુજરાત-રાજસ્થાન સહિતના અને દક્ષિણ તથા ઉત્તર-પૂર્વના કેટલાક રાજ્યોમાં નોર્મલથી વધુ વરસાદની આગાહી થઇ છે.૨૦૨૦માં ''નેગેટીવ ઈન્ડિયન ઓશન ડિપોલ'' ડેવલપ થવાની

અનુસંધાન પાના નં. ૬

આર્થિક રાહત પેકેજની માગનો સરકાર દ્વારા સ્વીકાર કરવામાં નહીં આવે તો હડતાલનું શસ્ત્ર ઉગામશે

લોકડાઉન ખુલતા જ ટ્રાન્સપોર્ટરોની હડતાલ પર જવાની જાહેરાત

મોટર ઈન્શ્યોરન્સ અને લાઈસન્સની મુદતમાં પણ ફરજિયાત વધારો કરવાની માંગ

મુંબઈ

દેશમાં કોરોના વાઈરસ લોકડાઉનમાં એક બાજુ પરપ્રાંતિય કામદારો પારાવાર મુશ્કેલીઓ વેઠીને એમના વતન ઘેર પહોંચી રહ્યા છે, ત્યારે બીજી બાજુ મુંબઈ સહિત અનેક બંદરગાહો પરથી માલસામાન પહોંચાડવાની કામગીરી ધીમી પડી છે. હવે ટ્રાન્સપોર્ટર્સ અને ટ્રેડર્સ તેમને થઈ રહેલા નુકસાનથી ચિંતિત છે અને કહે છે કે તેમની આર્થિક રાહત પેકેજની માગનો સરકાર દ્વારા સ્વીકાર કરવામાં નથી આવ્યો. તેથી નક્કી કર્યું છે કે જેવું લોકડાઉન ખૂલે એ પછી તેઓ હડતાળ પર જશે. ટ્રાન્સપોર્ટરોએ કેન્દ્ર સરકાર પર આક્ષેપ કર્યો છે કે ટ્રાન્પોર્ટ સેકટરને કોઈ નાણાકીય પેકેજ આપવામાં નથી આવ્યું. ટ્રાન્સપોર્ટરોએ તેમના કામને આવશ્યક સર્વિસ ગણવાની પણ માગ કરી છે. તેમણે આ સિવાય કોરોના કાળમાં ટોલમાં કન્સેશન સહિત ઉદ્યોગ માટે વિવિધ માગ સાથે નાણાકીય પેકેજની પણ માગ કરી છે. આ ઉપરાંત તેમણે મોટર ઈન્શ્યોરન્સ અને લાઈસન્સની મુદતમાં પણ ફરજિયાત વધારો માગ્યો છે.

દેશમાં ટ્રાન્સપોર્ટ ક્ષેત્ર સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ૨૦ કરોડ લોકો જોડાયેલા છે અને દેશભરમાં લોકડાઉનને પગલે આ ક્ષેત્ર છેલ્લા બે મહિનાથી વેન્ટિલેટર પર છે. ઉદ્યોગના લોકો ટકી રહે એ માટે તાત્કાલિક નાણાકીય પેકેજની જરૂર છે. આ ઉદ્યોગમાં હાલ કોઈ આવક નથી અને ઉદ્યોગ ઠપ હોવાથી અનેક વેપારીઓના પેમેન્ટ્સ અટકી ગયા છે અથવા અટવાઈ ગયા છે.

સૂત્રોએ કહ્યું કે, વળી આમાં ૮૫ ટકા ઓપરેટરો

અનુસંધાન પાના નં. ૬

પ.બંગાળના વૈજ્ઞાનિકોએ કોરોના ટેસ્ટ માટે સસ્તી કીટનું નિર્માણ કર્યું,નામ આપ્યુ ફેલુદા

બે કલાકમાં પરફેક્ટ રિપોર્ટ આપી શકતી સ્વદેશી કિટનો ખર્ચ ફક્ત ૫૦૦ રૂ. થશે

ટાટા સન્સ સાથે ઉત્પાદનના કરાર થયા, વધુ કેટલીક કંપનીઓ સાથે પણ કરાર થશે, જૂનથી ટેસ્ટ કિટ બજારમાં ઉપલબ્ધ થશે

કોલકાત્તા

બે ભારતીય વૈજ્ઞાનિકોએ કોરોનાનો ટેસ્ટ કરી આપતી તદ્દન કિફાયતી અને છતાં ચોક્સાઈભરી કિટ શોધી કાઢી છે. કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રિયલ રિસર્ચ દ્વારા પ્રમાણિત થયેલ આ ટેસ્ટ કિટને ભારત સરકારે માન્યતા આપી દીધી છે અને હવે બહુ ઝડપથી તેનું ઉત્પાદન પણ શરૂ થઈ જશે. બે બંગાળી વૈજ્ઞાનિકોએ આ કિટની શોધ કરી હોવાથી તેમણે વિખ્યાત ફિલ્મસર્જક સત્યજીત રાયના જાણીતા પાત્ર ડિટેક્ટિવ ફેલુદા પરથી કોરોના શોધી આપતી આ કિટને પણ ફેલુદા નામ આપ્યું છે....!! ટાટા સન્સ કંપની દ્વારા ઉત્પાદનના કરાર કરવામાં આવ્યાં છે. આ કિટ સંબંધિત વિગતો માટે સીએસઆઈઆરના ડિરેક્ટર જનરલ ડો. શેખર માન્ડેએ એક અખબારને આપેલી મુલાકાતમાં સત્તાવાર રીતે માહિતી આપતાં કહેવાયું હતું કે, આ પેપર સ્ટ્રિપ ટેસ્ટ કિટ ઈન્સ્ટિટ્યુટ ઓફ જિનોમિક્સ એન્ડ ઈન્ટિગ્રેટિવ બાયોલોજી સંશોધન સંસ્થાના બે વૈજ્ઞાનિકોએ તૈયાર કરી છે. દેવજ્યોત ચક્રવર્તી અને સૌવિક મેતી નામના આ બંને વૈજ્ઞાનિકો બંગાળી છે. આ એક પેપર બેઝ્ડ ડાયગ્નોસ્ટિક કિટ છે. જેમાં એક સોલ્યુશન લગાડવામાં આવ્યું છે. કોરોના વાયરસના આરએનનને આ પેપર પર રાખવામાં આવે કે તરત ખાસ પ્રકારના બેન્ડ (લાઈન) દેખાય છે, જેનાંથી પેશન્ટ પોઝિટિવ છે કે નેગેટિવ તેની ખબર પડી શકે છે. આ સ્ટ્રિપમાં બે બેન્ડ છે. પહેલો બેન્ડ કન્ટ્રોલ બેન્ડ છે, જેનો રંગ બદલાય એટલે ખબર પડે કે

અનુસંધાન પાના નં. ૬

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257

http://www.jungegujarat.in/negative-ion/

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

ગુજરાતના તમામ સ્થળે ટીમ લીડર નીમવાના છે

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ **(રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)**માં સભ્ય બની તમારા વિસ્તારમાં અન્યોને મદદરૂપ થાઓ. શુ આપ સહેલાઈથી ઓછો મહેનતે ઘર ચલાવવા કે બચત કરવા માંગો છો? શુ આપ અભ્યાસ સાથે સ્વનિર્ભર બનવા માંગો છો તો આજે જ સંપર્ક કરો

7574888861

(ટ્રસ્ટની સભ્ય ફી માત્ર ૧૦૦ રૂપિયા રહેશે. જોડાવા માટે આધાર કાર્ડ પાન કાર્ડ જરૂરી રહેશે. વાર્ષિક સામાન્ય સભ્યનું ઈ ઓળખ પત્ર મળશે)

-:: ફી મોકલવાની ડિટેલ ::-

Phone pay 7574888859 • Act No. 33586780623
State Bank of India • Ifsc code SBIN0009164
Pritam nagar Branch, Bharuch 392002

અમેરિકામાં કોરોનાથી ઓગસ્ટ સુધીમાં ૧.૪૭ લાખ લોકોના મોત થવાની શકયતા

અમેરિકામાં કોરોનાના કેસો ૧૪ લાખથી વધારે નોંધાયા

અમેરિકામાં લોકડાઉન હટાવવાને લઈને ચેતવણી, ટ્વિટરના કર્મચારીઓ હંમેશ માટે ઘરેથી કામ કરી શકશે

ન્યૂયોર્ક

વિશ્વભરમાં કોરોનાના ૪૩.૪૨ લાખથી વધારે કેસ નોંધાય ચૂક્યા છે. અત્યાર સુધીમાં ૨.૯૩ લોકોએ જીવ ગુમાવ્યા છે. ૧૬ લાખથી વધારે લોકોને સારવાર પછી રજા અપાઈ છે. અમેરિકામાં ઓગસ્ટ સુધીમાં ૧.૪૭ લાખના મોત થઈ શકે છે. અમેરિકામાં અત્યાર સુધીમાં ૧૪ લાખ ૮ હજારથી વધારે કેસ નોંધાયા છે. જેમાં ૮૩ હજાર ૪૨૫ લોકોએ જીવ ગુમાવ્યા છે. અમેરિકામાં ૯૯.૩૬ લાખ લોકોના ટેસ્ટ કરાયા છે. ૨.૯૩ લાખ લોકોને સારવાર પછી રજા અપાઈ છે. સિએટલ સ્થિત ઈન્સ્ટીટ્યુટ ફોર હેલ્થ મેટ્રિક્સ એન્ડ ઈવેલ્યુએશને બુધવારે કહ્યું છે કે અમેરિકામાં ઓગસ્ટની શરૂઆત સુધીમાં ૧.૪૭ લાખથી વધારે લોકોના મોત થઈ શકે છે. આ પહેલાના અનુમાન કરતા ૧૦ હજાર વધારે છે. ઈજિપ્તમાં કોરોના સંક્રમણના ૩૪૭ નવા કેસ નોંધાતા કુલ કેસ ૧૦ હજાર ૯૩ થયા છે. મંગળવારે ૧૧ લોકોના મોત સાથે મૃત્યુઆંક ૫૪૪ થયો છે. અમેરિકાની કોરોના ટાસ્ક ફોર્સના સભ્ય ડો. એન્થની ફોસીએ અમેરિકાના રાજ્યોમાંથી લોકડાઉનને હટાવવાને લઈને ચેતવણી આપી છે. જો મહામારી કાબૂમાં કરવાની ક્ષમતા વિકસિત કર્યા પહેલા રાજ્યોને રાહત આપવામાં આવશે તો તેના ગંભીર પરિણામ આવશે. અમેરિકાના રાષ્ટ્રપતિ ફરીવાર બિઝનેસ શરૂ કરવા ઈચ્છે છે.

ટ્વિટરે જાહેરાત કરી છે કે તેના કર્મચારી કોરોના મહામારી પછી પણ ઈચ્છે તો હંમેશ માટે ઘરેથી કામ કરી શકશે. ઓફિસ પણ ખુલ્લી રહેશે. પણ અહીં સુરક્ષાનું પૂરતું ધ્યાન રખાશે. ટ્વિટરે કહ્યું હતું કે જો અમારા કર્મચારીઓ ઘરેથી કામ કરવાની સ્થિતિમાં છે અને તેઓ હંમેશાને માટે આવું ઈચ્છે છે તો અમે તેને પૂરું કરવાનો પ્રયાસ કરીશું. અમુક અપવાદોને છોડીને કોઈપણ પ્રકારની બિઝનેસ યાત્રા થશે નહીં. ચીનમાં ૧૫ નવા કેસ નોંધાયા છે. વુહાનના ૧.૧૦ કરોડ લોકોનો ટેસ્ટ કરવાના પ્લાનની જાહેરાત કરી છે. નેપાળમાં ૨૬ નવા કેસ નોંધાવાની સાથે કુલ પોઝિટિવ કેસ ૨૧૭ થયા છે. લેબનાનમાં સંપૂર્ણ લોકડાઉન લેબનાનમાં અત્યાર સુધીમાં ૮૭૦ કેસ નોંધાયા છે અને ૨૬ લોકોના મોત થયા છે.સંક્રમણના ખતરાને ધ્યાનમાં રાખીને સરકારે અહીં સંપૂર્ણ લોકડાઉનની જાહેરાત કરી છે. ચાર દિવસ પહેલા પ્રતિબંધો હટાવ્યા હતા. પરંતુ કેસ વધતા ફરી આ નિર્ણય લેવાયો છે.

આત્મનિર્ભર ભારત માટેના પાંચ સ્તંભ...

પેકેજની જાહેરાત આત્મનિર્ભર ભારતના વિઝનને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે. આ પાંચ સ્તંભ ઈકોનોમિ, ઈન્ફ્રાસ્ટ્રકચર, સિસ્ટમ, ડેમોગ્રાફી અને ડિમાન્ડ છે.

આત્મનિર્ભર ભારત દ્વારા અમે લોકલ બ્રાન્ડને ગ્લોબલ બનાવવા માંગીએ છીએ. આત્મનિર્ભર ભારત માટે ઘણાં પગલા ઉઠાવવામાં આવ્યા. ખેડૂતો, મજૂરોના એકાઉન્ટમાં સીધા જ પૈસા નાખવામાં આવ્યા, જે એક રીતે ક્રાંતિ હતી.પીએમ કિસાન યોજના, ઉજ્જવલા યોજના, સ્વચ્છ ભારત અભિયાન, પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનાઓ દ્વારા સીધા લોકોના બેક ખાતામાં રકમ મોકલવામાં આવી છે. આ યોજનાઓનો ફાયદો ખેડૂતોને મળ્યો છે. જીએસટીથી લઘુ ઉદ્યોગોને મધ્યમ ઉદ્યોગનો ફાયદો મળ્યો છે.

તેમણે આત્મનિર્ભરના અર્થ ચાર ભાષામાં કહી બતાવીને કહ્યું કે દેશને આત્મનિર્ભર બનાવવા માટેનું પેકેજ છે. દેશના વિકાસ માટેનું પેકેજ છે. સ્થાનિક ઉત્પાદનને વિશ્વ સ્તર સુધી લઈ જવાનો નિર્ધાર છે.પેકેજમાં જમીન, શ્રમિક અને નાણાંકિય તરલતા (લેન્ડ,લેબર અને લીક્વીડીટી) પર ભાર મૂકવામાં આવ્યો છે.

શ્રમિક સ્પેશિયલ ટ્રેનમાં તેલંગાણાથી ઝારખંડ આવેલો એક મુસાફર કોરોના પોઝિટિવ

ભારતમાં કોરોના કેસનો આંકડો ૭૪,૨૯૨ પર પહોંચ્યો, મૃત્યુઆંક-૨,૪૧૫

ગાંધીનગર

દેશમાં અત્યાર સુધી સંક્રમિતોનો આંકડો ૭૪,૨૯૨એ પહોંચ્યો છે અને ૨,૪૧૫ લોકોના મોત થયા છે. સાથે જ અત્યાર સુધી ૨૪,૪૫૩ લોકો સારવાર બાદ સાજા થયા છે. દેશમાં સૌથી વધારે ૨૪,૪૨૭ સંક્રમિતો સાથે મહારાષ્ટ્ર પહેલા નંબરે છે અને બીજા નંબરે ગુજરાતમાં સંક્રમિતોની સંખ્યા ૮,૯૦૪ થઈ ગઈ છે. અને હવે તમિલનાડુ ૮,૭૧૮ સંક્રમિતો સાથે ત્રીજા નંબરે આવી ગયું છે. ઝારખંડના સ્વાસ્થ્ય સચિવ નિતિન મદાન કુલકર્ણીએ બુધવારે જણાવ્યું કે, એક વ્યક્તિ જે શ્રમિક સ્પેશ્યલ ટ્રેનમાં સોમવારે રાતે રાંચી પહોંચ્યો હતો. તેનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. આ સાથે જ રાજ્યમાં સંક્રમિતોની સંખ્યા ૧૭૩ થઈ ગઈ છે. શાંઘાઈ સહયોગ સંગઠનની બુધવારે બેઠક છે. જેમાં વિદેશ મંત્રી એસ. જયશંકર સામેલ થશે. જેમાં ખાસ કરીને કોરોના વાઈરસ સામે લડવા અંગે ચર્ચા કરાશે. આ તમામ એક બીજા સાથે વીડિયો કોન્ફરન્સથી જોડાશે.

લોકડાઉનની માઠી અસર,સૌથી વધારે ૭૩ લોકોના મોત ઉત્તરપ્રદેશમાં થયા

અત્યાર સુધીમાં ૪૧૮ લોકોના મોત, સૌથી વધારે ૯૧ લોકોએ આપઘાત કર્યો

નવી દિલ્હી

કોરોના વાઈરસ અંદાજે ૬૦ નેનોમીટરનો છે. એટલે કે એટલો નાનો કે પેનથી બનાવાયેલા એક પોઈન્ટમાં લાખો કોરોના વાઈરસ રહી શકે છે.આવડા નાના વાઈરસે દુનિયાભરમાં ૨.૫ લાખ લોકો કરતા પણ વધારે લોકોના ભોગ લીધા છે. આપણા દેશમાં અત્યાર સુધી ૨૨ હજાર લોકોએ કોરોનાથી હારીને જીવ ગુમાવ્યો છે. પરંતુ આ ૨૨ હજાર લોકો જ નહી, જેમનો જીવ કોરોનાના કારણે ગયો છે. આ ઉપરાંત ૪૧૮ લોકો એવા પણ છે જેમના મોત સંક્રમણથી નહીં પણ લોકડાઉનના કારણે થયા છે. આ આંકડો ૧૧ મે સુધીનો છે. જેનો ડેટા ત્રણ રિસર્ચર કનિકા શર્મા, અમન અને થેજેશે તૈયાર કર્યો છે.

કોરોના ફેલાવથી રોકવા માટે લગાવાયેલા લોકડાઉનમાં ૧૧ મે સુધી ૪૧૮ લોકોના મોત થયા હતા. જેમાંથી સૌથી વધારે ૭૩ લોકોના મોત ઉત્તરપ્રદેશમાં થયા છે. અહીંયા મૃતકો મજૂર હતા અથવા તો આર્થિક તંગીથી હેરાન હતા. યુપી પછી સૌથી વધારે ૫૦ લોકોના મોત મહારાષ્ટ્રમાં થયા છે. જેનું એક કારણ એ પણ હોઈ શકે છે કે મુંબઈમાં પ્રવાસી મજૂરોની સંખ્યા વધારે છે. કામ બંધ થવાના કારણે મોટા ભાગના લોકો મુંબઈથી પોતાના ઘરે જવા માટે નીકળી હયા હતા. પણ રસ્તામાં જ વધારે ચાલવાના કારણે તેમને દમ તોડ્યો હતો

૯૧ લોકો એવા છે, જેમને આપઘાત કરી લીધો એમ કહીને સૂત્રોએ દાખલો આપતાં જણાવ્યું કે ઉત્તરપ્રદેશમાં કિશની નામનું એક શહેર છે. અહીંયા રવિદાસપુરનું એક નાનું ગામડું છે. અહીંયા સત્યમ નામનો એક વ્યક્તિ રહેતો હતો. જે કામ ધંધા માટે જયપુર રહેતો હતો. સત્યમ જયપુરમાં ઈંટની ભટ્ટીમાં મજૂરી કરતો હતો. કોરોનાને કારણ તેની રોજી રોટી છીનવાઈ ગઈ હતી. સત્યમ જયપુરમાં ફસાઈ ગયો હતો. તેણે ઘરે ફોન કરીને કહ્યું , હું પાછો આવી રહ્યો છું ઘરે પણ બધા ખુશ હતા. પણ સત્યમે તેના રૂમમાં ગળા ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. આવા અનેક લોકોએ લોકડાઉનમાં પોતાના જીવનનો અંત આણ્યો છે.

પ્રવાસી મજૂર ઘરે આવવા માટે નીકળ્યા હતા, પણ રસ્તામાં જ અકસ્માતના કારણે મોત થયું હતું. લોકડાઉનની સૌથી ખરાબ અસર જો કોઈની પર પડી રહી છે, તો એ પ્રવાસી મજૂરો પર પડી રહી છે. જ્યાં ફેક્ટરીઓ અને કામ-ધંધા ઠપ થઈ ગયા છે, તો આ મજૂરો તેમના ઘરે તરફ વળી રહ્યા છે. જેમાં ૮૩ મજૂરોના મોત પણ થઈ ગયા છે. ૮ મેના રોજ મહારાષ્ટ્રના ઔરંગાબાદમાં ૧૬ મજૂરોના મોત થયા હતા. આ તમામ મજૂર મધ્યપ્રદેશના હતા. પરંતુ મહારાષ્ટ્રના જાલનામાં સ્ટીલ ફેક્ટરીમાં કામ કરતા હતા. ઔરંગાબાદથી મધ્યપ્રદેશ માટે ઘણી ટ્રેન રવાના થઈ હતી. એટલા માટે આ મજૂરો જાલનાથી ઔરંગાબાદથી મધ્યપ્રદેશ માટે રેલવે ટ્રેકના કિનારે કિનારે નીકળી પડ્યા હતા. ૪૦ કિમી ચાલ્યા બાદ મજૂરો થાકીને રેલવે ટ્રેક પર જ સુઈ ગયા હતા. થોડીક જ વારમાં એક માલગાડી તેમના પર ચડી ગઈ જેમાં ૧૪ મજૂરોના તો ઘટનાસ્થળે જ મોત થયા હતા. અને બે લોકોએ હોસ્પિટલમાં દમ તોડ્યો હતો.આ મજૂરોની જેમ ૨૭ માર્ચે તેલંગાણાના હૈદરાબાદથી એક ટ્રકમાં બેસીને ઘણા મજૂર કર્ણાટક માટે નીકળ્યા હતા. તેમની ગાડીએ સફર શરૂ જ કર્યું હતું કે હૈદરાબાદના પેડ્ડા ગોલકંડાની પાસે જ એક લોરીમાં ટ્રકને ટક્કર મારી દીધી હતી. આનાથી ૮ લોકોના મોત થયા હતા. જેમાં એક ૧૮ મહિનાનું બાળક અને ૯ વર્ષનું બાળક પણ સામેલ હતું.

બેરોજગારીમાં થયેલ ઝડપી વધારાથી પરિવારોની આવકમાં ઘટાડો થયો છે

દેશના એક તૃત્યાંશ પરિવારોને ૧ સપ્તાવહમાં મદદ નહિ મળે તો મોટી સમસ્યા સર્જાશેઃ સીએમઆઈઈનું તારણ

નવી દિલ્હી

દેશમાં લગભગ એક તૃત્યાંશ પરિવારો પાસે હવે ફકત એક અઠવાડીયાનો માલ સામાન રહ્યો છે. ત્યાછર પછી જો તેમને મદદ નહીં મળે તો તેઓ મોટી મુશ્કેલીમાં મૂકાઈ શકે છે. આ વાત સેન્ટેર ફોર મોનીટરીંગ ઈન્ડીયન ઈકોનોમીના હાઉસ હોલ્ડિ સર્વેના આંકડાઓ પર આધારીત એક સર્વેમાં કહેવાઈ છે. પરિવારોની આવક પર લોકડાઉનની અસર અંગેના આ અભ્યાાસના પરિણામો જાહેર કરાયા હતા.જેમાં જાણવા મળ્યુંલ કે લોકડાઉન દરમ્યોન લગભગ ૮૪ ટકા પરિવારોની માસિક આવકમાં ઘટાડો થયો છે. આખા દેશમાં ૩૪ ટકા પરિવારો એ કહ્યું કે વધારાની મદદ વગર તેઓ પોતાની ગાડી એક અઠવાડીયાથી વધારે ખેંચી શકે તેમ નથી. આ અભ્યોસમાં જાણવા મળ્યું કે બેરોજગારીમાં થયેલ ઝડપી વધારાથી પરિવારોની આવકમાં ઘટાડો થયો છે. સીએમઆઈઈના ત્રિમાસિક કન્ઝયુમર પિરામીડસ હાઉસ હોલ્ડે સર્વે અનુસાર, ૨૧ માર્ચે બેરોજગારીનો દર ૭.૪ ટકા હતો જે પાંચ મેના રોજ ૨૫.૫ ટકા થયો છે. દિલ્હીક, પંજાબ અને કર્ણાટકને ઓછી અસર થઈ છે. જયારે બિહાર, હરિયાણા અને ઝારખંડ સૌથી વધુ અસરગ્રસ્તથ રાજયો છે. આ સર્વેમાં એ પણ જાણવા મળ્યું કે શહેરી પરિવારોમાંથી ૬૫ ટકા એ કહ્યું કે તેમની પાસે એક અઠવાડીયા સુધીની પૂરતી સગવડ છે, તો ગ્રામ્યય વિસ્તારોના ૫૪ ટકા લોકોએ પણ એમ કહ્યું છે.

કોરોનાથી ગંભીર રીતે પ્રભાવિત થનારો ૧૨મો દેશ બન્યો ભારત, કેનેડાને પાછળ મૂક્યો

નવી દિલ્હી

ભારત સહિત દુનિયાના તમામ દેશ હાલમાં કોરોના વાયરસ સામે જંગ લડી રહ્યા છે.દેશમાં કોરોનાના કુલ કેસોની સંખ્યા ૭૫ હજારને પાર પહોંચી ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૨૧ લોકોએ જીવ ગુમાવ્યા છે. તેની સાથે જ ભારત કોરોનાથી ગંભીર રીતે પ્રભાવિત થનારો ૧૨મો દેશ બની ગયો છે.

એક અંગ્રેજી અખબારના અહેવાલ મુજબ, ભારતમાં સતત બીજા દિવસે ૨૪ કલાકમાં કોરોનાના સાડા ત્રણ હજારથી વધુ કેસ આવ્યા છે. રાજ્યોથી મળતા આંકડા મુજબ, મંગળવારે કુલ ૩૫૪૩ કેસ રિપોર્ટ થયા છે ભારત વિશ્વમાં સૌથી વધુ કોરોનાની માર સહન કરનારા દેશોની યાદીમાં કેનેડાને પાછળ મૂકીને ૧૨મા સ્થાને આવી ગયું છે. જોકે આ સંખ્યા છેલ્લા બે દિવસની તુલનામાં ઓછી છે.

મોદી સરકારના આર્થિક પેકેજને લઈ કોંગ્રેસમાં ભાગલા અને મતભેદ બહાર આવ્યાં

સીએમ ગહલોત-મિલિંદ દેવરાએ કરી પ્રશંસા, સુરજેવાલા-તિવારીએ કર્યો વિરોધ

ગાંધીનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોના લોકડાઉનમાંથી ભારતના બહાર લાવવા જાહેર કરેલા ૨૦ લાખ કરોડ આર્થિક સહાય પેકેજની જાહેરાતના મુદ્દ વિપક્ષ કોંગ્રેસમાં મતભેદો હોવાનું બહાર આવ્યું છે. કેમ કે મહારાષ્ટ્ર કોંગ્રેસના નેતા મિલિન્દ દેવરાએ રાહત પેકેજને આવકાર આપીને મોદીની પ્રશમસા કરી છે.

કોંગ્રેસના પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ રાહત પેકેજનો વિરોધ કર્યો છે. તેમણે ટ્વિટ કરીને કહ્યું હતું કે, લાખો પ્રવાસી શ્રમિકો પ્રત્યે તમારી અસંવેદનશીલતા અને તેમની તકલીફો દૂર કરવામાં નિષ્ફળતાથી ભારત ખૂબ નિરાશ થયું છે. જ્યારે કોંગ્રેસના એક અન્ય નેતા મનીષ તિવારીએ કહ્યું, પીએમ મોદીએ માત્ર હેડલાઈન બનાવવાની કોશિશ કરી છે. માત્ર નંબર આપ્યા છે, વિવરણ નથી આપ્યું. તેમણે ટ્વિટ કરીને લક્ષ્યું, પીએમ મોદીના ભાષણને એક લાઈનમાં કહેવું હોય તો- હેડલાઈન હંટિંગ ચે. એક સંખ્યા છે વીસ લાખ કરોડ, કોઈ વિવરણ નથી રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે પીએમ મોદી દ્વારા અર્થતંત્રને ઉગારવા માટે જાહેર કરેલા વિશેષ આર્થિક પેકેજનું સ્વાગત કર્યું અને મોડેથી લેવામાં આવેલું યોગ્ય પગલું ગણાવ્યું.

કોરાના વચ્ચે હવે ભોજન સંકટઃ લોકડાઉનમાં ૫૦% ગ્રામિણ ભારતના લોકો ભરપેટ જમતા નથી

૮૪ ટકા લોકોનું કહેવુ છે કે તેમને જાહેર વિતરણ હેઠળ રાશન મળ્યુંઃ ૧૬ ટકાને નથી મળ્યું

નવી દિલ્હી

કોરોના વાયરસ અને લોકડાઉનની દેશભરના શહેર અને ગ્રામીણ વિસ્તારના લોકો પર ભારે અસર થઈ રહી છે. કેટલાક સિવિલ સોસાયટી ઓર્ગેનાઈઝેશન દ્વારા કોરોના વાયરસની અસર સમજવા માટે દેશના ૧૨ રાજયોના ૫૦૦થી વધુ ગ્રામીણ પરિવારોનું સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાં સામે આવ્યું છે કે, ગ્રામીણ વિસ્તારોમાં ૫૦ ટકા લોકો ઓછું જમે છે....!! ૬૮ ટકા પરિવારોએ કહ્યું કે તેઓએ ભોજનમા ખાદ્ય વસ્તુઓમાં ઘટાડો કર્યો છે. ૫૦ ટકા પરિવારોએ દિવસ દરમિયાન જમવાની સંખ્યામાં પણ ઘટાડો કર્યો છે જેમકે જો કોઈ વ્યકિત દિવસ દરમિયાન ૪-૫ વખત જમતો હોય તો તે હવે માત્ર ૨-૩ ટાઈમ જ ભોજન ગ્રહણ કરે છે. આ ઉપરાંત ૨૪ ટકા પરિવારોએ અનાજ ઉધાર લીધું હતું.

સર્વેક્ષણમાં ૮૪% પરિવારોએ જણાવ્યું હતું કે પીડીએસ દ્વારા તેમને રાશન મળ્યું છે, પરંતુ અન્ય કુટુંબો વચિંત રહ્યાં છે. આ અધ્યયનમાં આગામી ખરીફ પાકની સીઝનમાં પીડીએસ અને કેન્દ્ર અને રાજય સરકારો દ્વારા કરવામાં આવેલા રોકાણો પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે બનાવવામાં આવ્યો છે. આ સર્વેક્ષણ ૨૮મી એપ્રિલથી બીજી મે વચ્ચે હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ૧૨ રાજયના ૪૭ જિલ્લા અને તેમા રહેતા ૫૧૬૨ પરિવારોને આવરી લેવામાં આવ્યા છે. સર્વે કરવા માટે સીએસઓ ૧૨ રાજયોમાં પહોંચ્યા હતા જેમાં મધ્યપ્રદેશ, ઝારખંડ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, ઓડિશા, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર, ગુજરાત, બિહાર, આસામ અને કર્ણાટકનો સમાવેશ કરવામાં આવે છે.

આ સર્વેમાં ગ્રામીણ ઘરોમાં બાળકોના શિક્ષણ પર કોવિડની અસર વિશે ચેતવણી આપવામાં આવી છે. આ સર્વેક્ષણ પીઆરએડીએએન દ્વારા એક સહભાગી અભ્યાસ હતો, જે એકશન ફોર સોશિયલ એડવાન્સમેન્ટ, BAIF, ટ્રાન્સફોર્મ રૂરલ ઈન્ડિયા ફાઉન્ડેશન, ગ્રામીણ સહારા, SAATHIUP અને ધ આગાખાન ગ્રામીણ સપોર્ટ પ્રોગ્રામનો વિકાસ અનવેશ ફાઉન્ડેશન અને સંબોધિના સંશોધનના સમર્થનથી પૂર્ણ થયો છે. આ અધ્યયનમાં સર્વેક્ષણ કરતા એક તૃતીયાંશ કરતા વધુ પરિવારોમાં ઝડપથી ઘટી રહેલા સ્ટોક વિશે ચેતવણી આપવામાં આવી છે. લગભગ એક તૃતીયાંશ પરિવારોએ કહ્યું હતું કે તેમનો ખરીફ સ્ટોક ફકત મે-અંત સુધી ચાલશે. સર્વેમાં એ પણ દર્શાવ્યું છે કે એક તૃતીયાંશ પરિવારો પાસે આગામી ખરીફ સીઝન માટે બીજ નથી અને લોન મળવાની પણ અપેક્ષા ઓછી છે.

ઉત્તર કોરિયેએ પણ મોદીની આત્મનિર્ભરતા પર ભાર મૂક્યો હતો

વડાપ્રધાન મોદીના સંબોધનની સરખામણી ઉત્તર કોરિયા સાથે થઈ રહી છે

ગાંધીનગર

દુનિયાભરમાં કોરોના સંક્રમિતો)ની સંખ્યા ૪૩ લાખને પાર થઈ ગઈ છે. ભારત સંક્રમિત દેશોની યાદીમાં ૧૨માં નબર પર છે, જયાં સંક્રમણનો આંકડો ખૂબ ઝડપે વધી રહ્યો છે. આ દરમિયાન પીએમ મોદીએ ૧૨મી મેના રોજ રાષ્ટ્રને સંબોધન કર્યું હતું. પીએમ મોદીના સંબોધન બાદ ટ્વિટર પર તેમની વાતની સરખામણી ઉત્તર કોરિયા સાથે કરવામાં આવી રહી છે. આ માટે એક ત્રેષ્ઠરી શબ્દ પણ આપવામાં આવ્યો. છે. આ ખરેખર ઉત્તર કોરિયન શબ્દ છે. આ શબ્દનો મતલબ શું છે અને પીએમના ભાષણમાં એવું શું હતું.

દ્વેષ્ઠરી એક કોરિયન શબ્દ છે, જેનો મતબલ-આત્મનિર્ભરતા થાય છે. આ મૂળ રીતે કોરિયાની વિચારધારા છે, જે દેશના સ્થાપક દ્વૈદ્વૅંક્ર-જેહન્ન દ્વારા આપવામાં આવી હતી. આનો મતલબ છે દેશને તમામ રીત આત્મનિર્ભર બનાવવો, પછી તે રાજનીતિ હોય, કૃષિ, ઉદ્યોગ કે પછી ફાર્મા ઉદ્યોગ હોય. ઉત્તર કોરિયા એવો દાવો પણ કરે છે કે તે દરેક ક્ષેત્રમાં આત્મનિર્ભર છે. તેને કોઈ પણ ક્ષેત્રમાં કોઈની પણ મદદની જરૂર નથી. પીએમ મોદીએ સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે ૨૦ લાખ કરોડોના આર્થિક પેકેજની જાહેરાત કરીછે. જેનેલઈનેઉત્તર કોરિયાનો શબ્દ ત્રેષ્ઠરી ખૂબ પ્રસિદ્ધ થયો છે. ઉત્તર કોરિયા મેડિસિન ક્ષેત્રમાં પણ કોઈ પર નિર્ભર નથી. એટલે સુધી કે તેનો દાવો છે કે ત્યાં ડૉક્ટરોએ કેન્સર, એડ્સ ઈબોલા અને મર્સ જેવી જીવલેણ બીમારીની સારવાર શોધી લીધી છે.

લોકડાઉનને કારણે લોકોના જીવન જીવવાની પધ્ધતિમાં ફેરફાર નોંધાયો

નવી દિલ્હી

કોરોનાના કહેરથી બચાવવા માટે લાગુ લોકડાઉને ખાન-પાન, અવરજવર, રોજગાર, કામકાજથી લઈને અભ્યાાસ અને મનોરંજન સુધી આપણી જીવનશૈલીની દરેક બાબતો પર અસર કરી છે. આર્થિક દ્રષ્ટિએ જોઈએ તો દુકાન અને કારખાના બંધ હોવાથી રોજ હજારો કરોડનું નુકશાન થયુ, બેરોજગારી ૩ ગણી વધી અને લાખો પ્રવાસી શ્રમિક અકિલા ઔદ્યોગિક વિસ્તાજરોમાં ફસાઈ ગયા છે પરંતુ સામાજિક પક્ષની સકારાત્મ ક બાબતો જોઈએ તો ઓનલાઈન ધોરણો, દીક્ષાંત સમારોહ, વિડીયો કોન્ફરન્સીાગથી સંવાદ અને મનોરંજન માટે વેબસીરીઝ પર નિર્ભરતાથી દેશને આવી કટોકટીની અકીલા સ્થિયતિ માટે તૈયાર રહેવાની તક મળી છે.

જાન હૈ તો જહાન હૈ..ના મુળ મંત્ર ઉપર અમલ કરતા સરકારે જીંદગી બચાવવાને પ્રાથમિકતા આપી છે. જો કે મહારાષ્ટ્રીમાં મુંબઈ, પૂણે, દિલ્હીી, હરીયાણાના ગુરૂગ્રામ, ફરીદાબાદ, યુપીના ગૌતમ બુદ્ધ નગર, ગુજરાતના સુરત જેવા મોટા ઔદ્યોગિક શહેરોમાં બંધથી સરકારને લોકડાઉનમાં રોજ ૪૦ હજાર કરોડનું નુકશાન સહન કરવુ પડયુ છે. ટ્રેન અને વિમાન સેવા બંધ છે. ભારત વિશ્વનો ત્રીજો ઉભરતો દેશ હતો પરંતુ હવે ૧૦મા ક્રમે પણ આવવાનુ મુશ્કેલ છે. રેલ્વેને લગભગ ૨૦,૦૦૦ કરોડનું નુકશાન ૫૦ દિવસમાં થયુ છે. ૯૦ ટકા નાના અને મધ્ય મ ઉદ્યોગો વેતન આપવાની સ્થિલતિમાં નથી. ૫ લાખ મજુરો વતન પહોંચી ગયા છે. જો કે પાછલા કેટલાક વર્ષોની ડીઝીટલ ક્રાંતિનો ભારતને લાભ મળ્યો છે. ઓનલાઈન કામકાજ વધ્યુ છે. જે ૮ ગણુ વધી ગયુ છે. ૫૦ દિવસમાં રેલ્વેંને દર મહિને ૪૫૦૦ કરોડનું નુકશાન થયુ છે. પહેલા રોજ ૧૫૫૨૩ ટ્રેન ચાલતી તેના બદલે હવે ૧ ટકો ચાલે છે. લોકડાઉન પહેલા વાહનોનું વેચાણ શૂન્યજ રહ્યુ છે. આ ગાળા દરમિયાન ભારતનો વિકાસ દર ગગડી ગયો છે. ભારત ૧૦ વર્ષ પહેલાની સ્થિયતિમાં આવી ગયો છે. એરલાઈન્સતને ૬૭૦૦૦ કરોડનું નુકશાન થયુ છે. રોજગારી ઘટી છે. લોકડાઉનના ૫૦ દિવસમાં વેબસીરીઝ જોવાવાળા વધી ગયા, રેડીયો સાંભળનારા વધી ગયા. બે થી ત્રણ કલાક યુવાનો સોશ્યજલ મીડીયા પર રહે છે. આ ઉપરાંત લોકડાઉનમા ગુન્હાક પણ ઘટયા છે. જો કે ઘરેલુ હિંસાના મામલા ૩૦ ટકા વધી ગયા છે.

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા 300/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રે 31st ડિસેમ્બર

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૨૦૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૩૦૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૩૦૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 200
INCOME ILLUSTRATION OF 1 X 5 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	5	20	100	5	95
2	25	10	250	13	238
3	125	5	625	31	594
4	625	5	3125	156	2969
5	3125	5	15625	781	14844
6	15625	5	78125	3906	74219
7	78125	5	390625	19531	371094
8	390625	5	1953125	97656	1855469
TOTAL EARNING :					2319520

Note : This illustration is based on assumption that every Member makes 5 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો રૂા. ૧૫૦૦ની MRPનું નેગેટીવ આયર્ન બ્રેસલેટ ફ્રી ગીફ્ટમાં મળશે

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૩૦૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી લેખ

લોકડાઉનઃ સાપે છછુંદર ગળ્યા જેવી સરકારની સ્થિતિ

કેન્દ્ર સરકાર હોય કે રાજ્ય સરકાર કોરોનાએ તમામ સરકારોની હાલત સાપે છછુંદર ગળ્યા જેવી કરી નાખી છે. એમાંય ખાસ કરીને કેન્દ્રની હાલત તો ઓર ખરાબ છે. શરૂઆતમાં જે રીતે કેન્દ્ર સરકારે કોઈને પણ પૂછ્યા વિના, રાજ્ય સરકારો સાથે ચર્ચા કર્યા વિના લોકડાઉનની જાહેરાત કરી નાખી હતી તે હવે તેમને ભારે પડી રહી છે. દેશના તમામ રાજ્યોના વિવિધ મુખ્ય પ્રધાનનો મત લોકડાઉનના મુદ્દે અલગ અલગ આવી રહ્યો છે. કેન્દ્ર સરકાર પણ નક્કી નથી કરી શકી કે ખરેખર શું કરવું જોઈએ. ખરેખર તો કોરોનાને મુદ્દે કોઈ પાસે સાચી કોઈ હકકીત છે જ નહીં, આપણે કોરોનાને અંગે એટલું જ જાણીએ છીએ કે આપણે કંઈ જ જાણતા નથી. આ વાત સરકારને પણ લાગુ પડે છે. એટલે જ આડેધડ નિર્ણય લેવાઈ રહ્યા છે. જનતાને એટલો બધો વાંધો નથી પરંતુ સરકારની હાલત કફોડી થઈ રહી છે. આ લખાય છે ત્યાં સુધી મોદીએ રાષ્ટ્રજોગ પ્રવચન આપ્યું નથી. જો લોકડાઉન લંબાવે તો ભૂખમરો, બેરોજગારી જેવા બીજા શત્રુઓ રાહ જોઈને ઊભા છે અને લોકડાઉન સમાપ્ત કરવાની જાહેરાત થાય તો કોરોના પોતાનો બાહુપાશ લંબાવીને બેઠો છે. બંનેય નિર્ણય લેવામાં સરકારને તો હાનિ જ છે. વિશ્વવના અનેક દેશોમાં જ્યાં લોકડાઉન લાગુ પાડવામાં આવ્યું હતુ ત્યાં ધીમે ધીમે લોકડાઉન હટાવાઈ રહ્યું છે યા તો હળવું કરવામાં આવી રહ્યું છે, કેમ કે લોકડાઉન એ કોરોનાનો કાયમી ઉપાય નથી, એ તો વળી કોરોના કરતાં પણ વધુ ઘાતક છે, કેમ કે કોરોના તો જેને થાય તેને હેરાન કરે લોકડાઉન તો સમગ્ર દેશને બરબાદ કરી દે તેમ છે. દાયકાઓ પહેલાં જે રોગ જીવલેણ અને અસાધ્ય ગણાતા હતા તેને નાબૂદ કરવામાં, તેવા રોગનો હાઉ દૂર કરવામાં આપણે સફળ થયા છીએ એ જ રીતે કોરોનાને પણ હરાવવામાં આપણે સફળ થશું, પરંતુ એ માટે સમય લાગશે, કેટલો એ નક્કી નથી ત્યારે લોકડાઉન હટાવી કોરોના સાથે કેમ જીવવું એ માર્ગ કાઢવો જરૂરી છે. એ માટે આપણે સાવધ રહેવું જરૂરી છે. સરકાર એક હદથી વધુ કંઈ કરી શકે તેમ નથી. આપણી ચારે બાજુ જોઈએ તો અંધાધૂંધી ફેલાયેલી જ છે. પોલીસથી માંડીને ડોકટરોને પણ આ રોગ થયો છે ત્યારે માત્ર આપણી અને આપણી સાવધાની જ આપણને બચાવી શકે તેમ છે. સરકાર તો માત્ર હવે મૂક પ્રેક્ષક તરીકે જ રહેશે, જે કરવાનું છે એ આપણે કરવાનું છે. આપણે ખૂદ સ્વસ્થ રહીને બીજાની સંભાળ રાખવાની જવાબદારી નિભાવવાની છે. કોરોનાની લડાઈ સામે સરકાર ઢીલી પડી રહી છે ત્યારે જનતાએ આ લડાઈ લડવાની છે અને માત્ર લડવાની નથી જીતવાની પણ છે. આપણે કેમ ઓછી ખુવારી થાય અને સમગ્ર દેશને બચાવી શકીએ તેવી રાહ અપનાવવાની છે. સૌપ્રથમ આપણે અર્થતંત્રની ગાડી પાટે ચઢાવવાની છે કેમ કે એક પરિવારમાં જો એક પણ જણ કમાતો હશે તો કોરોના સામે લડવાની હિંમત એ સમગ્ર પરિવારમાં રહેશે. અત્યારે લોકોને કોરોના કરતા પોતાની નોકરીની ચિંતા વધુ સતાવી રહી છે, જો એમ ન હોત તો પોલીસના અને પ્રશાસનના ડર છતાં કેટલાય લોકો ચોરી છુપે પોતાનો વ્યવસાય ચલાવી રહ્યા છે, તેમને પણ કોરોનાનો ભય સતાવતો હશે, પરંતુ એ પહેલા તેને પોતાના પરિવારની જવાબદારી વધુ મહત્ત્વની લાગતી હશે. બસ આ રીતે જ આપણે પણ કોરોનાની સામેની કોરોનાની સાથે લડાઈ લડવાની છે. એ પણ આપણી નોકરી, વ્યવસાય બચાવીને અને સાથે સાથે આપણે સ્વસ્થ રહી આપણા બીજા દેશવાસી જે આપણાથી થોડાક નબળા હોય તો તેને પણ સાચવવાના છે. લોકડાઉન હટાવાય કે લાગુ પાડવામાં આવે આપણે આપણી ફરજ પૂરી ઈમાનદારીથી નિભાવવાની છે. સરકારો પરનો ભરોસો હવે વધુ લાંબો સમય ટકી શકે તેમ નથી કેમ કે સરકાર પોતે પણ મૂંઝાયેલી છે.

માણસ એકલો દુખી થઈ શકે પણ એકલો સુખી થઈ શકે નહીં

આપણે તમામ એવા રસ્તાઓ ઉપર દોડી રહ્યા છીએ સંભવ છે તમારે જે જોઈતુ હતું, તે બધુ જ તમે મેળવી લીધુ છે. કદાચ થોડુક વધારે મેળવવાની દિશામાં તમે આગળ વધી રહ્યા, કદાચ તમારા સ્વપ્નાઓની ખુબ નજીક છો પણ આ સફર દરમિયાન કયારેય તમે થોડીક ક્ષણો રોકાઈ તમારી સાથે વાત કરી છે, જો તેવો પ્રયત્ન કરશો તો તમને સમજાઈ જશો કે તમે એકલા પડી ગયા છો. આપણે બધા એક જ તરફ એટલા માટે દોડી રહ્યા છીએ આપણે જે દિશામાં દોડી રહ્યા છીએ તે દિશામાં આપણી પહેલા દોડનારને આપણે સમૃધ્ધ થતાં જ એટલે આપણે પણ માની લીધુ કે સુખનું સરનામુ કદાચ ત્યાં જ છે.

હાલમાં લોકડાઉન ચાલી રહ્યુ છે, માણસ પાસે એકલા બેસવાનો ખુબ સમય છે, પણ આ દરમિયાન મેં અનેક લોકોને વાત કરતા સાંભળ્યા છે તેઓ કહે છે બહું કંટાળો આવી રહ્યો, તેઓ એવુ માને છે કે લોકડાઉન છે અને કામ ધંધા ઉપર જતા નથી માટે કંટાળો આવે છે, પણ ખરેખર તેવુ નથી, આપણે જેને સુખ-સમૃધ્ધી અને મોભો માનતા હતા, આ બધુ મેળવવા માટે જે આપણા પોતાના હતા, તેમાં આપણા સગા,મિત્રો,સાથીઓ વગેરે અનેક જેમની યાદી બહુ લાંબી છે, તેઓને આપણે ક્રમશ છોડતા ગયા, કારણ આપણે આગળ દોડવુ હતું અને આગળ જવામાં આપણે પોતાનાને છોડતા ગયા,સંભવ છે આજે તમારી પાસે તમે જેની કલ્પના અને અપેક્ષા રાખી હતી, તે બધુ જ આવી ગયુ, પણ આજે તે સુખ જોવા માટે પોતાના પાસે નથી, માણસ એકલો દુખી થઈ શકે પણ એકલો સુખી થઈ શકે નહીં, માણસ જયારે પણ સુખનો અહેસાસ કરવા માગે ત્યારે પોતાનાઓનું નજીક હોવુ જરૂરી હોય છે.

પણ આપણે સંપતી-સમૃધ્ધી -સત્તા તો મળવી લીધા પછી આપણને સુખ મળવાને બદલે આપણને કોઈક ભાર લાગી રહ્યો છે તેનું કારણ આપણી પાસે જયારે કઈ ન્હોતુ,ત્યારે આપણા ચહેરા ઉપર કોઈ ચહેરો ન્હોતો, પણ સત્તા-સમૃધ્ધી-પ્રસિધ્ધી-સત્તા અને સંપત્તી માટે આપણા મુળ ચહેરા ઉપર એક પછી એક નવા ચહેરાઓ ચઢવા લાગ્યા, આપણે દરેક જગ્યાએ અલગ અલગ વ્યવહાર કરવા લાગ્યા, આપણે વર્ષો સુધી આવુ કરતા રહ્યા, આપણા પદ આપણી સંપત્તી, અને સમૃધ્ધીને અનુકુળ આવતા લોકો વચ્ચે રહેવા લાગ્યા,પણ આપણી ભુલી ગયા કે જેમના વચ્ચે આપણે જીવીએ છીએ તે આપણા નથી.

આપણને કયારેક સંપત્તીનો મદ છે,તો કયારેક આપણી હોશીયારીનો તો કયારેક આપણી સત્તા,પણ રોકાઈને પાછળ જુઓ તો આપણે પહેલા આવા ન્હોતા, પણ આપણા ચહેરાઓ ઉપર ચઢી રહેલા રોજ નવા ચહેરાઓએ આપણને આવા બનાવી દીધા છે, લોકડાઉન એવો સમય છે કે જયારે તમારી પાસે સંપત્તી હોવા છતાં જે સંપત્તીઓવાન વચ્ચે તમે જીવી રહ્યા હતા તેઓ હવે તમને મળતા નથી, કદાચ તમારે હાલમાં એવી વ્યકિતઓ વચ્ચે રહેવુ પડે છે જેમની પાસે તમારી સરખામણીમાં બહુ ઓછુ છે, તમે પોતાને પોતાના ક્ષેત્રમાં બહુ અવલ્લ હતા,જેના કારણે તમે સામાન્ય માણસો સાથેનો નાતો તોડી નાખ્યો હતો, હવે તમારે રોજ સામાન્ય માણસો સાથે પનારો પડે છે. જેના કારણે હવે તમે કંટાળો આવી રહ્યો છે તેવી ફરિયાદ કરો છો.

તમારા ચહેરા ઉપર રહેલા અનેક ચહેરાઓ -તમારી સંપત્તી -સત્તા અને હોશીયારીનો ભાર લાગવા લાગ્યો છે કારણ અનેક ચહેરાઓ સાથે તમે સહજ જીંદગી જીવી શકતા નથી,બીજા તમારે માટે શુ વિચારે છે અથવા વિચારી શકે તેના આધારે તમે તમારી જીંદગીના માપદંડ નક્કી કર્યા છે,આમ તમે જ તમારી જીંદગીને ગુંચવી નાખી છે, પહેલા જેવા તમે સરળ હતા,તેવા રહ્યા નથી,તમારો અસલી ચહેરો જાહેર થાય નહીં તે માટે તમારે રોજ એક નવા ચહેરાનો મેકઅપ કરવો પડે છે, તેના કારણે તમારે મન થાકી ગયુ છે, આ ઉત્તમ સમય મળ્યો છે એકલા બેસવાનો અને પોતાની સાથે વાત કરવાનો, પોતાને પુછજો તમે પહેલા આવા ન્હોતા તો આવા કેવી રીતે થઈ ગયા, બને તો પહેલા હતા તેવા થવાનો પ્રયત્ન કરજો.

સિવિલની ઘોર બેદરકારીઃ વ્યક્તિના મૃત્યુના ૯ દિવસ બાદ પર પરિવાર ન કરાઈ જાણ

કોંગ્રેસ નેતા અર્જુનભાઈ મોઢવાડિયાએ રાજ્ય સરકાર પર કર્યા આક્ષેપ

અમદાવાદ

અમદાવાદ સિવિલની વધુ એક વખત બેદરકારી સામે આવી છે. પોરબંદર કોંગ્રેસના શહેર મંત્રી પ્રવિણ બરીદુન સિવિલમાંથી ગુમ થયા હતા. મહત્વનું છે કે કેન્સરની સારવાર માટે પ્રવિણ બરીદુનને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા પરંતુ પરિવારને વારંવાર પૂછપરછ કરતા તેઓને જાણ કરાઈ નહોતી. ત્યારે હવે દર્દીના મોતના ૯ દિવસ બાદ તેમના મૃત્યુની વિગત સામે આવી છે. સમગ્ર મામલો સામે આવતા સુપ્રિન્ટેન્ડેન્ટે મૃત્યુની પુષ્ટી કરી છે.

૫ મેના રોજ પ્રવિણભાઈ કેન્સરની સારવાર માટે હોસ્પિટલમાં દાખલ થયા હતા. આઈસોલેશન વોર્ડમાં ટ્રાન્સફર કરાયા બાદ દર્દી ગાયબ થયા હતા. આઈસોલેશનમાં દાખલ કરાયા બાદ પરિવારનો તેમનાથી સંપર્ક કપાયો હતો. ૮ દિવસથી દર્દી હોસ્પિટલમાં ન હોવાના પરિવારના આક્ષેપ બાદ સિવિલ તંત્ર સફાળુ જાગ્યુ હતું. જેમાં પહેલા તો જેમ સામાન્ય લોકોને કરે છે તેમ હોસ્પિટલ તંત્ર પાસે દર્દીને લઈને કોઈ જવાબ ન હતો. પરંતુ અર્જૂન મોઢવાડિયાએ હોસ્પિટલ તંત્ર સામે સવાલ ઉઠાવ્યા બાદ તંત્ર દોડ્યું થયું હતું. કોંગ્રેસ નેતા અર્જુન મોઢવાડીયાએ અમદાવાદની સિવિલ હોસ્પિટલના તંત્ર તથા આરોગ્ય વિભાગની બેદરકારી અંગે રાજ્ય સરકાર પર ગંભીર આક્ષેપો કર્યા હતા. અમદાવાદ સિવિલ હોસ્પીટલમાં પોરબંદરના ખારવા સમાજના અગ્રણી ગળાના કેન્સરની સારવાર માટે દાખલ થયા હતા. પરંતુ હોસ્પીટલ સ્ટાફ દ્વારા તેમને પ્રથમ કોરોના ટેસ્ટ કરાવવાનું કહેવામાં આવતા ટેસ્ટ માટે લઈ જવાયા બાદથી તેમનો કોઈ અતોપતો નથી. પુત્ર દ્વારા આ અંગે પૂછવામાં આવતા રિપોર્ટ અંગેની જાણ કરવામાં આવશે તેમ કહી વધુ કોઈ માહિતી આપવામાં આવી ન હતી. થોડા દિવસો બાદ તંત્ર દ્વારા નેગેટીવ રિપોર્ટ આવ્યો છે તેમ જણાવવામાં આવ્યું હતું પરંતુ દર્દીની હાલત શું છે, તેમને ક્યા દાખલ કર્યા છે તે અંગે કોઈ જાણકારી અપાઈ નહી.



હાલમાં વિશ્વમાં ચાલી રહેલ કોરોના (કોવીડ-૧૯) વૈશ્વિક મહામારી ના કારણે સમગ્ર દેશમાં લોક ડાઉન ચાલી રહેલ છે. જેમાં શરતોને આધિન નાના-મોટી ફેકટરીઓ શરૂ કરવાની સરકારશ્રી દ્વારા છૂટછાટ આપવામાં આવેલ. પોલીસ અધિક્ષક શ્રી મનીષ સિંહ મહેસાણા દ્વારા કડી-નંદાસણના ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારની ફેકટરીઓમાં કામ કરતા શ્રમીકોને ફેકટરીઓ પર આવવા જવા માટે કોઈપણ પ્રકારની અગવડતા ન પડે તે માટે આજરોજ તા.૧૩/૦૫/૨૦૨૦ ના કલાક ૦૬/૦૦ થી ૧૧/૦૦ સુધી કડી તથા નંદાસણ વિસ્તારમાં આવેલ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં કોમ્બીંગ કરવામાં આવેલ. કોમ્બીંગ દરમ્યાન શ્રમીકોના નાના-મોટા પ્રશ્નોના પણ નિરાકરણ લાવવામાં આવેલ અને ફેકટરીઓમાં લોકડાઉનના સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ સોશીયલ ડીસ્ટન્સના નિયમોનુ પુરતુ પાલન થાય છે કે નહી તે અંગે પણ ખાત્રી કરવામાં આવેલ. આ કોમ્બીંગ દરમ્યાન નાયબ પોલીસ અધીક્ષકશ્રી-૨,એલ.સી.બી. અને એસ.ઓ.જી. તથા સ્થાનીક પોલીસ સ્ટેશનના પો.ઈન્સ સહિત પો.ઈન્સ.-૦૬., પો.સબ ઈન્સ.-૧૩ પોલીસ સ્ટાફ સહિત કુલ ૧૦૦ પોલીસના માણસો દ્વારા અલગ અલગ ટીમો બનાવી કોમ્બીંગ કરવામાં આવેલ હતુ.

વડાપ્રધાન મોદીના પેકેજને સાંસદ સભ્ય પૂનમ માડમે મહાસંકટમાં કવચ સમાન ગણાવ્યું

જામનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રના ધંધા-ઉદ્યોગ-રોજગાર માટે રૂપિયા ૨૦ લાખ કરોડનું પેકેજ જાહેર કરતા જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના સાંસદ સભ્ય પૂનમ માડમે મોદી સાહેબનો ખુબ ખુબ આભાર વ્યક્ત કરી આ પેકેજને હાલના મહાસંકટમાં કવચ સમાન ગણાવી જનકલ્યાણકારી નિર્ણય બદલ કેન્દ્ર સરકારનો પણ આભાર વ્યક્ત કર્યો છે. ભારતના દીર્ઘદૃષ્ટા વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા "આત્મનિર્ભર ભારત" માટે જાહેર કરાયેલું ૨૦ લાખ કરોડ રૂપિયાનું આર્થિક પેકેજ સમગ્ર ભારતીયો માટે કોરોના મહાસંકટના કહેરમાં આર્થિક કવચ સમાન બની રહેશે તેમ સંસદ સભ્ય પૂનમબેન માડમે જણાવીને આ નોંધપાત્ર પેકેજ ભારતના અર્થતંત્રમાં પ્રાણ પુરનારૂં ગણાવ્યું છે.આ ઉપરાંત દરેક સ્તરના ઉદ્યોગો માટે ગતિશીલતા લાવનારૂં આ પેકેજ રાષ્ટ્રને પ્રગતિ સાથે વિકાસની ગતિ ઉપર લઈ જનારૂં ગણાવી સંસદ સભ્ય પૂનમબેન માડમે આ જનકલ્યાણકારી નિર્ણય લેવા બદલ કેન્દ્ર સરકારનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો છે. આ સાથે સાથે આ આર્થિક પેકેજ સમાજના દરેક વર્ગને સબળ તેમજ ભારતને આત્મનિર્ભર બનાવવાના ઉદેશ્ય સાથે મહત્વના કદમ સમાન હોઈ, સાંસદ પૂનમબેન માડમે, વડાપ્રધાન મોદીનો ફરીથી આભાર વ્યક્ત કર્યો હતો.

વિમલ પાન મસાલાના પાઉચ નંગ ૫૦૦ તથા V-૧ તંબાકુના પાઉચ નંગ ૧૦૦ તથા એક ફોરવ્હીલ ગાડી મળી કુલ્લે ૧,૭૬,૪૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરતી અંકલેશ્વર શહેર પોલીસ

અંકલેશ્વર



પોલીસ મહાનિરીક્ષક શ્રી અભયસિંહ ચુડાસમા સાહેબ તથા ભરૂચ પોલીસ અધિક્ષક શ્રી રાજેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ નાઓ તરફથી જીલ્લામાં બનતા નોવેલ કોરોના વાયરસ ફેલાવ અટકાવવા સારૂ જીલ્લા કલેક્ટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ શ્રી ભરૂચ તરફથી બહાર પાડવામાં આવેલ જાહેરનામાની સી.આર. પી.સી કલમ ૧૪૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ ૪૩ મુજબનો ભંગ કરતા ઈસમોને શોધી કાઢવા તથા દારૂ/જુગાર તથા પાન મસાલાની થતી હેરફેર રોકવા સારૂ સુચના કરેલ છે અનુસંધાને નાયબ પોલીસ અધિક્ષક શ્રી ચીરાગ દેસાઈ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સપેક્ટર ઓ. પી. સિસોદિયા નાઓની સુચના મુજબ વિગતઃ- આજરોજ યુ.પોલીસ સબ ઈન્સ્પેક્ટર વી.આર.હુમ્મર તથા બીજા સ્ટાફના પોલીસ માણસો સાથે અંકલેશ્વર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ગોલ્ડન બ્રીજના દક્ષિણ છેડેના પોઈન્ટ ઉપર વાહન ચેકીંગમાં હતા તે દરમ્યાન ગડખોડા પાટીયા તરફથી એક ફોર વહીલ સેટ્રો ગાડી આવતા તેને રોકી પુછપરછ કરતા (૧) મહમદ સોહીલ બસીરભાઈ રાજ રહે. બુમરીયા રેસીડન્સી,સીવીલ લાઈન્સ રોડ,કાળી તલાવડી,ભરૂચ તા.જી. ભરૂચના હોવાનું જણાવેલ જેઓની ગાડીમા ચેક કરતા ગાડીમાંથી વિમલ પાન મસાલાના નાનામોટા પાઉચ નંગ ૫૦૦ તથા ફ-૧ તંબાકુના પાઉચ નંગ ૧૦૦ મળી કુલ કિ. રૂ. ૭૬,૪૦૦/- તથા એક સેન્ટ્રો ગાડી નંબર GJ-05-CF-૫૩૦૫ જેની કિ.રૂ. ૧,૦૦,૦૦૦/ગણી કુલ્લે મુદામાલ કિ.રૂ. ૧,૭૬,૪૦૦/- મળી આવેલ હોય અને જાહેરનામા અમલવારીનો ભંગ કરેલ હોય તેઓ વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે. **કામગીરી કરનાર અધિકારી/કર્મચારીના નામ** પોલીસ ઈન્સપેક્ટર ઓ. પી. સીસોદિયાનાઓની સુચના મુજબ વુપો.સ.ઈ વી. આર. હુમ્મર તથા હે.કો. યુવરાજસિંહ ભરતસિંહ, પો.કો માવજીભાઈ ૯જી નાગજીભાઈ, પો.કો ઉપેન્દ્રભાઈ કાંતીભાઈ નાઓ મારફતે કરવામા આવેલ છે.

ડોક્ટરોની બેદરકારીઃ બનાસકાંઠાના ડીસામાં સારવાર ન મળતા એક યુવાને ગુમાવ્યો જીવ

બનાસકાંઠા

ડીસાના મોચીવાસ વિસ્તારમાં રહેતા પ્રકાશ સોલંકી નામના ૩૮ વર્ષીય યુવકને બુધવારે વહેલી સવારે પેટમાં દુખાવો ઉપડતાં તેના પરિવારજનો તેને લઈને ડીસાની સરકારી હોસ્પિટલમાં પહોંચ્યા હતા. જો કે આ લોકો વિસ્તાર કન્ટેન્ટમેન્ટ એરિયામાં આવતો હોવાના કારણે સિવિલ હોસ્પિટલમાં હાજર રહેલા સ્ટાફે તેની સારવાર કરવાની ના પાડી દીધી હતી. જેથી આ યુવકનો પરિવાર તેને લઈને ડૉ. ભરત મકવાણાની હૉસ્પીટલમાં પહોંચ્યો હતો. પરંતુ ત્યાં પણ તબીબે કોઈ જ સારવાર ન કરતા અન્ય એક ખાનગી હોસ્પિટલમાં ડૉક્ટર રવિ પટેલને ત્યાં પહોંચ્યા હતા. પરંતુ ત્યાં પણ સારવાર મળી ન હતી.

આ પરિવાર જેજે હોસ્પિટલમાં ગયા ત્યાના હાજર રહેલા તબીબો કે સ્ટાફે કન્ટેન્ટમેન્ટ એરિયો આવતો હોવાના કારણે સારવાર કરવાનો ઈંકાર કર્યો હતો, જેના કારણે ત્રણ-ત્રણ કલાક સુધી એક હોસ્પિટલથી બીજી હોસ્પિટલમાં રજળવા કારણે અને સારવાર ન મળવાને કારણે આ યુવકે રસ્તામાં દમ તોડી દીધો હતો.

બનાસકાંઠા જિલ્લા કલેક્ટર અઠવાડિયા અગાઉ જ તમામ ખાનગી હોસ્પિટલો ચાલુ રાખવા અને હોસ્પિટલમાં આવતા દર્દીઓની સારવાર કરવા માટે સૂચના આપી હતી અને જો દર્દીઓની સારવાર ન કરી અથવા તો બેદરકારી દખાવી તો તે હોસ્પિટલનું રજિસ્ટ્રેશન રદ કરવા સુધીની પણ ચીમકી ઉચ્ચારી હતી.તેમ છતાં આ પીડાદારક યુવકને ડીસાની કોઈ જ ખાનગી હોસ્પિટલમાં સારવાર ન મળતા આખરે આ યુવકનું મોત થયું છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના આસિસ્ટન્ટ કમિશનરે પ્લાઝમા કર્યું ડોનેટ

અમદાવાદ

મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફરજ બજાવતાં આસિસ્ટન્ટ કમિશનર દેવેન ભટ્ટએ પ્લાઝમા ડોનેટ કર્યું છે. ગયા મહિને દેવેન ભટ્ટનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો. બે દિવસ તેઓ એસવીપી હોસ્પિટલમાં રહ્યા હતા, બાદમાં સમરસ હોસ્ટેલમાં પોઝિટિવ દર્દીઓની સેવામાં લાગી ગયા હતાં. ચાંદલોડિયા અને ઘાટલોડિયા વોર્ડની જવાબદારી નિભાવતા દેવેન ભટ્ટે મંગળવારે પ્લાઝમા ડોનેટ કર્યા હતા. અત્યાર સુધીમાં ૧૦થી વધુ લોકોએ પ્લાઝમા ડોનેટ કર્યા છે.

શહેરમાં ૧૧મેની સાંજથી ૧૨મેની સાંજ સુધીમાં કોરોનાના ૨૬૭ નવા કેસ સામે આવ્યા છે અને ૨૧ના મોત થયા છે જ્યારે ૩૯૨ દર્દી ડિસ્ચાર્જ થયા છે. આમ અત્યાર સુધીમાં ૬,૩૫૩ કેસો અને મૃત્યુઆંક ૪૨૧ થયો છે. જ્યારે ૧૮૭૪ દર્દી સાજા થઈને ઘરે પરત ફર્યા છે.

શહેરમાં ૧૫ મેના રોજ શાકભાજી-કરિયાણાની દુકાનો અને અનાજ દળવાની ઘંટીઓ ખુલશે

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો શાકભાજી અને દુકાનો ખોલવા મામલે સૌથી મોટો નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં ૧૫મે પછી શાકભાજી, કરિયાણાની દુકાનો અને અનાજ દળવાની ઘંટી શરતોને આધીન ખોલવા દેવાનો નિર્ણય લીધો છે. આ દુકાનો સવારે ૮ વાગ્યાથી બપોરના ૩ વાગ્યા સુધી ખોલી શકાશે.

ધોની ચોક્કસપણે મારા કરતા વધારે કુલ પણ ગુસ્સો તો એ પણ કરે છે: ગૌતમ ગંભીર



નવી દિલ્હી

ભારતીય ટીમના પૂર્વ કેપ્ટન ધોની માટે કહેવામાં આવ્યું છે કે તે હંમેશા મેદાન પર શાંત રહે છે અને ગુસ્સો ખૂબ ઓછો કરે છે. આવી સ્થિતિમાં પૂર્વ દિગ્ગજ ગૌતમ ગંભીરે ધોની વિશે નિવેદન આપ્યું છે અને કહ્યું છે કે ધોનીને ગુસ્સો આવે છે. ગંભીરે કહ્યું છે કે તે એક માનવી છે અને તે પણ રિએક્શન આપે છે. આ શોમાં, ગંભીર ધોનીના ગુસ્સો વિશે વાત કરી અને કહ્યું હતું કે ૨૦૦૭ ના વર્લ્ડ કપ દરમિયાન મેં તેને ગુસ્સો કરતા જોયો છે. ગંભીરે વધુમાં કહ્યું કે, સીએસકેની મેચ દરમિયાન પણ જો કોઈ ખેલાડી કેચ છોડી દે અને સારી ફિલ્ડીંગ ન કરે તો તે પોતાની નારાજગી બતાવે છે. આવું કરવું ખોટું કામ નથી.

ગંભીરએ વધુમાં કહ્યું કે, ધોની ચોક્કસપણે મારા કરતા વધારે કુલ છે. આઈપીએલ ૨૦૧૯ દરમિયાન એક ઘટના બની હતી જ્યારે રાજસ્થાન રોયલ્સ મેચ દરમિયાન અમ્પાયરે નો બોલનો નિર્ણય બદલ્યો હતો, ત્યારબાદ ધોની પોતે મેદાન પર આવ્યો હતો અને નારાજગી વ્યક્ત કરી હતી.આ ઉપરાંત વર્ષ ૨૦૧૮ માં દક્ષિણ આફ્રિકા સામે રમાયેલી ટી -૨૦ મેચ દરમિયાન બેટિંગ કરતી વખતે ધોની નોન સ્ટ્રાઇક પર ઉભા રહીને મનીષ પાંડે પર ગુસ્સો કરતા જોવા મળ્યો હતો. તે મેચમાં ધોનીએ પાંડેને ઠપકો આપ્યો હતો અને કહ્યું હતું કે ત્યાં શું જોઈ રહ્યો છે અહીંયા જો. આ શોમાં ઇરફાન પઠાણે પણ ધોનીના ક્રોધ વિશે વાત કરી હતી અને કહ્યું હતું કે ૨૦૦૭ માં પ્રેક્ટિસ મેચ દરમિયાન ધોની ગુસ્સે થયો હતો. ઇરફાને કહ્યું કે પ્રેક્ટિસ મેચમાં ધોનીને આઉટ કરવામાં આવ્યો ત્યારે તે ગુસ્સે થયો હતો, ધોનીને લાગ્યું કે તે નોટ આઉટ નથી, આ સ્થિતિમાં તેણે પોતાનું બેટ ફેંકી અને ડ્રેસિંગ રૂમ તરફ ગયો, બાદમાં ધોની થોડા સમય માટે ત્યાં હતો. પછી પ્રેક્ટિસ કરવા માટે આવ્યા હતા.

જો આઇપીએલ રદ થાય તો BCCIને થશે ચાર હજાર કરોડનું જંગી નુકસાન



નવી દિલ્હી

કોરોના વાયરસને પગલે હાલમાં સમગ્ર વિશ્વમાં ક્રિકેટ બંધ થઈ ગયું છે ત્યારે આ સિઝનની ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટ અંગે અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે. આ સંજોગોમાં ભારતીય ક્રિકેટ બોર્ડના ટ્રેઝરર અરુણ ધુમાલે જણાવ્યું હતું કે આ વખતે જો આઇપીએલ યોજાશે નહીં તો બોર્ડને ચાર હજાર કરોડનું જંગી નુકસાન થશે. અરુણ ધુમાલે આ સાથે એમ પણ ઉમેર્યું હતું કે ભવિષ્યમાં બીસીસીઆઈ દ્વારા વધુને વધુ દ્વિપક્ષીય સિરીઝનું આયોજન કરાશે જે આઈસીસીની ઈવેન્ટ કરતાં વધારે આવક રળી આપનારી સિરીઝ બની જતી હોય છે. કોરોનાને કારણે પેદા થયેલી વૈશ્વિક આર્થિક કટોકટીમાં નાણાં રળી આપતી આઈપીએ જેવી ધનાઢ્ય લીગ લગભગ રદ થવાને આરે છે તેમ છતાં કોઈ બોર્ડ સુરક્ષિત હોવાનો દાવો કરી શકે તેમ હોય તો તે બીસીસીઆઈ છે.

વાસ્તવિકતા એ છે કે ભારતીય ક્રિકેટ બોર્ડે તેના નાણા ફિક્સ ડિપોઝિટમાં રાખેલા છે જ્યારે ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડ તેની મૂડી ઇક્વિટી માર્કેટમાં રોકતું આવ્યું છે. આમ છતાં આઇપીએલમાંથી આવતી રકમ ઘણી મોટી હોય છે અને આ નુકસાનની તૈયારી રાખવાની હોય છે. ધુમાલે જણાવ્યું હતું કે એક અંદાજ મુજબ આ વખતે આઇપીએલ રમાય નહીં તો બોર્ડને ૪૦૧૯ કરોડ રૂપિયાનું નુકસાન જશે.

રમિઝ રાજાની આઈસીસી પાસેથી મોટી માંગ

ફિક્સિંગ બંધ કરવા માટે લાઇ ડિટેક્ટર ટેસ્ટ કરાવવો જોઈએ

નવી દિલ્હી

મેચ ફિક્સિંગે ક્રિકેટને એક વખત નહીં પરંતુ અનેક વખત કલંકિત કર્યા છે. સોમવારે અફઘાનિસ્તાનના બેટ્સમેન શફીકુલ્લા શફાકને ફિક્સિંગના કારણે છ વર્ષ માટે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ તાજેતરના ફિક્સિંગ કેસ બાદ પાકિસ્તાનના ભૂતપૂર્વ કેપ્ટન અને કમેંટેટટર રમિઝ રાજાએ આઈસીસી પાસેથી મોટી માંગ કરી છે. રમીઝ રાજાએ કહ્યું છે કે ફિક્સિંગ બંધ કરવા માટે લાઇ ડિટેક્ટર ટેસ્ટ કરાવવો જોઈએ. રમીઝ રાજાએ તેની યુટ્યુબ ચેનલ પર મોટું નિવેદન આપ્યું હતું અને કહ્યું હતું કે ખેલાડીઓ પર લાઇ-ડિટેક્ટર ટેસ્ટનો ઉપયોગ કરી શકાય છે. તેમણે કહ્યું, 'જેમ ડોપિન્ટ ટેસ્ટના રેન્ડમ નમૂના લેવામાં આવે છે, તે જ રીતે જૂઠને પકડવા માટે જુદા ડિટેક્ટરનો ઉપયોગ કરવો જોઈએ. આપણે નિયમિત સીઝનમાં આ માલૂમ કરી દેવું જોઈએ કે





ખેલાડીઓ ક્યારે મેચ ફિક્સિંગમાં સામેલ થયા છે.

રમીઝ રાજાએ કહ્યું, મારી ઇચ્છા છે કે આ હેતુની ગણતરી કરવા માટે કોઈ મશીન હોવું જોઈએ. જેમ કોવિડ-૧૯ માટે તાપમાન લેવાના ઉપકરણનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. અમે શંકાસ્પદ ખેલાડીઓને પકડી શકીએ છીએ જે પછીથી ફિક્સર બની શકે છે. રમિઝ રાજાએ કહ્યું કે, મેચ ફિક્સિંગનો સોલ્યુશન અત્યારે ખૂબ મૂંઝવણભર્યું છે. તેણે કહ્યું, 'અમારી પાસે નિયમો, કાયદા, ખેલાડી શિક્ષણ કાર્યક્રમો છે, પરંતુ જો કોઈ ખેલાડી ફિક્સિંગ કરવાનો ઇરાદો રાખે છે, તો પછી કોઈ તેને રોકી શકે નહીં. ફિક્સર સામાન્ય રીતે તે ખેલાડીઓ પર હુમલો કરે છે જે કારકિર્દીના પડાવ રહેનાર હોય છે.

તમને જણાવી દઈએ કે રમીઝ રાજાએ ફિક્સિંગના મુદ્દે પીસીબીને ઘણી વખત ઘેરાવ કર્યો છે. રાજાના જણાવ્યા અનુસાર પીસીબીએ દોષી ખેલાડીઓને કડક સજા આપી નથી, જેના કારણે પાકિસ્તાની ખેલાડીઓ ઘણીવાર ફિક્સિંગમાં સામેલ થતા જોવા મળે છે. રમીઝ રાજાએ મોહમ્મદ આમિર, શારજીલ ખાન જેવા ખેલાડીઓની સજા માફ કરવા અંગે પીસીબીને સવાલ કર્યો હતો. તાજેતરમાં રમીઝ રાજાએ ફિક્સરોને મળવાની માહિતી ન આપતાં ઓમર અકમલને જેલમાં મૂકવાની માંગ કરી હતી. રમીઝ રાજાએ કહ્યું કે મેચ ફિક્સિંગને ગુનો ફિક્સિંગ આપવાનો સમય આવી ગયો છે.

સલમાને 'તેરે બિના' ગીતમાં વલૂચા ડી સૂઝાની દીકરીને કરી લૉન્ચ





મુંબઈ

સલમાન ખાન અને જેકલિન ફર્નાન્ડિઝનો રોમાન્ટિક ટ્રેક 'તેરે બિના' રિલીઝ થતાં જ સોશ્યલ મીડિયા પર ધૂમ મચાવી રહ્યું છે, ગીત વાયરલ થઈ રહ્યું છે. આની સાથે જ આ ગીતમાં સલમાન અને જેકલિનની સાથે દેખાતું ત્રીજુ પાત્ર ખુબ ચર્ચામાં છે. દર્શકો એ જાણવાની કોશિશ કરી રહ્યાં છે આ ગીતમાં સલમાન અને જેકલિનની સાથે દેખાતી નાની છોકરી છે કોણ? ગીતમાં આ નાની છોકરીએ સલમાન અને જેકલિનની દીકરીની ભૂમિકા નિભાવી છે. સલમાન ખાને આ ગીતના માધ્યમથી સિએનાને લૉન્ચ કરી છે, સિએના અભિનેત્રી વલૂચા ડી સૂઝાની સૌથી નાની દીકરી છે, જે પોતાની માસૂમિયતના કારણે બધાના દિલને સ્પર્શી રહી છે. ઉલ્લેખનીય છે કે, કોરોના વાયરસના લૉકડાઉનના કારણે 'તેરે બિના' ગીતને સલમાન ખાનના ફાર્મહાઉસ પર જ શૂટ કરવામાં આવ્યુ છે, આની સાથે જ સેટથી લઈને મેકઅપ અને હેયરસ્ટાઈલ સ્ટાર્સે જાતે જ કરી છે. ખાસ વાત છે કે સલમાન ખાને 'તેરે બિના' ગીત ખુદ ગાયુ છે, અને નિર્દેશિત પણ કર્યુ છે. આને તેના મિત્ર અજય ભાટિયાએ કંમ્પોઝ કર્યુ છે, અને શબ્બીર અહેમદે લખ્યુ છે. વલૂચાએ શાહરૂખ ખાનની ફિલ્મ ફૈનથી બૉલીવુડ ડેબ્યૂ કર્યુ હતુ, જોકે, આ ફિલ્મ બાદ તેને કેરિયરમાં કોઈ ફાયદો થયો ન હતો. આ ઉપરાંત વલૂચા નચ બલિયે સિઝન ૯ એક હૉસ્ટ તરીકે પણ દેખાઈ હતી.

૧૭મી ફેબ્રુઆરીથી ૭ માર્ચ દરમિયાન ભારતની યજમાનીમાં યોજાશે ફીફા અંડર-૧૭ મહિલા WC



નવી દિલ્હી

ભારતની ભૂમિ પર ચાલુ વર્ષે યોજાનારો ફિફા અંડર-૧૭ મહિલા વર્લ્ડ કપ હવે આવતા વર્ષે રમાશે. કોવિડ-૧૯ની મહામારીને પગલે ફિફાએ આ વર્લ્ડ કપને સ્થગિત કરવાનો નિર્ણય લીધો હતો. ફિફાએ આ ટુર્નામેન્ટની નવી તારીખોની જાહેરાત કરી દીધી છે,જે અનુસાર હવે આવતા વર્ષે ૧૭મી ફેબ્રુઆરીથી ૭ માર્ચ દરમિયાન આ ટુર્નામેન્ટનું આયોજન થશે. નોંધપાત્ર છે કે, અંડર-૧૭ મહિલા ફૂટબોલ વર્લ્ડ કપની કેટલીક મેચો અમદાવાદમાં પણ રમવાની છે. અગાઉના કાર્યક્રમ અનુસાર અંડર-૧૭ મહિલા ફૂટબોલ વર્લ્ડ કપ ભારતમાં તારીખ ૨ નવેમ્બરથી ૨૧ નવેમ્બર સુધી રમાવાની હતી. જોકે કોવિડ-૧૯ મહામારીના કારણે તેને સ્થગિત કરવામાં આવી હતી. ફિફાએ જણાવ્યું હતુ કે, મહિલાઓ માટેના ફૂટબોલ વર્લ્ડ કપ અંડર-૧૭ના કાર્યક્રમમાં ફેરફાર કરવા છતાં અમે તેમાં ભાગ લેનારી ખેલાડીઓની લાયકાતમાં કોઈ ફેરફાર કર્યો નથી. જે અંતર્ગત આ વર્લ્ડ કપમાં તારીખ ૧ જાન્યુઆરી, ૨૦૦૩ થી લઈને ૩૧મી ડિસેમ્બર, ૨૦૦૫ સુધી જન્મેલી ખેલાડીઓ જ ભાગ લઈ શકશે. ટુર્નામેન્ટના યજમાન તરીકે અમદાવાર ઉપરાંત મુંબઈ, કોલકાતા, ગુવાહાટી અને ભુવનેશ્વરને પણ પસંદ કરવામાં આવ્યા છે. વિશ્વની ૧૬ મહિલા ટીમો અંડર-૧૭ વર્લ્ડ કપમાં ભાગ લેવા માટે ભારત આવશે.

પંત-હાર્દિક પંડ્યા આગામી વિશ્વ કપમાં મોટા ખેલાડી સાબિત થઈ શકે છે: યુવરાજ

નવી દિલ્હી

ટીમ ઈન્ડિયામાં અનેક યુવા ખેલાડીઓ છે જેમણે શરૂઆતમાં સારા પ્રદર્શનથી નામ તો બનાવ્યું પરંતુ આગળ જઈને તેઓ રસ્તા પરથી ભટકી ગયા અથવા ખરાબ ફોર્મનો શિકાર બન્યા હતા. ટીમમાં વધારે સિનિયર ન ખેલાડી હોવાથી યુવાઓને ટિપ્સ આપી શકાતા નથી. આ દરમિયાન ટીમ ઈન્ડિયાને ૨૦૦૭નો ટી૨૦ વર્લ્ડકપ અને ૨૦૧૧નો આઈસીસી વર્લ્ડકપ જીતાડવામાં મહત્વની ભૂમિકા ભજવનારા યુવરાજ સિંહે રિષભ પંત અને હાર્દિક પંડ્યા જેવા યુવા ખેલાડીનું નામ લઈને કહ્યું, યુવા ખેલાડીઓનું ધ્યાન રાખી શકે તેવા મનોવૈજ્ઞાનિકની ભારતીય ટીમને જરૂર છે.

યુવરાજે યૂટ્યૂબ પેજ સ્પોર્ટ્સ સ્કીન પર વાત કરતાં કહ્યું, આ ટીમમાં કોઈ એવા ખેલાડી નથી જે સાથીઓની માનસિકતાને લઈ વાત કરી શકે. પૃથ્વી શૉ અને પંત ઘણા પ્રતિભાશાળી છે. પંડ્યામાં ઘણી પ્રતિભા છે પરંતુ કોઈએ તેની માનસિકતા સાથે કામ કરવાની જરૂર છે, જેથી કરીને તેઓ મુશ્કેલ સ્થિતિમાં પણ સારું પ્રદર્શન કરી શકે. જો



કોઈ તેમની માનસિકતા સાથે કામ કરે તો આગામી વિશ્વ કપમાં ઘણા મોટા ખેલાડી સાબિત થઈ શકે છે.

ટીમ ઈન્ડિયાના પૂર્વ ઓલરાઉન્ડરે ટીમના વર્તમાન કોચ શાસ્ત્રીને લઈ કહ્યું, તેના માર્ગદર્શનમાં ટીમ શાનદાર પ્રદર્શન કર્યુ છે. ટીમ ઓસ્ટ્રેલિયામાં જીતી. એક કોચ તરીકે તેઓ કેવા છે તે હું નથી જાણતો. હું તેમના માર્ગદર્શનમાં ઓછો રમ્યો છું. યુવીએ કહ્યું, તમારી પાસે બેટિંગ કોચ વિક્રમ રાઠોર છે. જે મારા સીનિયર છે. જ્યારે હું સ્ટેટ લેવલે રમતો હતો ત્યારે મારા મેંટર હતા, પરંતુ તેમણે ટી-૨૦ રમી નથી. જેના કારણે તેઓ નવી પેઢીને શું બતાવશે. તેઓ તમને ટેકનિક અંગે બતાવશે પરંતુ માનસિક પક્ષ પર વાત કરવા નહીં કહે.

બેંગલૂરૂમાં નવા વર્ષ પર એક ઈવેન્ટમાં સની લિયોનીના શો ને લઇ અપાઈ હતી માસ આત્મહત્યાની ધમકી



મુંબઈ

બોલિવૂડમાં બેબી ડોલના નામે પ્રખ્યાત એટલે કે સની લિયોનીને આજે કોણ નથી ઓળખતું. ગૂગલ પર પણ સૌથી વધારે સર્ચ થનારી અભિનેત્રીમાં સની લિયોનીનું નામ મોખરે છે. પરંતુ એક લીડ અભિનેત્રી તરીકે બોલિવૂડમાં તેને સ્થાન ન મળ્યું અને તે સફળ ન રહી. જો કે, આઈટમ નંબર અને ડાન્સમાં તેણે બાજી જરૂર મારી છે. કારણ કે તેની સાથે જોડાયેલા અમુક વિવાદોએ તેના કરિયર પર ગંભીર અસર કરી.

બેંગલૂરૂમાં નવા વર્ષ પર એક ઈવેન્ટ થવાની હતી અને એમાં સની લિયોની લાઈવ પરફોર્મન્સ આપવાની હતી. કેટલાક સંગઠનોએ આ કાર્યક્રમનો વિરોધ કર્યો અને આ કામને અનૈતિક જણાવ્યું. કેટલાય લોકો માન્યતા ટેક પાર્કમાં સનીના પરફોર્મન્સનો વિરોધ કરવા માટે ધરણા પર ઉતરી ગયા. લોકોએ પોસ્ટરો સળગાવ્યા અને બબાલ ઉભી કરી નાંખી. ત્યારબાદ સંસ્કૃતિ વિરુદ્ધ છે એવા દાવા કરવામાં આવ્યા અને લોકોએ માસ આત્મહત્યા કરશે એવી ધમકી આપી હતી. જ્યારે સનીની બોલિવૂડમાં એન્ટ્રી થઈ તો એ પહેલાથી ચર્ચાઈ ચૂકેલો ચહેરો હતો. એક પોર્ન સ્ટાર તરીકે તેને આખી દુનિયા ઓળખતી હતી. હિન્દી સિનેમામાં તો ઝડપથી ચમકવા લાગી જેના કારણે કેટલીક અભિનેત્રી અને ફિલ્મમેકરે સનીને બોલિવૂડમાં લાવવાની વાતનો વિરોધ કર્યો. ઘણા લોકોએ આરોપો નાંખ્યા કે એક પોર્ન સ્ટારને આખરે અભિનયની દુનિયામાં શા માટે લાવવી જોઈએ.

મોદીએ ૨૦ લાખ કરોડ આપવા કહ્યું, અનુરાગ કશ્યપે કહ્યું પહેલા ૧૫ લાખ તો આપો

મુંબઈ

વડાપ્રધાન મોદીના ૨૦ લાખ કરોડના આર્થિક પેકેજની જાહેરાત સાથે જ બોલીવુડના જાણીતા નિર્દેશક અનુરાગ કશ્યપે એક ટ્વિટ કર્યું છે, જે સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યું છે. અનુરાગ કશ્યપે પોતાના ટ્વિટમાં જણાવ્યું હતું કે, હજું ૧૫ લાખ રૂપિયા ખાતામાં પહોંચ્યા નથી, તેઓએ તેમને ઉમેરીને જ આ પેકેજ બનાવ્યું છે. તેઓ છેલ્લાં છ વર્ષથી હાલના દિવસો માટે ઉમેરતા જતા હતા. પીએમ મોદીના નિવેદન પર આવેલા અનુરાગ કશ્યપની ટ્વીટ ઘણી બધી હેડલાઈન્સ મેળવી રહી છે.

કારણ કે મોદીના પેકેઝ પ્રમાણે ગણતરી કરવામાં આવે તો ૧૩૦ કરોડ લોકોને મોદીના પેકેઝથી રૂ.૧૧૫૩૮ દરેક વ્યક્તિ માટે થાય છે. ૨૦૧૪ની ચૂંટણીમાં મોદીએ ભારતની પ્રજાને વચન આપ્યું હતું કે, જો તેઓ સત્તા પર આવશે તો સ્વિસ બેંકમાં પડેલા કાળા નાણાંમાંથી ભારતના દરેક વ્યક્તિના ખાતામાં રૂ.૧૫ લાખ જમા થશે. કાળા



નાંણાંના તો ન આવ્યા પણ ભારતના લોકોએ આપેલા રૂપિયામાંથી દરેક માટે રૂ.૧૧૫૩૮નું પેજેઝ કોરોનામાં આપ્યું છે, છ વર્ષ પછી.

અનુરાગ કશ્યપે પીએમ મોદીના આર્થિક પેકેજની ઘોષણા પર ટ્વિટ કરીને લખ્યું છે કે, "જે લોકો રૂ .૧૫ લાખના ખાતા સુધી પહોંચ્યા નથી, તેઓએ તેમને ઉમેરીને જ આ પેકેજ બનાવ્યું છે. આજનો દિવસ અમે તેને છેલ્લાં છ વર્ષથી ઉમેરી રહ્યા છીએ. હવે આ પેકેજ પણ ઉમેરવામાં આવશે અને કેટલું ટૂંક સમયમાં આપણે પાંચ ટ્રિલિયન ઈકોનોમી પર પહોંચીશું તે ઉમેરીને. આને સ્વપ્નદ્રષ્ટા કહેવામાં આવે છે. બ્રિટિશરો માટે વિઝનરી.

બાંગ્લાદેશ ટીમના કોચને કોરોના પૉઝિટીવ આવતા સારવાર માટે ખસેડાયા

મુંબઈ

કોરોનાના કેર ક્રિકેટરથી લઈને હવે કોચ સુધી પહોંચ્યો છે, બાંગ્લાદેશના ડેવલપમેન્ટ કોચ અને પૂર્વ ફર્સ્ટ ક્લાસ ક્રિકેટર અશીકુર રહેમાનને કોરોના પૉઝિટીવ આવ્યો છે. અશીકુર રહેમાન મંગળવારે ખુલાસો કર્યો કે તે આ ખતરનાક વાયરસથી હાલ હૉસ્પીટલમાં દાખલ છે, અને સારવાર ચાલી રહી છે. સોમવારે આવેલા રિપોર્ટમાં અશીકુર રહેમાન કોરોના પૉઝિટીવ નીકળ્યા હતા. અશીકુર રહેમાને જણાવ્યુ કે, પહેલા તો મને ખબર ના પડી, મને લાગ્યુ કે સુજી ગયેલી ટોન્સિલ છે. પણ બાદમાં મને ગળામાં દુઃખાવો થયો અને પછી તાવવા લાગ્યો હતો. પછી થોડીવારમાં છાતીમાં દુઃખાવો શરૂ થઈ ગયો હતો. હું ગભરાઈ ગયો અને ડૉક્ટરો પાસે ટેસ્ટ કરાવવા ગયો હતો, ત્યાં મને કોરોના પૉઝિટીવ હોવાની ખબર પડી હતી.

અશીકુર રહેમાન પૂર્વ ફાસ્ટ બૉલર છે, તેને ૧૫ ફર્સ્ટ ક્લાસ મેચ અને ૧૮ લિસ્ટ એ મેચ રમી છે. રહેમાન વર્ષ ૨૦૦૨માં અંડર ૧૯ વર્લ્ડકપ ટીમમાં પણ રમી ચૂક્યો છે, પણ સીનિયર ટીમમાં તેને ક્યારેય જગ્યા મળી શકી નહીં. ૩૩ વર્ષીય અશીકુર રહેમાન બાંગ્લાદેસ મહિલા ટીમનો આસિસ્ટન્ટ કોચ પણ રહી ચૂક્યો છે, અને હાલ બાંગ્લાદેશ ટીમના ડેવલપમેન્ટ કોચ તરીકેની જવાબદારી સંભાળી રહ્યો છે.

આમિર ખાનનો 'પડછાયો' કહેવાતા ખાસ વ્યક્તિ આમોસનું નિધન



મુંબઈ

આમિર ખાનના એકદમ નજીક માનવામાં આવતા વ્યક્તિ આમોસનું નિધન થયું છે. ૬૦ વર્ષીય આમોસ છેલ્લા ૨૫ વર્ષથી આમિર ખાન સાથે જોડાયેલા હતા. તેને આમિર ખાનનો પડછાયો કહેવામાં આવતો હતો. હાર્ટ અટેકના કારણે તેનું મુંબઈમાં નિધન થયું હતું.

આમોસ આમિરનો પર્સનલ કે સ્પોટ બોય નહીં પરંતુ પરિવારના સભ્ય જેવો હતો. છેલ્લા ૨૫ વર્ષમાંથી માત્ર ચાર વર્ષ તેણે આમિર સાથે કામ કર્યુ નહોતું. કારણકે આ ચાર વર્ષ દરમિયાન આમિરે કોઈ ફિલ્મમાં કામ નહોતું કર્યું.

આ દરમિયાન આમિર ખાને રાની મુખર્જીને કહીને આમોસને તેની સાથે કામ પર લગાવ્યો હતો. પરંતુ બાદમાં મોકો મળતાં જ આમોસ ફરી એક વખત આમિર સાથે જોડાઈ ગયો હતો. આમોસના નિધનના સમાચાર સાંભળી તે પત્ની કિરણ રાવ સાથે મળી તેના અંતિમ દર્શન કરવા પહોંચ્યો હતો. આ દરમિયાન આમિર શોકમગ્ન હતો અને તેણે પત્ની કિરણ સાથે મળીને આમોસના પરિવારને સાંત્વના આપી હતી.

'બાહુબલી' ફેમ રાણા દગ્ગુબાતીએ સગાઈની કરી જાહેરાત, શેર કર્યો ફોટો



મુંબઈ

લોકડાઉનમાં જ્યારે ઘણા કપલ લગ્ન કરી રહ્યા છે ત્યારે 'બાહુબલી' ફેમ રાણા દગ્ગુબાતીએ તેની સગાઈની જાહેરાત કરી છે. રાણાએ ફેન્સને સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરીને સરપ્રાઈઝ આપી છે. રાણાએ મિહિકા સાથેનો ફોટો શેર કરી લખ્યું કે, અને તેણે હા પાડી. મિહિકા બજાજ હૈદરાબાદમાં જન્મી છે અને ત્યાં જ મોટી થઈ છે.તેને ડ્યુડ્રોપ ડિજાઈન સ્ટુડિયો નામની ડિઝાઈન ફર્મ છે. સાઉથ ઈન્ડસ્ટ્રીના સેલેબ્સ અને બોલિવૂડ ઈન્ડસ્ટ્રી સેલેબ્સે રાણાને અભિનંદન આપ્યા હતા. બંને લગ્ન ક્યારે કરશે તે બાબતે હજુ કોઈ માહિતી બહાર આવી નથી. રાણા દગ્ગુબાતી એક્ટર અને પ્રોડ્યુસર છે. એક્ટર તરીકે તેની અપકમિંગ ફિલ્મ હાથી મેરે સાથી છે. આ ફિલ્મ હિન્દી, તમિળ અને તેલુગુમાં બની છે અને ત્રણેય ભાષાનું ડબિંગ રાણાએ જાતે કર્યું છે. ફિલ્મનું અનાઉન્સમેન્ટ તો ૨૦૧૭માં થયું હતું અને રિલીઝ ડેટ ૨ એપ્રિલ ૨૦૨૦ હતી પરંતુ લોકડાઉનને કારણે હવે નવી રિલીઝ ડેટ શેર કરવામાં આવશે.

ગુજરાતમાં કોરોના મૃત્યુદર ઘટ્યો અને એકાએક વધ્યો ડિસ્ચાર્જ રેટ

ગુજરાતમાં અત્યાર સુધીમાં ૩૨૪૬ લોકો કોરોનાને મ્હાત આપીને સ્વસ્થ થયાં

ગાંધીનગર

રાજ્યમાં જડબેસલાક રીતે સંપૂર્ણ લોકડાઉનનો અમલ કરવામાં આવી રહ્યો છે. ત્યારે આ લોકડાઉનનો સપ્નાઈથી અમલ કરાતાં અમદાવાદમાં કોરોના આંશિકપણે કાબૂમાં આવ્યો હોય તેવુ ચિત્ર ઉપસ્યુ છે. ઉલ્લેખનીય છે કે કોરોનાના કેસોની સાથે સાથે મૃત્યુદર પણ ઘટયો છે.રાહતના સમાચાર એ પણ છેકે,ગુજરાતમાં દદીઓનો ડિસ્ચાર્જ રેટ વધ્યો છે.આજે પણ ગુજરાતની વિવિધ હોસ્પિટલોમાંથી ૪૪૬ લોકો સ્વસ્થ થતાં રજા આપવામાં આવી હતી. છેલ્લાં ૨૪ કલાક દરમિયાન ગુજરાતમાં ૩૬૨ કેસો નોંધાયા હતાંજેના કારણે કુલ કેસોનો આંકડો વધીને ૮૯૦૪ સુધી પહોંચ્યો છે.આજે પણ કોરોના વધુ ૨૪ દર્દીઓને ભરખી ગયો હતો.અત્યાર સુધીમાં રાજ્યમાં કોરોનાના લીધે ૫૩૭ના મોત થઈ ચૂક્યાં છે.

કેન્દ્રીય આરોગ્ય વિભાગની દર્દીના ડિસ્ચાર્જને લઈને માર્ગદર્શિકા જાહેર કરી છે તે પ્રમાણે,અત્યારે દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી રહી છે. ગુજરાતમાં ૨૬મી એપ્રિલે ડિસ્ચાર્જ રેટ ૯.૫ ટકા રેટ હતો તે આજે વધીને ૩૬.૫ ટકા થયો છે.ભારતમાં સરેરાશ ડિસ્ચાર્જ રેટ ૩૧.૭ ટકા રહ્યો છે.અમદાવાદમાં સૌથી વધુ ૩૯૨ને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.આટલી મોટી સંખ્યામાં દર્દીઓને રજા અપાઈ હોય તેવી આ પ્રથમ ઘટના બની છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં ૩૨૪૬ લોકો કોરોનાને મ્હાત આપીને સ્વસ્થ થયાં છે. આરોગ્ય વિભાગનું કહેવું છે કે,ગુજરાતમાં દર્દીઓના સાજા થવાના રેટમાં હકારાત્મક વધારો થયો છે.

છેલ્લાં ૨૪ કલાકમાં અમદાવાદમાં ૨૬૭ કેસો નોંધાયા હતાં. છેલ્લાં એકાદ સપ્તાહથી આંકડા પર નજર નાંખીએ તો,કેસોની સંખ્યા ઘટી રહી છે. સાથે સાથે મૃત્યુદર પણ ઘટી રહ્યો છે.કોટ વિસ્તાર ઉપરાંત અન્ય હોટસ્પોટ વિસ્તારમાં કેસો ઘટયાં છે.હવે સંપૂર્ણ લોકડાઉનના અમલનુ પરિણામ દેખાઈ રહ્યું છે. અમદાવાદ ઉપરાંત વડોદરામાં ૨૭, સુરતમાં ૩૦, ભાવનગરમાં ૨,ભરુચમાં ૧,પાટણમાં૨,છોટા ઉદેપુરમાં ૩,કચ્છમાં ૬,મહેસાણામાં ૭, ગીર સોમનાથમાં ૫,ખેડામાં ૩, જામનગરમાં ૧, સાબરકાંઠામાં ૧ , અ ર વ લ્લી મા ં ૧,મહિસાગરમાં૨ અને દેવભૂમિ દ્વારકામાં ૧ એમ કુલ મળીને ૩૬૨ કેસો નોંધાયા હતાં.

મોરબીમાં ટેકાના ભાવે કપાસ ખરીદીની માંગને લઈ રાજકોટ સાંસદનો કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડીયાને પત્ર

રાજકોટ

રાજકોટના સાંસદે ખેડૂતોના હિતમાં પત્ર લખ્યો છે. રાજકોટ અને મોરબીમાં ટેકાના ભાવે કપાસ ખરીદીના કેન્દ્રો શરૂ કરવા પત્ર લખવામાં આવ્યો છે. કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડીયાને પત્ર લખ્યો છે. ખેડુતોને આગામી ચોમાસાની સિઝનમાં બિયારણ ખાતર ખરીદી પૈસાની જરૂર હોવાથી તાત્કાલિક કપાસની ખરીદી આ સેન્ટરો પર શરૂ કરવામાં આવે તેવી સાંસદ મોહન કુંડારિયાએ માંગ કરી છે. ટેકાના ભાવે ખરીદીમાં ખેડૂતોને અન્યાય થતા હવે ખુદ ભાજપના સાંસદ ખેડૂતોની વહારે આવ્યા છે અને સરકારને પત્ર લખ્યો છે. પૂર્વ કેબિનેટમંત્રી અને સૌરાષ્ટ્રના ખેડૂત નેતા મોહન કુંડારિયાએ કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયા ને પત્ર લખ્યો છે. ખેડૂતનો કપાસ વેચાય તો આગામી ચોમાસાના ખરીફ પાકના વાવેતર વ્યવસ્થા થઈ શકે. ખુદ ભાજપના સાંસદ ઉલ્લેખ કર્યો છે કે ખેડૂતોની ધીરજ ખૂટી રહી છે. ખેડૂતો રસ્તા પર ન આવે તે માટે થઈને વહેલી તકે ખરીદી શરૂ કરવા પત્ર લખ્યો છે. ચાલુ વર્ષે સૌરાષ્ટ્રના મોટાભાગના જિલ્લાઓમાં ગુલાબી ઈયળનો ઉપદ્રવ હોવાથી કપાસનો પાક નબળી ગુણવતાનો થયો છે. ત્યારે ગુણવત્તા મામલે પણ કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયા થોડી છૂટ આપે.. અત્રે ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષે ગુલાબી ઈયળના કારણે કપાસ પકવતા ખેડૂતોને મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું. ત્યારે હજી સુધી સરકાર દ્વારા કે કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા નવા બિયારણનું કોઈ સંશોધન થયું નથી, ત્યારે આવતા દિવસોની અંદર આ મામલે નવા બિયારણની સંશોધન થશે તેમ સાંસદ મોહન કુંડારિયાએ જણાવ્યું હતું. મોહન કુંડારિયાએ એમ પણ જણાવ્યું હતું કે, ગુલાબી ઈયળના ઉપદ્રવના કારણે આવતા વર્ષે કપાસના બદલે મગફળીનું વાવેતર મોટા પ્રમાણમાં ખેડૂતો કરશે.

જો ધોની ફિટ હોય તો તેને ટીમ ઈન્ડિયા માટે જરૂર રમવુ જોઈએઃ રોહિત શર્મા



નવી દિલ્હી

ટીમ ઈન્ડિયાના પૂર્વ કેપ્ટન અને વિકેટકીપર બેટ્સમેન એમએસ ધોનીને લઈને ફરી અટકળો શરૂ થઈ છે. વર્ષ ૨૦૧૯ના વનડે વર્લ્ડકપ બાદ ક્રિકેટના ગ્રાઉન્ડ પરથી ગાયબ થઈ ગયેલા ધોનીની વાપસી પર હવે રોહિત શર્માએ પ્રતિક્રિયા આપી છે.

ટીમ ઈન્ડિયાના બેટ્સમેન સુરેશ રૈના સાથે એક લાઈવ સેશન દરમિયાન ભારતીય ટીમના ઉપકેપ્ટન રોહિત શર્માએ મોટુ નિવેદન આપ્યુ, રોહિતે કહ્યું કે. જો ધોની ફિટ હોય તો તેને ટીમ ઈન્ડિયા માટે જરૂર રમવુ જોઈએ. સાથે રૈનાએ પણ કહ્યું કે ધોનીને નેશનલ ટીમમાં વાપસી માટે એક મોકો મળવો જોઈએ.

લાઈવ સેશન દરમિયાન સુરેશ રૈનાએ કહ્યું કે સીએસકેના ટ્રેનિંગ કેમ્પ દરમિયાન ધોનીએ એક અભ્યાસ મેચમાં જબરદસ્ત બેટિંગ કરી હતી, તેને ૯૧ બૉલમાં ૧૨૩ રનની ઈનિંગ રમી હતી, તેના પરથી માની શકાય કે ધોની ફિટ છે. ધોની સારી રીતે બેટિંગ કરી શકે છે, આ વાત હુ સારી રીતે જાણુ છું. જોકે તેના પ્લાન્સ વિશે હું નથી જાણતો. ધોનીમાં હજુ ક્રિકેટ બાકી છે.

અમદાવાદથી ચાલીને હિંમતનગર પહુચેલા શ્રમિકોએ અરવલ્લી હદ સીલ થતા કર્યો હોબાળો

સાબરકાંઠા

હાલ પરપ્રાંતિય શ્રમિકો ચારેબાજુથી ભીંસમાં મૂકાયા છે. એક તરફ આવક બંધ થઈ છે, તો બીજી તરફ પોતાના વતન તરફ જવા નીકળેલા હજારો શ્રમિકો રસ્તા વચ્ચે અટવાઈ પડ્યા છે. ત્યારે સાબરકાંઠાના શામળાજી હાઈવે પર રાજેન્દ્રનગર ચોકડી નજીક પગપાળા વતન જતા શ્રમિકોએ હંગામો કર્યો હતો. અમદાવાદ તરફથી હિંમતનગર થઈ ચાલતા જતા શ્રમિકો રેડ ઝોન અરવલ્લી જિલ્લા હદ સીલ હોઈ અટવાયા હતા. અટવાયેલા ૨૦૦થી વધુ શ્રમિકોએ પગપાળા આગળ વધવાની જીદ સાથે હોબાળો મચાવ્યો હતો. બંને જિલ્લાની પોલીસ રાજેન્દ્રનગર નજીક મામલો થાળે પાડવા પ્રયાસ હાથ ધર્યો હતો.

સાબરકાંઠામાં શામળાજી હાઈવે પર રાજેન્દ્રનગર ચોકડી નજીક પગપાળા વતન જતા શ્રમિકોએ હંગામો કર્યો હતો. અમદાવાદ તરફથી હિંમતનગર થઈ ચાલતા જતા શ્રમિકો પોતાના વતન જવા નીકળ્યા હતા. આવામાં વચ્ચે રેડ ઝોન અરવલ્લી જિલ્લો આવ્યો હતો. અહીં જિલ્લાની હદ સીલ હોઈ શ્રમિકો અટવાયા હતા. અટવાયેલા ૨૦૦થી વધુ શ્રમિકોએ પગપાળા આગળ વધવાની જીદ ચાલુ જ રાખી હતી. સાથે જ શ્રમિકોએ હોબાળો પણ મચાવ્યો હતો.

બંને જિલ્લાની પોલીસે મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો. રાજેન્દ્રનગર નજીક પોલીસે લોકોને શાંત કરવાનો પ્રયાસ કર્યો હતો. બે રોકટોક શ્રમિકો સાબરકાંઠામાંથી પસાર થયા બાદ અરવલ્લી સરહદે આવી પહોંચ્યા હતા. શ્રમિકોને અટકાવાતા રાજેન્દ્રનગર ચોકડી પર નેશનલ હાઈવેનો ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.

આઈસીસીએ ૨૦૨૧ મહિલા વર્લ્ડકપ અને ૨૦૨૨ અંડર ૧૯ વર્લ્ડકપ ક્વોલીફાઇંગ ટૂર્નામેન્ટ ટાળી



નવી દિલ્હી

કોરોના વાયરસના કહેરને જોતાં ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે મોટો ફેંસલો લીધો છે. આઈસીસીએ ૨૦૨૧ મહિલા વર્લ્ડકપ અને ૨૦૨૨ અંડર ૧૯ વર્લ્ડકપ ક્વોલીફાઈંગ ટૂર્નામેન્ટ ટાળી દેવામાં આવી છે. આ ટુર્નામેન્ટનું આયોજન જુલાઈમાં થવાનું હતું. મહિલા ક્વોલીફાઈંગ ટુર્નામેન્ટ શ્રીલંકામાં ત્રણથી ૧૯ જુલાઈ સુધી યોજાવાની હતી. જેમાં યજમાન શ્રીલંકા સહિત ૧૦ ટીમો ભાગ લેવાની હતી. અન્ય ટીમો બાંગ્લાદેશ, આયર્લેન્ડ, નેધરલેન્ડ, પાકિસ્તાન, પાપુઆ ન્યૂ ગિની, થાઈલેન્ડ, અમેરિકા, વેસ્ટ ઈન્ડિઝ અને ઝીમ્બાબ્વે હતી. આઈસીસીએ કહ્યું, સભ્યો અને સંબંધિત સરકારો તથા સ્વાસ્થ્ય અધિકારીની સલાહ બાદ આઈસીસી મહિલા ક્રિકેટ વર્લ્ડકપ ૨૦૨૧ની ક્વોલીફાયર તથા આઈસીસી અંડર ૧૯ ક્રિકેટ વર્લ્ડકપ ૨૦૨૨ની ક્વોલીફાઈંગ પ્રક્રિયાને સ્થગિત કરવાનો ફેંસલો કરવામાં આવ્યો છે. ટીમો તથા તેના સાથે સંકળાયેલા સ્ટાફનું સ્વાસ્થ્ય હાલ અમારી પ્રાથમિકતા હોવાનું આઈસીસીએ જણાવ્યું છે.

મામલો શાંત પણ કાલ સુધીમાં પગાર નહી થાય તો ફરીથી હડતાળની ચિમકી

અમદાવાદ

શહેરની SVP હોસ્પિટલમાં કોરોના વોર્ડમાં ફરજ બજાવતા હાઉસકીપિંગ અને પેશન્ટ એટેન્ડ સ્ટાફએ આજે સવારે પગાર મુદ્દે હોબાળો મચાવ્યો હતો. ૭ મે સુધીમાં પગાર થઈ જતો હોય છે જો કે આજદિન સુધી પગાર ન થતા તેઓ હડતાળ પર ઉતરી ગયા હતા અને હોબાળો કર્યો હતો. સ્ટાફે જણાવ્યું હતું કે અમે ૧૫૦ જેટલા કર્મચારીઓ કોવિડ વોર્ડમાં ફરજ બજાવીએ છીએ. અમારો પગાર ૭ મે સુધીમાં થાય છે જો કે બીજા ૬ દિવસ ગયા બાદ પણ પગાર કરવામાં ન આવતા આજે સવારની શિફ્ટવાળા તમામ કર્મચારીઓ હડતાળ પર ઉતરી ગયા હતા.

જો કે હાલમાં પેશન્ટ હેરાન ન થાય અને ઉપરી અધિકારી સાથે વાત થઈ છે. કાલ સુધીમાં પગાર નહી થાય તો ફરીથી હડતાળ કરી દઈશું. કોરોના મહામારી સામે દિવસ-રાત કોરોના સામે લડી રહેલા એસવીપી હોસ્પિટલના રેસિડેન્ટ ડોક્ટરો અને નર્સિંગ સ્ટાફ ઘણા દિવસથી અપૂરતી પીપીઈ કીટ મામલે રોષ પ્રગટ કરી રહ્યા હતા.

આખરે આ મામલો આજે વણસતા મંગળવારે બપોરે એસવીપી હોસ્પિટલમાં રેસિડેન્ટ-જૂનિયર ડોક્ટરો અને નર્સિંગ સ્ટાફ હડતાળ પર ઉતરી ગયો હતો. જોકે. એસવીપી હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ તથા આરએમઓ સહિતનો સ્ટાફ જૂનિયર ડોક્ટરો અને નર્સિંગ સ્ટાફને હડતાળ સમેટી લેવા સમજાવવા ગયા હતા. ઉપરી અધિકારીના આશ્વાસન અને સમજાવટ બાદ તમામ રેસિડેન્ટ ડોકટરોએ હડતાલ સમેટી લીધી હતી.

લઘુ મધ્યમ ઉદ્યોગો પહેલા પાનાથીચાલુ

આપીને હવે ૧૨ ટકાને બદલે ૧૦ ટકા રકમ કપાશે.

માઈક્રો-લઘુ-મધ્યમ ઉદ્યોગો માટે જેમણે લોન લઈને પરત કરી નથી તેમને પણ લોનનો લાભ મળશે. તેમના માટે ૨૦ હજાર કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જે એકમો વિસ્તરણ કરવા માંગે છે તેમના માટે ૫૦ હજાર કરોડની જોગવાઈ કરવામાં આવી છે. એનપીએવાળા એકમોને પણ લોનનો લાભ મળશે. તેમણે વધુમાં કહ્યું કે. માઈક્રો અને લઘુ વગેરે. ઉદ્યોગોની વ્યાખ્યામાં ફેરફાર કરાશે., જેથી તેમને લોનનો લાભ મળી શકે. એક કરોડ રૂપિયાનું મૂડીરોકાણ હોય અને ૫ કરોડનું ટર્નઓવર ધરાવનાર એકમને હવે માઈક્રો એકમ ગણાશે. અગાઉ ૨૫ લાખનું રોકાણ હોય તેને માઈક્રો ગણવામાં આવતું હતું. મેન્યુફેકચરીંગ અને સર્વિસ એમ બન્ને સેક્ટરોને લાભ મળશે. તેમણે કહ્યું કે આ એક ક્રાંતિકારી નિર્ણય છે. નાના ઉદ્યોગોની વ્યાખ્યા બદલવામાં આવી છે.

લોકલથી ગ્લોબલ માટે હવે ૨૦૦ કરોડથી ઓછાનું ગ્લોબલ ટેન્ડર નાના એકમો ભરી શકશે. ના નિયમમાં ફેરફાર કરીને હવે તેઓ પણ ૨૦૦ કરોડ કરતાં ઓછાનું ટેન્ડર ભરીને સરકારી કામ મેળવી શકશે. આમ ગ્લોબલ ટેન્ડરની વ્યાખ્યા બદલવામાં આવશે. એટલે ૨૦૦ કરોડના ટેન્ડરો હવે ગ્લોબલ નહીં ગણાય. વિદેશી કંપનીઓને બદલે દેશી કંપનીઓને લાભ મળશે.

કોરોનાથી નાના એકમોને અસર થઈ છે. તેમના ઉત્પાદનના વેચાણ માટેની વ્યવસ્થા સરકાર કરશે. આવા એકમોના બાકી સરકારી લેણાં ૪૫ દિવસમાં ચૂકવાઈ જાય તેવી વ્યવસ્થા કરાશે.

નાના અને ણધ્યમ ઉદ્યોગોમાં ઈપીએફની રકમ સરકારે અગાઉ આપી છે અને હજુ વધુ ૩ મહિના આપશે. ૩.૬૭ લાખ એકમોના કર્મચારીઓને લાભ મળશે. કુલ ૨૫૦૦ કરોડનો લાભ મળશે.

તેમણે કહ્યું કે સરકારે વધુ એક જોગવાઈ કરી છે જેમાં ખાનગી એકમોમાં ઈપીએફનો ફાળો ૧૨ ટકાથી ઓછુ કરીને ૧૦ ટકા કરાશે. પરંતુ સરકારી કંપનીઓમાં તે ૧૨ ટકા જ ઈપીએફ રહેશે. જેથી કર્મચારીને નુકશાન નહીં થાય.

રાજ્યકક્ષાના નામામંત્રી અનુરાગ ઠાકૂરે પેકેજની કેટલીક માહિતી આપી હતી. તેમણે વડાપ્રધાન મોદીના ભારોભાર વખાણ કરીને કહ્યું કે ભારતને આત્મનિર્ભર બનાવવામાં પણ મોદી સફળ થશે. કેમ કે વડાપ્રધાન મોદી મોટા નિર્ણયો લેવા માટે જાણીતા છે. સરકારે રોજ અલગ અલગ સેક્ટરોના પેકેજની માહિતી રેજેરોજ આપવાનું નક્કી થયું છે.

બ્રેકઅપ અંગેની માહિતી સતત ચાર દિવસ સુધી આપવામાં આવે તેવી શકયતા છે. તેમાં ચાર એટલે કે લેન્ડ, લેબર, લો અને લિક્વિડિટી પર ફોકસ કરવામાં આવશે, તેને એક-એક દિવસે જાહેર કરવામાં આવશે.

જાહેર કરાયેલા રૂ. ૨૦ લાખ કરોડના પેકેજમાંથી આશરે ૮ લાખ કરોડ આરબીઆઈ અને સરકાર દ્વારા પહેલા જ મજૂર કરવામાં આવ્યા છે. હવે ૧૨ લાખ કરોડના પેકેજનું બ્રેકઅપ આપવામાં આવશે. તેમાંથી ૫૦,૦૦૦ કરોડ રૂપિયા ટેક્સ માટે જાહેર કરવામાં આવી શકે છે. જ્યારે વીજ ક્ષેત્રને આશરે એક લાખ કરોડ રૂપિયા મળી શકે છે. એ જ રીતે દેશના ગરીબોને સીધા લાભ સ્થાનાંતરણ દ્વારા મોટી રકમની ફાળવણી કરવામાં આવી શકે છે. તેમાં ટ્રમ્હ્લઝ અને હાઉસિંગ ફાઈનાન્સ કંપનીઓને આશરે એક લાખ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી શકે છે.

જુન ૧૮ થી ૮ પહેલા પાનાથીચાલુ

સંભાવના તેમણે વ્યકત કરી છે.

આ વર્ષે મોટાભાગે ચોમાસુ સમયસર અથવા ૩ થી ૪ દિવસ મોડુ બેસે તેવી સંભાવના પણ દર્શાવાઈ છે. શ્રી કેની કહે છે કે નૈઋત્યના ચોમાસાનો દેખાવ ૯૨ થી ૯૭ ટકા લગભગ નોર્મલ આસપાસ રહેશે. આ ઉપરાંત લા-નીના જેવુ વાતાવરણ આ વર્ષના ૨૦૨૦ના નૈઋત્યના ચોમાસામાં મોડેથી સર્જાય તેવા નિર્દેશ પણ આપ્યો હતો.

લોકડાઉન ખુલતા પહેલા પાનાથીચાલુ

નાની કંપનીઓ ચલાવે છે, જે કામકાજ બંધ હોવાથી તેમનો ધંધો લાંબા સમય સુધી ચલાવી શકે એમ નથી, એમ વડા પ્રધાન, કેન્દ્રીય ગૃહપ્રધાન, નાણાપ્રધાન અને ટ્રાન્સપોર્ટ પ્રધાનને લખેલા પત્રમાં ટ્રાન્સપોર્ટ ઓપરેટરોની સંસ્થા ઓલ ઈન્ડિયા મોટર ટ્રાન્સપોર્ટ કોંગ્રેસે જણાવ્યું છે. દેશમાં સંપૂર્ણ લોકડાઉન દરમ્યાન અમે સરકારને અમારી મુશ્કેલીઓ જણાવી હતી, પણ એણે અમારી સમસ્યાઓ ઉકેલવાને બદલે આંખ આડ કાન કર્યા અને અમને ગણકાર્યા પણ નહીં. સરકારે અમારી માગણીઓની અવગણના કરી હતી, એમ મુંબઈના એસોસિયેશન ઓફ મહારાષ્ટ્ર હેવી વેહિકલ્સ અને કન્ટેઈનર ઓપરેટર્સના એક સભ્યએ કહ્યું હતું.

બે કલાકમાં પહેલા પાનાથીચાલુ

સ્ટ્રિપનો ઉપયોગ બરાબર રીતે થયો છે. બીજો બેન્ડ ટેસ્ટ બેન્ડ છે. આ બેન્ડનો રંગ બદલાય તેનો અર્થ એ થશે કે પેશન્ટ કોરોના પોઝિટિવ છે. જો કોઈ બેન્ડ ન દેખાય તો પેશન્ટ કોરોના નેગેટિવ હોવાનું કહી શકાશે. આ ટેસ્ટ કિટ ચાઈનિઝ રેપિડ ટેસ્ટ કિટથી તદ્દન અલગ છે અને ચોક્સાઈમાં અનેકગણી વધુ કાર્યક્ષમ છે. અમેરિકાની બર્કલે યુનિ.માં પણ પેપર બેઝ્ડ ટેસ્ટ કિટમાં પ્રયોગો થયા છે. પરંતુ સ્વદેશી કિટ તેનાં કરતાં પણ વધુ ચોક્સાઈભરી છે. બંને બંગાળી વૈજ્ઞાનિકોએ પોતાના પ્રિય ફિલ્મસર્જક સત્યજીત રેના પાત્ર ડિટેક્ટિવ ફેલુદા પરથી આ કિટને ફેલુદા નામ આપ્યું છે. વાર્તાઓ અને ફિલ્મોમાં ફેલુદા જે પ્રકારે કોઈપણ રહસ્ય ઉકેલી શકતા હતા એ જ રીતે આ ટેસ્ટ કિટ પણ કોરોના સંક્રમણને આબાદ શોધી લે છે. જોકે ફેલુદા નામ એ ફક્ત યોગાનુયોગ છે. ટેસ્ટ કિટનું વૈજ્ઞાનિક નામ FNCAS9 EDITOR LINKED U N I F O R M D E T E C T I O N ASSAY છે, જેનું મિતાક્ષર નામ ફેલુદા થાય છે.

ભાવનગરમાં કોરોના સંક્રમિત સગર્ભાએ તંદુરસ્ત બાળકને જન્મ આપ્યો

અમરેલી

ગુજરાતનો એકમાત્ર જિલ્લો અમરેલી જે કોરોના મુક્ત હતો, તેને લઈને આજે એક મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. અમરેલીમાં કોરોનાની એન્ટ્રી થઈ ચૂકી છે. સુરતથી આવેલ એક વૃદ્ધાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. આ સાથે જ હવે આખું ગુજરાત કોરોનાગ્રસ્ત થઈ ચૂક્યું છે. હવે રાજ્યમાં કોઈ એવો જિલ્લો બાકી રહ્યો નથી જ્યાં કોરોનાનો રિપોર્ટ ના નોંધાયો હતો. આજે અમરેલી તાલુકાના ટીમ્બલા ગામના ૬૭ વર્ષના વૃદ્ધ મહિલાનો કોરોના પોઝિટિવ રિપોર્ટ આવ્યો છે. આ સિવાય આજે દ્વારકા, મહેસાણા, ખેડા, મહિસાગરમાં કેસો સામે આવ્યા છે. આ તમામ વાતો વચ્ચે આજે એક મહત્વપૂર્ણ એક સમાચાર ભાવનગરથી મળી રહ્યા છે. ભાવનગરમાં કોરોના સંક્રમિત મહિલાએ સ્વસ્થ બાળકને જન્મ આપ્યો છે.

ભાવનગરમાં મહિલાએ બાળકને જન્મ આપતા પરિવારમાં ખુશીનો માહોલ દેખાઈ રહ્યો છે. આ સર્ગભા મહિલાને કોરોના પોઝિટિવ આવતા હોસ્પિટલ ખસેડાઈ હતી. ઓપરેશન બાદ માતા અને બાળક બંને સ્વસ્થ છે. ભાવનગરમાં કોરોના પોઝિટિવ સગર્ભા મહિલા કે જેનું નામ સમાબેન મોહમદ નાયાણી છે. તેમણે એક સ્વસ્થ બાળકને જન્મ આપ્યો છે. ગઈકાલ રાત્રે જ મહિલાને કોરોના પોઝીટીવ રિપોર્ટ આવતા હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. ત્યારબાદ મોડી રાત્રે પીડા ઉપડતા તેનું ઓપરેશન કરાયું હતું. બાળકનું વજન ૩ કિલો ૬૦૦ ગ્રામ છે.

બાળકને જન્મ આપ્યા બાદ માતા અને બાળક બંને સ્વસ્થ છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે, ભાવનગરના આંબોચોક વિસ્તારમાં સવાઈગર શેરીમાં રહેતા શમાબાનુ નયાણી (૩.વ.૨૭)નો ગત રાત્રે પોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો. આથી તેને રાત્રે જ આઈસોલેશન વોર્ડમાં સારવાર માટે ખસેડાયા હતા. મહિલા ગર્ભવતી હોય અને પૂરા દિવસો થતા પ્રસૂતિની પીડા ઉપડી હતી. આથી આઈસોલેશન વોર્ડમાં જ લેબર રૂમ ઉભો કરવામાં આવ્યો હતો. તબીબોએ સિઝેરીયન કરતા મહિલાએ તંદુરસ્ત બાળકને જન્મ આપ્યો છે. બાળકનું વજન ૩ કિલો ૬૦૦ ગ્રામ છે. બાળકનો પણ રિપોર્ટ કરવામાં આવશે. હાલ બાળકને માતાથી અલગ રાખવામાં આવ્યું છે અને ડોક્ટર તથા નર્સ દ્વારા પૂરી સાર સંભાળ રાખવામાં આવી રહી છે. અગાઉ પણ બોટાદની કોરોના પોઝિટિવ સગર્ભાએ બાળકને જન્મ આપ્યો હતો.

પરપ્રાંતિયોને શ્રમિકો માટે ગુજરાતમાંથી દોડાવાઈ ૨૬૨ ટ્રેનો

ગુજરાતને આર્થિક ક્ષેત્રે પાટા પર લાવવા કમિટીની રચના, હસમુખ અઢિયાને સોંપાઈ જવાબદારી

રેડ ઝોન સિવાય ઓરેન્જ અને ગ્રીન ઝોનમાં એસટી સેવા શરૂ થશે

ગાંધીનગર

વિજય રૂપાણી દ્વારા કોવિડ ૧૯ની પરિસ્થિતિમાં આર્થિક પરિસ્થિતિ સમજવા માટે કમિટીની રચના કરવામાં આવી છે. જેના માટે ભારત સરકારના પૂર્વ નાણા સચિવ ડો.હસમુખ અઢીયાની અધ્યક્ષતામાં સમિતિ બનાવાઈ છે. આજે કેબિનેટ બેઠકમાં પ્રધાનમંત્રીના આર્થિક પેકેજ અંગે ચર્ચા થઈ છે. સેક્ટર પ્રમાણે આર્થિક નુકસાનીનો સરવે કરાશે. આર્થિક અને નાણાકીય ક્ષેત્રોએ પુનનિર્માણ અને પુનગઠનની ભલામણ સૂચવવા માટે આ કમિટીની રચના કરાઈ છે. આ ઉપરાંત અન્ય સભ્યોની પણ કમિટીમાં નિમણૂંક કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું કે, રાજ્યમા આર્થિક ગતિવિધિ, વેપાર, ધંધા અને નાણાકીય સ્થિતિની ભલામણો સૂચવવા માટે આ કમિટીની રચના કરાઈ છે. જેના સભ્ય તરીકે પ્રો. રવિન્દ્ર ઢોળકિયા, સિનિયર ટેક્સ કન્સલટન્ટ મુકેશ પટેલ, ફાઈનાન્શિયલ એક્સપર્ટ પ્રદીપ શાહ, રિટાયર્જ સિનીયર આઈએસ કિરીટી શેલટ, ની નિમણૂં કરાઈ છે. કિમિટીની મેમ્બર સેક્રેટરી તરીકે વીસી અને એમડી જીઈઆડીસી એમ. થેનારસનની નિમણૂંક કરાઈ છે. આ કમિટી એક મહિનામાં પોતનો રિપોર્ટ રાજય સરકારને રજૂ કરશે. કમિટીના કર્યક્ષેત્રમાં સેક્ટરોરિલ અને સબસોક્ટોરલ આર્થિક નુકસાનીનો અંદાજ મેળવીને ભલામણ કરશે. તેમજ અંદાજ પત્રની રાજકોશીય સુધારાના પગલા સચવશે. શ્રમિકોન સુધારા અંગે માહિતી આપશે. ફોરેને ઈન્વેસ્ટમેન્ટ માટે પણ ભલામણ સૂચવશે. ગુજરાત આર્થિક, સામાજિક વેપારી ક્ષેત્રે ફરી નંબર વન બને તે માટે પગલા લેવા એક્સપર્ટ કરમિટી દ્વારા સલાહ આપશે.

આ ઉપરાંત ગુજરાત સરકાર દ્વાર ગુજરાતના તમામ કલેક્ટર્સને તાકીદ કરાઈ છે કે, ગુજરાત સરકાર દ્વારા મોટાપાયે પરપ્રાંતિયોને શ્રમિકોને પોતાના વતનમાં મોકલવા માટે શક્યત તમામ મદદ કરવામાં આવે. ગઈકાલ રાત સુધી દેશભરમાંખી ૬૪૦ટ્રેનો દોડી છે. જેમાંથી માત્ર ગુજરાતમાંથી જ ૨૬૨ ટ્રેન નીકળી છે. આમ, દેશમાથી દોડાવાયેલી કુલ ટ્રેનોની ૪૧ ટકા ટ્રેનો ગુજરાતમાંથી દોડી છે. આજે બીજી ૩૭ ટ્રેન અન્ય રાજ્યોમાં જવા રવાના થશે. જેમાંથી અમદાવાદથી ૧૦, સુરતથી ૧૨, રાજકોટથી ૪ અને વડોદરાથી ૩ ટ્રેન જશે.

રેડ ઝોન સિવાય ઓરેન્જ અને ગ્રીન ઝોનમાં એસટી સેવા શરૂ થશે

રાજ્યમાં લોકડાઉન ૪.૦ પહેલા સરકાર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો. રાજ્યમાં રેડ ઝોન સિવાય ઓરેન્જ અને ગ્રીન ઝોનમાં એસટી સેવા શરૂ થશે. એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં બસ શરૂ થશે, ઓરેન્જ ઝોન જિલામાંથી ગ્રીન ઝોન જિલ્લામાં બસ જશે નહી.

ઓરેન્જ ઝોન જિલ્લામાંથી બીજા ઓરેન્જ ઝોન જિલ્લામાં જ બસ અવર જવર કરશે. ગ્રીન ઝોન જિલ્લામાંથી બીજા ગ્રીન ઝોન જિલ્લામાં બસ અવર જવર કરી શકશે. બે ગ્રીન ઝોન જિલ્લા વચ્ચે રેડ ઝોન જિલ્લા હશે તો બસ પસાર નહી થાય અને રેડ ઝોન જિલ્લામાંથી બસ અવર જવર નહી કરી શકે.

હાઈકોર્ટના નિર્ણયને ભુપેન્દ્રસિંહે સુપ્રીમ કોર્ટમાં પડકારતી અપીલ દાખલ કરી

ગાંધીનગર

રાજ્યના કેબિનેટ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાને મંગળવારે સૌથી મોટો ઝાટકો લાગ્યો હતો. ગુજરાત હાઈકોર્ટે ચુડાસમાની ૨૦૧૭ની ધોળકા વિધાનસભા બેઠક ઉપરથી પાતળી સરસાઈથી જીતની વિરુદ્ધમાં ચુકાદો આપ્યો હતો. ગુજરાત હાઈકોર્ટના ઓર્ડરને હવે મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ સુપ્રીમ કોર્ટમાં પડકારતી અપીલ દાખલ કરી છે. ભુપેન્દ્રસિંહ હાઈકોર્ટના ચુકાદા સામે સુપ્રીમમાં પોતાનો પક્ષ રાખવા પહોંચ્યા છે. ગઈકાલે ચુડાસમાની જીતને પડકારતી અરજીમાં નિર્ણય આવ્યો હતો. કોંગ્રેસ ઉમેદવાર અશ્વિન રાઠોડની તરફેણમાં ચુકાદો આવ્યો હતો. ગુજરાત હાઈકોર્ટે ૨૦૧૭ વિધાનસભાની ધોળકા બેઠકની ચૂંટણી રદ કરી છે. ધોળકા બેઠકને લઈને કોંગ્રેસે હાઈકોર્ટમાં ઈલેક્શન પીટિશન કરી હતી. ધોળકા બેઠક પર ભૂપેન્દ્રસિંહ ચુડાસમા માત્ર ૩૨૭ મતે જીત્યા હતા. બેલેટ પેપરની ગણતરી કરવામાં ન આવતા હાઈકોર્ટમાં સમગ્ર મામલો પહોંચ્યો હતો અને હાઈકોર્ટે સૌથી મોટો નિર્ણય સંભળાવ્યો હતો. ભુપેન્દ્રસિંહ શિક્ષણ મંત્રીની સાથે કાયદા મંત્રી પણ છે. ભાજપ હાઈકમાન્ડે પણ આ મામલે પોતાનું વલણ સ્પષ્ટ કરતા જણાવ્યું છે કે ભુપેન્દ્રસિંહ ચુડાસમા પોતાના પદ પરથી રાજીનામું નહીં આપે અને તેઓ મંત્રી તરીકે યથાવત્ રહેશે. સુપ્રીમ કોર્ટમાં અપીલ દાખલ કરવામાં આવી હોવાથી સર્વોચ્ચ ન્યાયાલયના ચુકાદાની રાહ જોવામાં આવશે.

અમદાવાદના કડક લોકડાઉનમાં નારોલમાંથી ઝડપાયો લાખો રૂપિયાનો દારૂ

અમદાવાદ

રાજયમાં કોરોનાની મહામારીનો પ્રકોપ યથાવત છે, ત્યારે શહેરમાં પણ આ જીવલેણ વાયરસનાં કારણે અનેક લોકો ચેપગ્રસ્ત અને મૃત્યુ પામ્યા છે. રાજ્યમાં અને અમદાવાદ શહેરમાં લોકડાઉનનું ચુસ્તપણે અમલ થઈ રહ્યો છે, તો આ દાવા પોકળ સાબિત થાય તેવી ઘટના શહેરમાં સર્જાઈ છે. જેમાં અમદાવાદ શહેરનાં નારોલ વિસ્તારમાંથી લાખો રૂપિયાનો દારૂ ઝડપાયો છે. ત્યારે આ ઘટના લોકડાઉન વચ્ચે સર્જાઈ છે. શહેરમાં લોકડાઉનનો કડક અને સખ્તાઈનાં અમલ યથાવત છે તો આ વચ્ચે લાખો રૂપિયાનાં દારૂની હેરાફેરી કઈ રીતે શક્ય છે.

સ્થાનિક પોલીસે ચોક્કસ બાતમી આધારે નારોલ નેશનલ હાઈવે નજીક આવેલા એક સરકારી મકાનમાં દરોડો પાડ્યો હતો. આ દરોડા દરમ્યાન સરકારી મકાનમાંથી પાંચ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે અગાઉ પણ દેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં પોલીસને સફળતા મળી હતી. આ દારૂ શહેરનાં વટવા વિસ્તારમાંથી પીસીબીએ ઝડપી પાડ્યો હતો, આ દેશી દારૂ નડિયાદથી શહેરમાં લાવવામાં આવ્યો હતો.

ઈસનપુરમાંથી એક જ પરિવારના ૮ લોકો કોરોના પોઝિટીવ આવતા તંત્રમાં ખળભળાટ

અમદાવાદ

શહેરના ઈસનપુર વિસ્તારમાં કોરોના પોઝિટિવ કેસ સતત વધી રહ્યા છે. ઈસનપુરના ગોવિંદવાળી વિસ્તારમાં આવેલી ટેનામેન્ટની સૌજન્ય સોસાયટીમાં રહેતા એક જ પરિવારના આઠ લોકો કોરોના પોઝિટિવ થતા વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે. મળતી માહિતી મુજબ ઈસનપુર વિસ્તારમાં કોરોના પોઝિટિવ કેસનો આંકડો ૧૦૦ થી પણ ઉપર પહોંચી ગયો છે, ત્યારે ગોવિંદવાડીમાં આવેલી આ સોસાયટીમાં એક જ પરિવારના ૮ લોકો પોઝિટિવ થતા તેમને સારવાર માટે પણ એક હોસ્પિટલથી બીજી હોસ્પિટલ દોડવું પડ્યું છે. સિવિલ કે એસવીપીમાં જગ્યા ન હોવાથી સારવાર માટે મનાઈ કરાઈ છે. પૂર્વ કોર્પોરેટર દક્ષેશ મહેતાનો સંપર્ક કરતા તેમણે કહ્યું કે, ગોવિંદવાળી વિસ્તારની રત્ન હોસ્પિટલ કોર્પોરેશને લઈ લીધી છે પણ હજુ સુધી સારવાર શરૂ કરાઈ નથી. ઈસનપુરના અનેક દર્દી સારવાર મેળવવા દોડી રહ્યા છે.

રાજકોટ લોકડાઉનમાં બેકારીથી કંટાળી યુવાને ઝેરી દવા ગટગટાવી કર્યો આપઘાત

રાજકોટ

લોકડાઉનને લીધે તમામ ધંધા-રોજગાર પડી ભાંગ્યા છે. આવી પરિસ્થિતિમાં મજૂરીકામ કરીને પેટીયું રળતા લોકો માટે તો આફતના દિવસો આવી ગયા છે. ત્યારે મૂળ લોધિકાના ચીભડા ગામનો અને રાજકોટના મોરબી રોડ ઉપર આવેલ ખોડિયાર પાર્કમા મોટાભાઈ સાથે રહી ચાંદીકામ કરી ગુજરાન ચલાવતા નીરવ બાબુભાઈ ભાડુકીયા (૩.વ.૨૩) નામના યુવાને કામધંધો બંધ હોય બેકારીથી કંટાળી ગત રાત્રે ઝેરી દવા પી લેતા હોસ્પિટલે ખસેડાયો હતો.

જ્યાં તેનું મોત નીપજતા પટેલ પરિવારમાં શોક વ્યાપી ગયો છે. માલવીયાનગર પોલીસ સ્ટેશનના એએસઆઈ યુ.બી. પવારે જણાવ્યું હતું કે, યુવાને બેકારીથી કંટાળી આપઘાત કર્યો છે. થોડા દિવસ પહેલા જ રાજકોટના કુવાડવા ગામે રહેતા ૯૫ વર્ષના વૃદ્ધે બીડી ન મળતા આપઘાત કર્યો હતો. બીડી વગર તેને કુદરતી હાજતે જવાની તકલીફ પડી રહી હતી. આથી તેઓ આખરે કંટાળ્યા હતા અને ઘરના રૂમમાં જ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. રાજકોટમાં એક યુવાનને તમાકુ ન મળતા અગ્નિસ્નાન કર્યું હતું.

નિરાશ્રિતોની વ્હારે આવીને દહેગામ પોલીસે માનવસેવાનું શ્રેષ્ઠ ઉદાહરણ પુરું પાડ્યું

દહેગામ

કોરોના વાયરસને પગલે સમગ્ર રાજ્યમાં કડક લોકડાઉન જાહેર કરાયું છે. અમદાવાદ, ગાંધીનગર તેમજ દહેગામમાં આગામી કેટલાક દિવસ દૂધ અને દવા સિવાય તમામ ચીજવસ્તુઓનું વેચાણ બંધ કરવા આદેશ કરાયો છે. જો કે આવા સમયે ભીક્ષુકો અને નિરાધારોની હાલત કફોડી થઈ છે. લોકો ઘરની બહાર આવી શકતા નથી ત્યારે આવા નિરાશ્રિતોની વ્હારે આવીને દહેગામ પોલીસે માનવસેવાનું શ્રેષ્ઠ ઉદાહરણ પુરું પાડ્યું છે.

દહેગામ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ પી.જે સોલંકી તથા હે.કોન્સ્ટેબલ અજમલભાઈ દેસાઈ અને સ્ટાફ પેટ્રોલિંગ કરી રહ્યા હતા ત્યારે દહેગામ રખિયાલ રોડ પર રેવાબા સ્કુલ પાસે એક માનસિક અસ્થિર જેવો દેખાતો માણસ તાપમાં બેઠો હતો જેને પોલીસ કર્મચારીઓ દ્વારા લઈ જઈ તેને નવડાવ્યો હતો તેને નવા કપડાં લઈ આપ્યા હતા.

ત્યારબાદ પોલીસે તેને તૈયાર કરી અને દહેગામ બસ સ્ટેશન ખાતે લઈ આવ્યા હતા, ત્યાર બાદ તેના માટે જમવાની વ્યવસ્થા કરી પોલીસે તેને જમાડી અને બસ સ્ટેશન ખાતે હાલ હંગામી ધોરણ પૂરતી રહેવાની વ્યવસ્થા કરી હતી, પોલીસની આવી ઉમદા કામગીરી જોઈને શહેરી જનોમાં આનંદની લાગણી વ્યાપી હતી.

ભાજપના કાર્યકરે હળવદનાં PI પર ચઢાવી દીધી કાર, કચડીને હત્યાના પ્રયાસનો આક્ષેપ

હળવદ

મોરબીમાં હાલ પોલીસ ચોવીસ કલાક મહામારી સામે લડવા માટે કોરોના યોદ્ધા બની કામગીરી કરી રહી છે. ત્યારે લૉકડાઉનનું ભાજપના આગેવાનો દ્વારા જ ઉલ્લઘન કરતા હોય તેવા દ્રશ્યો હળવદમાં જોવા મળી રહ્યા છે. ભાજપના આગેવાનો સિવાય તમામને લૉકડાઉનના નિયમો લાગુ પડતા હોય તેવો ઘાટ સર્જાયો છે. ત્યારે ગતરાત્રીના હળવદના કડીયાના રહેવાસી અને ભાજપના આગેવાન અશોકસિંહ જાડેજા સરા ચોકડી નજીક પોતાની સફેદ કલરની કાર લઈને આવ્યા હતા અને ફરજ પરના પીઆઈ સંદીપ ખાંભલા સાથે અણછાજતુ વર્તન કરી અને પીઆઈ ખાંભલાને ધક્કો મારી તેના પર ગાડી ચઢાવીને હત્યાનો પ્રયાસ કર્યો હતો. જોકે સમયસૂચકતા વાપરી પીઆઈ ખસી જતા તેઓનો આબાદ બચાવ થયો હતો.

પરંતુ સરા ચોકડી પર ગઈકાલે ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા. આ મામલે હળવદ પોલીસ સ્ટેશનના પીઆઈ સાંદિપ ખાંભલા પર કાર ચઢાવી હત્યા કરવાનો પ્રયાસ, ફરજમાં રૂકાવટ સહિતની કલમો હેઠળ અશોકસિંહ જાડેજા વિરુદ્ધ ભારે કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. આ બનાવનું મૂળ એક માસ પૂર્વે થયેલી માથાકૂટ હોવાનું સુત્રોમાંથી જાણવા મળ્યું છે. જેમાં હળવદમાં લોકડાઉનનું પાલન કરાવતા પોલીસ કાફલાએ હિતેશ નામના ભાજપના કાર્યકરને રોક્યો હતો. જેમાં કારણ યોગ્ય ન જણાતાં પોલીસે તેના વિરુદ્ધ લોકડાઉન ભંગનો ગુનો નોંધ્યો હતો. જેમાં આ સમયે ભાજપના આગેવાનોએ હળવદ પોલીસ મથકે જઈને પીઆઈ સંદીપ ખાંભલા સાથે ગેરવર્તણૂક કરીને માથાકુટ થઈ હતી. જેના વિડીયો પણ વાયરલ થયા હતા. આ સમયે પણ હળવદ પીઆઈ બધી વાતોને ભૂલીને પોતાની ફરજને વળગી રહ્યા હતા.

આ જ માથાકુટનુ મનદુખ રાખી હળવદના ભાજપના નેતાએ જ પીઆઈ સંદીપ ખાંભલાને ચાલુ ફરજે બિભત્સ ગાળો ભાંડી કાર ચઢાવી કચડી નાખવાનો પ્રયત્ન કર્યો હતો. જે બાદ ધમકી આપતા જણાવ્યું હતું કે, હવે હું જોવુ છું હળવદ પોલીસ સ્ટેશનમા તમે કેમ નોકરી કરો છો. બાદમાં પીઆઈને ધક્કો મારી નીચે પછાડીને કાર ઉપર ચઢાવીને નાસી છૂટ્યો હતો. સદનસીબે પીઆઈ સાંદિપ ખાંભલાનો બચાવ થયો હતો બનાવની જાણ થતા મોરબી ડીવાયએસપી રાધિકા ભારાઈ, એલસીબી એસઓજી સહિતનો પોલીસ કાફલો હળવદ દોડી ગયો હતો. આરોપી અશોકસિંહ જાડેજા નાસી જતા તેની શોધખોળ હાથ ધરી છે.

અમદાવાદ ગ્રામ્યમાં કોરોના કેર યથાવત, પોઝિટિવનો આંક વધીને ૧૧૬ થયો

સૌથી વધુ ધોળકામાં કુલ ૫૧ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા

અમદાવાદ

શહેરમાં કોરોનાનો વ્યાપ વધી રહ્યો છે. ત્યારે ગ્રામ્ય વિસ્તાર અને જિલ્લામાં તેની અસર જોવા મળી રહી છે. અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાના કુલ ૧૧૬ પોઝિટિવ કેસ સામે આવ્યા છે. જેમાં સૌથી વધુ ધોળકામાં કુલ ૫૧ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. અમદાવાદ જિલ્લામાં ૧૩મી મે સવારના ૯ કલાક સુધીમાં કુલ નવા ૩ કોરોના પોઝિટિવ કેસ સામે આવતા કુલ આંકડો વધીને ૧૧૬ પર પહોંચ્યો છે. અમદાવાદથી માત્ર ૩૦ કિલોમીટર દૂર આવેલા ધોળકામાં માત્ર એક કોરોના પોઝિટિવ કેસ સામે આવ્યો હતો. જોકે તાલુકામાં કોરોના પોઝિટિવની સંખ્યા ૫૧ છે. જિલ્લામાં ધોળકા તાલુકામાં સૌથી વધુ ૪૯ પોઝિટિવ કેસ બાદ હવે દસ્ક્રોઈ તાલુકામાં કુલ ૪૭ નોંધાયા છે. આ સિવાય વિરમગામમાં પણ એક પોઝિટિવ કેસ નોંધાયો છે.

અમદાવાદ જિલ્લામાં કોરોનાથી માત્ર ત્રણ લોકોના મોત નિપજયા છે.કોરોના પોઝિટિવ દર્દીઓની સંપર્કમાં આવનાર ૮૩૪ લોકોને હોમ-ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે.અમદાવાદના ગ્રામીણ અને જિલ્લામાં ૮ ચેક પોસ્ટ ઉભી કરાઈ છે. જેમાં ૧.૫૧ લાખ લોકોનું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું છે અને જે પૈકી શંકાસ્પદ લાગતા ૨૭ લોકોને નજીકની કોરોના હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા હતા. છેલ્લા ૨૪ કલાકમાં ૨૭ હજાર જેટલા ઘરોનું સર્વિલાન્સ કરવામાં આવ્યું છે. ગત સોમવારે દસ્ક્રોઈ તાલુકામાં નવા ૦૮ કેસ પોઝિટિવ આવતા કુલ આંકડો ૫૪ પર પહોંચ્યો હતો. અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં સેનેટાઈઝેશન કરવા માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સેનેટાઈઝેશન ટેક્નો ઉપયોગ કરવામાં આવી રહ્યું છે.મહત્વનું છે કે, મોટાભાગના કેસ અમદાવાદ ગ્રામ્ય બોપલ, ઈન્દીરાનગર, ધોળકા સહિતના વિસ્તારોમાં નોંધાયા છે. ધોળકામાં ૫૧અને સાણંદમાં ૯ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. આ વિસ્તારોમાં કોરોનાને ફેલાવતા અટકાવવા માટે તંત્ર દ્વારા માસ સેનિટાઈઝેશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી જેમાં આશરે ૮૭ હજાર જેટલા ઘરોને સેનિટાઈઝ કરવામાં આવ્યા હતા.

કોરોનામુક્ત અમરેલીમાં વાયરસના પ્રવેશને રોકવામાં તંત્ર નિષ્ફળ

સમગ્ર ગુજરાત બન્યું કોરોનાગ્રસ્ત, હવે અમરેલીમાં પણ વાયરસનો પગપેસારો

૭૫ વર્ષના વૃદ્ધ મહિલામાં કોરોના પોઝિટિવ, ચેક કરનાર ડોક્ટર પણ કોરેન્ટાઈન

અમરેલી

રાજ્યમાં કોરોનાનો કહેર યથાવત છે. જ્યારે રાજ્યનો ફક્ત અમરેલી જિલ્લો ગ્રીન ઝોનમાં હતો, ત્યાં પણ કોરોનાનો પગપેસારો થયો છે. સુરતથી ગઈ કાલે આવેલા અમરેલી તાલુકાના ટીમ્બલા ગામના ૭૫ વર્ષના વૃદ્ધ મહિલામાં કોરોના પોઝિટિવ રિપોર્ટ આવ્યો. ગુજરાતનો એકમાત્ર જિલ્લો અમરેલી જે કોરોના મુક્ત હતો ત્યાં પણ હવે કોરોનાની એન્ટ્રી થઈ ગઈ છે. સુરતથી આવેલ વૃદ્ધાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યોછે. વૃદ્ધ મહિલાને ખેડૂત તાલીમ કેન્દ્ર ખાતે તપાસમાં આવ્યા હતા જેના કારણે હવે તેને પણ બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ઉપરાંત વૃદ્ધાને ચેક કરનાર એક ડોક્ટરને પણ કોરેન્ટાઈન કરવામાં આવ્યા છે.

સુરતથી આવેલ મહિલાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા અમરેલી જિલ્લામાં સુરતથી કોરોનાની એન્ટ્રી થઈ છે. ગ્રીન ઝોન ગણાતા અમેરિલામાં પ્રથમ કેસ આવતા લોકોમાં ફફડાટ જોવા મળ્યો છે. ગુજરાતની સરકારની વેબસાઈટ અનુસાર દ્વારકામાં અત્યાર સુધીમાં ૭૪૦ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. જેમાંથી ૧૧ લોકોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. જ્યારે એક પણ દર્દીને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા નથી. દ્વારકા જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૬૮૩ લોકો કોરેન્ટાઈન હેઠળ છે. ઉપરાંત જિલ્લામાં હજુ સુધી એકપણ વ્યક્તિનું કોરોનાને કારણે મોત થયું નથી.

૧૨ મેના રોજ સાંજ સુધીમાં સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા અનુસાર, રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૨૪ લોકોનાં મોત થયા છે. જેમાંથી ૪નાં મોત પ્રાથમિક રીતે કોવિડ-૧૯નાં કારણે જ્યારે ૨૦નાં મોત કોરોના સિવાય કોમોબીડીટી, હાઈરીસ્કની બીમારીના કારણે થયા છે. ૨૪ પૈકી અમદાવાદમાં ૨૧ અને રાજકોટ સુરત અને વડોદરામાં એક-એક મોત થયું છે. રાજ્યમાં અત્યાર સુધી નોંધાયેલ કુલ ૮૯૦૪ કોરોના કેસમાંથી ૩૦ દર્દી વેન્ટિલેટર પર છે અને ૫૦૯૧ સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કુલ ૩૨૪૬ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૧૧૯૫૩૭ ટેસ્ટ થયા જેમાંથી ૮૯૦૪ કોરોના પોઝિટિવ કેસ આવ્યા છે.

બહારગામના રેડઝોનમાંથી ૧૭૪૬ લોકો મુસાફરી કરી સુરતમાં આવ્યા

બહારગામથી આવતા લોકો માટે મેડિકલ સેર્વલન્સ શરૂ કરી દેવાયું

સુરત

સુરત મહાનગર પાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ગઈ કાલે તા.૧૨મેના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, શહેરમાં પોઝિટીવ કેસામાં ૫૭.૭ ટકા રિકવરી રેટ થયો છે જે એક ખુબ જ સારો રેટ છે, જેની પાછળનું કારણ છઈ કેસોની અર્લી આઈડેન્ટીફિકેશન કરવામાં આવે છે. ૪.૨ ટકા મૃત્યુ દર છે.

પોઝિટીવ કેસો પૈકી સૌથી વધુ સુરતના લિંબાયત ઝોનમાં છે. લિંબાયતમાં સાડા ચાર લાખ કરતા વધુ લોકોનો સર્વે કરવામાં આવ્યો છે.

મ્યુ. કમિશનરશ્રીએ વધુમાં જણાવ્યું કે, આજની સ્થિતિએ ૧૯૦૬ લોકો હોમ ક્વોરેન્ટાઈન અને વિકેન્દ્રિત ક્વોરેન્ટાઈન સેન્ટરમાં ૪૯૩ લોકો છે. સમરસ ખાતે કોવિડ કેર સેન્ટરમાં ૧૧૬ લોકો છે. લિંબાયતમાં ૭૯,૩૮૮ જેટલા લોકોને હોમિયોપેથી દવાનું વિતરણ કરવામાં આવ્યું છે. ઉધના ઝોનમાં ૩,૯૨,૬૭૩ લોકોને તથા કતારગામ ઝોનમાં ૨,૬૭,૭૬૨ લોકોને હોમિયોપેથી દવાનું વિતરણ કરવામાં આવ્યું છે. આયુષ મંત્રાલયના સુચન પ્રમાણે દવાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. દરેક દવાની દુકાનમાં આયુષ મંત્રાલય દ્વારા સુચન કરેલી હોમિયોપેથી દવાઓ રાખવાની રહેશે.

હાલની પરિસ્થિતિમાં આંતરરાજ્ય મુસાફરો આવી રહ્યા છે. સુરતમાં લોકોને સ્ટોપેજ, ક્વોરેન્ટાઈન સગવડ અને મેડિકલ સર્વેલન્સ હેઠળ રહે તે માટે તંત્ર કાર્યરત છે. આંતરરાજ્યમાંથી ગુજરાત આવતા જે તે વિસ્તારના રેડ ઝોનમાંથી ૧૭૪૬, ઓરેન્જ ઝોનમાંથી ૮૦૩ ગ્રીનઝોનમાંથી ૨૬૮ એમ મળીને કુલ લોકોની સંખ્યા ૩૦૧૩ છે.

સ્લમ એરિયામાં વધતાં કેસો સામે ૪૮ ફિવર ક્લિનિક ચાલુ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ૮૭ જેટલા સ્લમ વિસ્તારમાં સેનેટાઈઝેશનની પ્રક્રિયા કરવામાં આવી છે. આ વિસ્તારોમાં કુલ ૨૨૨ ફુટ ઓપરેટેડ હેન્ડ વૉશિંગ મશીન મુકવામાં આવેલા છે. કોરોના જાગૃત્તિ માટે ૭૫ પ્રચાર ગાડી મુકવામાં આવી છે. ૪૫૩ ડોર-ટુ-ડોર ગાડીઓ દ્વારા કોવિડ-૧૯ વિષે લોકોને માહિતગાર કરવામાં આવી રહ્યા છે. આજ દિન સુધી શહેરમાં કુલ ૨,૦૩,૪૦૪ સ્થળોએ ડિસઈન્ફેક્શનની કામગીરી કરવામાં આવી છે. સંવેદના પ્રોજેક્ટ હેઠળ સ્વૈચ્છિક સંસ્થાઓ અને મહાનગરપાલિકા દ્વારા ૪,૫૪,૩૫૦ ફુડ પેકેટનું આજે વિતરણ કરવામાં આવ્યું છે.

વધુમાં કમિશનરે વર્લ્ડ નર્સિંગ ડે નિમિતે તમામ નર્સ કમ્યુનિટીનો આભાર પ્રકટ કરી તેમની કામગીરીને બિરદાવી હતી. તેમણે જણાવ્યું કે, લોકો માનસિક રીતે તંદુરસ્ત રહી શકે તે માટે યોગ અને પ્રાણાયામ કરવા જોઈએ. તકેદારીના ભાગરૂપે આયુષ મંત્રાલયના અને હોમિયોપેથી મુજબના ઈમ્યુનિટી વધારનાર ચીજવસ્તુઓનું સેવન કરવું જોઈએ. ઈન્ફેક્શન રોકવા દુકાનદારે રાખવાની કાળજી અંગે પ્રચાર પ્રસાર કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. માસ્કનો અવશ્ય ઉપયોગ કરી સોશ્યલ ડિસ્ટન્સિંગનું પાલન કરવાનો શ્રી પાનીએ ભારપૂર્વક અનુરોધ કર્યો હતો.

વિરમગામમાં કોરોનાના બે દર્દીઓનું સારવાર દરમ્યાન મોત

સુરેન્દ્રનગર

વિરમગામમાં કોરોનાથી બે દર્દીના મોત નિપજ્યા હતા. બન્ને દર્દીના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ત્યારે મોડી રાત્રે બન્ને દર્દીના મોત થયા. જે પૈકી એક દર્દીને સારવાર માટે સુરેન્દ્રનગરની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમનું મોડી રાત્રે મોત થયું. રાજ્યમાં સંપૂર્ણ લોકડાઉનનો કડક પૂર્ણ અમલ કરવામાં આવી રહ્યો છે. ત્યારે અમદાવાદ શહેરમાં પણ સખ્તાઈથી અમલ કરવાથી જીવલેણ વાયરસની વાત કરીએ તો છેલ્લાં ૨૪ કલાક દરમિયાન ગુજરાતમાં ૩૬૨ કેસો નોંધાયા હતાંજેના કારણે કુલ કેસોનો આંકડો વધીને ૮૯૦૪ સુધી પહોંચ્યો છે.આજે પણ કોરોના વધુ ૨૪ દર્દીઓને ભરખી ગયો હતો.અત્યાર સુધીમાં રાજ્યમાં કોરોનાના લીધે ૫૩૭ના મોત થઈ ચૂક્યાં છે.

લોકડાઉનના કારણે ઈંટના ભઠ્ઠાના કામે ફસાયેલા ડાંગના શ્રમિકોની વ્હારે આવ્યું વહીવટીતંત્ર

આહવા

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા જિલ્લા સેવા સદન ખાતે આજરોજ ડાંગ કલેકટરશ્રી એન.કે.ડામોરના માર્ગદર્શન હેઠળ લોકડાઉનના કારણે ઈંટના ભઠ્ઠામાં કામ કરતા શ્રમિકોને આજરોજ લકઝરી બસની વ્યવસ્થા કરીને મધ્યપ્રદેશ રવાના કરાયા હતા.

મામલતદાર શ્રી ધવલ સંગાડાએ માહિતી આપતા જણાવ્યું હતું કે કોરોના વાઈરસના કારણે લોકડાઉન અમલી થતા ડાંગ જિલ્લામાં ઈંટના ભઠ્ઠામાં કામ કરી ગુજરાન ચલાવતા કુલ- ૪૪ જેટલા શ્રમિકો ફસાયા હતા. જેમને સરકારશ્રીના દિશાનિર્દેશ મુજબ આજરોજ મધ્યપ્રદેશ જવા માટે રવાના કરાયા હતા. આ શ્રમિકો બુરહાનપુર,કટની અને ખરગોનના હતા. અત્યાર સુધીમાં સમગ્ર ડાંગ જિલ્લામાં આહવા તાલુકામાં મધ્યપ્રદેશના ૪૦૦,સુબીર તાલુકામાં ૯૦ અને મહારાષ્ટ્રના ૬૪ તેમજ વધઈ તાલુકામાં મધ્યપ્રદેશના ૩૧,મહારાષ્ટ્રના ૨૦ શ્રમિકોને વહીવટી તંત્ર અને પોલીસતંત્રની સંયુક્ત કામગીરીથી અનાજની કીટ સાથે પરપ્રાંતિયોને પોતાના વતનમાં મોકલવામાં આવ્યા છે.

આહવા ખાતેથી રવાના થયેલા શ્રમિકોને જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓએ અનાજની કીટ અર્પણ કરી હતી. આ પ્રસંગે નિવાસી નાયબ કલેકટરશ્રી ટી. કે. ડામોર, નાયબ પોલીસ અધિક્ષકશ્રી જે. આઈ. વસાવા,પ્રાંત અધિકારીશ્રી કાજલબેન ગામીત, એ. સી. બી.પોલીસ ઈન્સ્પેકટર શ્રી એ.વાય પટેલ,સહાયક માહિતી નિયામકશ્રી કે.એસ.પરમાર સહિત અધિકારીઓએ શ્રમિકોને વિદાય આપતા શ્રમિકોએ ખુશી વ્યક્ત કરી હતી.

અમરેલીમાં આવેલ ગંગાનગર ૧ સોસાયટીમાં આયુર્વેદિક ઉકાળો અને હોમિયોપેથિક દવાનું વિતરણ



અમરેલી જિલ્લામાં આવેલ ગંગાનગર ૧ સોસાયટીમાં લોકોની રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય અને કોરોના રોગથી બચી શકાય માટે આયુર્વેદિક ઉકાળો અને હોમિયોપેથીક દવા નું વિતરણ કરવામાં આવ્યું. ડૉ. દીપક ચાવડા (આયુર્વેદિક મેડિકલ ઓફિસર જનરલ હોસ્પિટલ અમરેલી), ડૉ. હિમાંશુ વાજા (હોમિયોપેથીક મેડિકલ ઓફિસર જનરલ હોસ્પિટલ અમરેલી) તથા સોસાયટીમાં રહેતા નરેન્દ્ર મકવાણા (સામાજિક કાર્યકર) સંગીતા મકવાણા (સામાજિક કાર્યકર) દ્વારા આયોજન કરવામાં આવેલ. વિશેષ ઉપસ્થિતિમાં દિનેશભાઈ કાપડિયા (શાંતાબા મેડિકલ કોલેજ એન્ડ જનરલ હોસ્પિટલ અમરેલી) પણ હાજર રહ્યા હતા. (નરેન્દ્ર મકવાણા)

કોરોના વાયરસ તથા કાયદાકીય ઉદ્ભવતા પ્રશ્નો સંદર્ભમાં વાર્તાલાપ

કોરોના સંક્રમિત કેટલાક લોકોને લક્ષણો દેખાતા નથી : શ્રીમતી પ્રીતિબેન જોષી

સુરત

ધી સુરત ડિસ્ટ્રીક્ટ લેડી એડવોકેટ્સ એક્ટીવ કમિટીના કન્વીનર પ્રીતિ જિજ્ઞેષ જોષી દ્વારા તા.૩-૫-૨૦૨૦ના રવિવારના રોજ સાંજે ૭ કલાકથી કોરોનાના સમયમાં ભારતના દરેક નાગરિકોએ રાખવાની સાવચેતી અને કાયદાકીય જાગૃતિના વિષય ઉપર એક પરિસંવાદનું આયોજન સોશિયલ મીડિયાના માધ્યમ દ્વારા નાગરિકો માટે કરાયેલુ. આ વિષયનાં પ્રોગ્રામનું સંચાલન એડવોકેટ પ્રીતિ જે. જોષીએ કરેલુ તથા કોવિડ-૧૯ સંદર્ભે વિસ્તૃતમાં જણાવેલુ કે મહામારી એટલે એવો રોગચાળો કે જે વિશ્વસ્તરે ખૂબ મોટાપાયે આંતરરાષ્ટ્રીય સરહદોને વટાવીને ફેલાતો રોગ, જેમાં મોટી સંખ્યામાં લોકો અસરગ્રસ્ત થયા હોય અને આ રોગ ચેપી હોય છે. તેને મહામારી તરીકે જાહેર કરેલ છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ ૧૧ માર્ચ ૨૦૨૦ના રોજ આ રોગને મહામારી તરીકે જાહેર કરેલ છે. કોરોના વાયરસ એ પ્રાણીઓ અને મનુષ્યોમાં બીમારી પેદા કરે તેવા વાયરસોનું એક જથ્થો છે. જેની કોવિડ-૧૯ નામનો રોગ કહેવાય છે. કોવિડ-૧૯ના લક્ષણોમાં તાવ, થાક, સૂકી ખાંસી, દુખાવો, બંધ નાક, વહેતુ નાક, ગળામાં બળતરા અથવા ઝાડા હોઈ શકે છે. કેટલાક લોકો સંક્રમિત થાય છે પણ તેઓને કોઈ લક્ષણો જણાતા નથી અને તેવો બીમાર હોવાનું અનુભવતા નથી. આ રોગ વૃદ્ધો કે જેઓ બ્લડપ્રેશર, હૃદયરોગ, ડાયાબિટીશથી પીડાતા હોય તેઓને આ ગંભીર બીમારી થવાની સંભાવના વધુ રહે છે. એટલે ઉધરસ કે શ્વાસ લેવામાં તકલીફ પડતી હોત તો તાકીદે ડોક્ટરનો સંપર્ક કરવો જોઈએ.

વધુમાં પ્રીતિ બેને કોવિડ-૧૯ કેવી રીતે ફેલાય છે, તે સંદર્ભે જણાવેલુ કે વાયરસથી સંક્રમિત વ્યક્તિ અન્ય વ્યક્તિના પ્રત્યક્ષ-પરોક્ષ સંપર્કમાં એટલે કે સંક્રમિત વ્યક્તિ ખાંસી ખાય અથવા શ્વાસ બહાર કાઢે ત્યારે તેના નાક અને મોં માંથી બહાર આવતા સુક્ષ્મ કણો દ્વારા બીજી વ્યક્તિ સુધી ફેલાય શકે છે.

સુરત લોકડાઉનમાં ભાજપના મહિલા કાઉન્સિલર ઘરે શાકભાજી વેચી બન્યા આત્મનિર્ભર

સુરત

ગઈકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રજોગ સંદેશમાં લોકોને આત્મનિર્ભર થવા અંગે હાકલ કરી હતી. જેની અસર સુરતના મહિલા કોર્પોરેટરમાં દેખાઈ હોય તેવો વીડિયો અને ઓડિયો સામે આવ્યો છે. ભટાર વોર્ડ નંબર ૨૨ના મહિલા કોર્પોરેટર પુષ્પા પટેલ પોતાના ઘરેથી જ શાકભાજી અને ફળો વેચતા હોવાનું સામે આવી રહ્યું છે. આ શાકભાજી કોંગ્રેસના સભ્યોએ પણ ખરીદ્યું છે. જો કે, લોકડાઉનમાં શાકભાજી વેચાણના પાલિકા દ્વારા પ્રતિબંધ મુકાયા બાદ કાઉન્સિલર દ્વારા ઘરેથી થતાં વેચાણને લઈને સવાલો ઉભા થયા છે.

ભાજપના વોર્ડ નંબર ૨૨ના મહિલા કાઉન્સિલર પુષ્પા પટેલ પોતાના ઘરેથી શાકભાજીનું વેચાણ કરી રહ્યાંનું વીડિયોમાં સ્પષ્ટ થાય છે. વીડિયો સાથે સામે આવી રહેલા ઓડિયોમાં તેઓ બોલતા સંભળાય છે કે, ગિલોડા અને ભીંડા છે. ચીકૂ કે અન્ય ફૂટનો સ્ટોક ખલાસ થઈ ગયો છે. હાલ પાલિકા દ્વારા વધતા કોરોનાને કાબૂમાં લેવા માટે શાકભાજીના વેચાણ પર પાલિકાએ પ્રતિબંધ મુક્યો છે. ત્યારે ભટાર ખાતે આવેલા કૃષ્ણા પેલેસથી કાઉન્સિલર શાકભાજી વેચી રહ્યા છે.કોંગ્રેસી કાર્યકર ઓર્ડર આપી ખરીદી કરવા નિવાસસ્થાને પહોંચીને સ્ટીંગ ઓપરેશન દ્વારા કાઉન્સિલર નફો રળતા હોવાનું આરોપ લગાવ્યો છે.

મહિલા કાઉન્સિલ પુષ્પા પટેલ ઓડિયોમાં જણાવે છે કે, ઘરની વાડીએથી શાકભાજી અને ફૂટ આવે છે. જેથી આસપાસના લોકોને તેઓ આપે છે. સાથે જ તેઓ ઓડિયોમાં એમ પણ કહે છે કે, જે સ્ટોકમાં હોય છે એ જ વેચાણ કરવામાં આવે છે. જો કે, પાલિકાના નિયમ અંગે ભાજપના એક નેતાએ જણાવ્યું હતું કે, પાલિકા દ્વારા શાકમાર્કેટમાં વેચાણ પર પ્રતિબંધ મુક્યો છે. ખેડૂતો દ્વારા થતાં વેચાણ પર તેની કોઈ અસર ન થઈ શકે.

મહેસાણામાં વધુ પાંચ કેસ નોંધાતા તંત્રમાં ગભરાટ

છઠીયારડામાં બે, વિસનગર, રંગપુર, અને મોલિપુરમાં એક-એક કેસ સામે આવ્યા

મહેસાણા

રાજ્યનાં મહેસાણામાં કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. જીવલેણ વાયરસનાં કારણે આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું છે. ત્યારે મહેસાણામાં વધુ પાંચ કેસ સામે આવવાથી તંત્રમાં ખળભળાટ મચ્યો છે. મહેસાણાના છઠીયારડામાં બે , વિસનગર, રંગપુર, અને મોલિપુરમાં એક-એક કેસ સામે આવ્યા છે. જે પૈકી બે દર્દીને ફરીવાર કોરોનાનો ચેપ લાગ્યો છે. ત્યારે આ તમામ લોકોને વડનગર અને મહેસાણાની કોવિડ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

અમદાવાદ રાણીપમાં એરગનથી ફાયરિંગ કરી શ્વાનને મોતને ઘાટ ઉતારી દેવાયો

અમદાવાદ

કેટલાક લોકો અબોલ જીવ માટે સેવાકીય કાર્ય કરતા થાકતાં નથી. જ્યારે કેટલાક હંમેશા માટે અબોલ જીવને જાણે કે પોતાના દુશ્મનની નજરે જ જોતા જ હોય છે. શહેરના રાણીપ વિસ્તારમાં નજીવા કારણમાં આરોપીએ એરગનથી ફાયરિંગ કરીને શ્વાનને મોતને ઘાટ ઉતાર્યો છે. રાણીપ ગીતા એપાર્ટમેન્ટમાં રહેતા મનોજ ઠાકરે પોલીસ ફરિયાદ આપી છે કે ૧૨ મેના દિવસે તેઓ ઘરે હતા ત્યારે તેમણે જોયું કે તેમના જ એપાર્ટમેન્ટમાં રહેતા જીગર પંચાલ પોતાની ગેલેરીમાંથી એરગનથી ફાયરિંગ કરી શ્વાનને ડરાવતા હતા.

ફરિયાદીએ તેમને આમ ન કરવાનું કહેતા આરોપી ઉશ્કેરાઈ ગયો હતો. આરોપી ફરિયાદીને કહેવા લાગ્યો હતો કે આ શ્વાન દરરોજ તેની ગાડી પર બેસી જાય છે. ગાડી ગંદી કરે છે અને લીસોટા પાડે છે. એટલુ જ નહીં કેટલીકવાર ગાડીનું કવર પણ ફાડી નાંખે છે. જોકે, ફરિયાદીએ આરોપીને ફરી આવું ન કરવાનું કહેતા તે ગુસ્સે થઈને પાછો ઘરમાં જતો રહ્યો હતો.

આ જ દિવસે સાંજે સાડા સાત વાગ્યાની આસપાસ ફરી ફાયરિંગનો અવાજ આવતા જ ફરિયાદી ગેલેરીમાં આવ્યા હતા. તેમણે જોયું કે જીગર પોતાની ગેલેરીમાં એરગન લઈને ઉભો હતો. જ્યારે નીચે શ્વાન લોહીલુહાણ હાલતમાં તરફડીયા મારી રહ્યું હતું. થોડીવારમાં શ્વાનનું મોત થયું હતું. ઘટના બાદ સોસાયટીના લોકો એકઠા થઈ ગયા હતા અને પોલીસ આવતા જ ફરિયાદીએ આરોપી વિરુદ્ધ ફરિયાદ આપી હતી. હાલ પોલીસે આરોપીને ઝડપી તેનો કોરોના ટેસ્ટ કરાવાની કાર્યવાહી શરૂ કરી છે.

તમામ પોલીસ કર્મચારીઓને કોરોવાઈલ ટેબલેટનું વિતરણ

પોલિસ સ્ટાફ અને પેરામિલેટ્રી ફોર્સે લીધો કોરોવાઈલ ટેબલેટનો લાભ

સુરત

કોરોના વાયરસની મહામારીથી બચવા સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. તેથી આ વાયરસની સામે રોગપ્રતિકારક શક્તિ વધારવા આયુષ મંત્રાલયની ગાઈડલાઈન પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા અનેક અસરકારક પગલાંઓ લેવામાં આવી રહ્યા છે. ત્યારે અનેક સંસ્થાઓ પણ સ્વેચ્છાએ રોગપ્રતિકારક શક્તિ વર્ધક દવાનું વિતરણ કાર્ય કરી રહી છે.

નિરામય આયુર્વેદિક હોસ્પિટલ, નાનપુરા દ્વારા 'કોરોવાઈલ ટેબલેટ' બનાવવામાં આવી છે. આ ટેબલેટ કફનાશક, વાયરલ ઈન્ફેકશન, તાવ અને ફેફસાની તકલીફના નિવારણ માટે લાભદાયી છે. જેને સુરત શહેરના દરેક પોલિસ સ્ટેશનમાં દરેક પોલિસ કર્મચારીને વિનામૂલ્યે દવા આપવાની કામગીરીની શરૂઆત પોલિસ કમિશનર કચેરી ખાતેથી કરવામાં આવી હતી. સતત સાત દિવસ સુધી દવા વિતરણ કરવામાં આવશે.

પોલિસ કમિશનરશ્રી આર.બી.બ્રહ્મભટ્ટ, સ્પેશિયલ બ્રાન્ચ એ.સી.પી શ્રી પી.એલ.ચૌધરી, ડી.સી.પી સ્પેશિયલ બ્રાન્ચ શ્રી ચિંતન તેરૈયા, હેડ કોન્સ્ટેબલ યોગેશભાઈ બાવિસ્કર અને સ્પેશિયલ બ્રાન્ચના પોલીસ સ્ટાફે દવા વિતરણનો લાભ લીધો હતો.

કુલ ૬૦૦૦ જેટલા પોલીસ સ્ટાફ અને પેરામિલેટ્રી ફોર્સને કોરોવાઈલ ટેબલેટ વિતરણ કરવાના સેવાભાવી કાર્ય બદલ નાયબ પોલીસ કમિશ્નરની કચેરી દ્વારા નિરામય આયુર્વેદિક હોસ્પિટલના વૈદ્યરત્નમ સંદીપ સી. પટેલને પ્રશંસાપત્ર પાઠવી તેમની કામગીરીને બિરદાવવામાં આવી હતી.

વડાપ્રધાન મોદીએ જાહેર કરેલા આર્થિક પેકેજને ગુજરાત ભાજપે આવકાર્યું

વડાપ્રધાન મોદીના સંબોધનમાં મોટીવેશન, વિઝન, એક્શનનું પ્રતિબિંબ જોવા મળ્યું

અમદાવાદ

ભાજપ પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંબોધનમાં મોટીવેશન, વિઝન, એક્શનનું પ્રતિબિંબ જોવા મળે છે. તેમણે "આત્મનિર્ભર ભારત"નો નવો સંકલ્પ દેશવાસીઓ સમક્ષ મુક્યો છે. જેમાં પાંચ બાબતોને પ્રાધાન્ય આપવાનું કહ્યું છે. ઈકોનોમી, ઈન્ફ્રાસ્ટ્રકચર, સીસ્ટમ, ડેમોગ્રાફી, ડીમાન્ડ વધારવા અને તેને પૂરી કરવા પર ભાર મુક્યો છે. આ સાથે જ સપ્લાય ચેઈન વધુ મજબૂત અને આધુનિક બનાવવાનું કહ્યું છે. ભારતના દરેક ક્ષેત્ર, દરેક વર્ગ માટે રુપિયા ૨૦ લાખ કરોડના ઐતિહાસિક પેકેજની જાહેરાત કરીને દેશવાસીઓને આત્મબળ, આત્મવિશ્વાસપૂર્વક આગળ વધવાની તેમજ સહયોગ આપવાની અપીલ કરી છે. આ ભવ્ય પેકેજને ભાજપ આવકારે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાહેર કરેલા આર્થિક પેકેજ અંગે ભરત પંડ્યા અને જીતુ વાઘાણીએ આપી પ્રતિક્રિયાતો બીજી તરફ ભાજપા પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીએ પણ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા વૈશ્વિક મહામારી કોરોના વાઈરસના કારણે દેશમાં પ્રવર્તમાન પરિસ્થિતિને પહોંચી વળવા જાહેર કરાયેલા કુલ રૂપિયા ૨૦ લાખ કરોડના વિશેષ આર્થિક પેકેજને આવકારી જણાવ્યું હતું કે, દેશના જીડીપીના ૧૦ ટકા જેટલું આ વિશાળ આર્થિક પેકેજ દેશના ખેડૂતો, મજૂરો, મધ્યમ વર્ગ, મોટા તેમજ લઘુ ઉદ્યોગકારો, એમએસએમઈ સેક્ટર સહિત દેશના તમામ વર્ગો માટે આશીર્વાદરૂપ સાબિત થશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશના ૧૩૦ કરોડ નાગરિકોના સહયોગથી ભારતને આત્મનિર્ભર બનાવવા માટે એડી ચોટીનું જોર લગાવી રહ્યા છે. આ તકને ભારતવાસીઓએ ઝીલી લેવી જોઈએ. લોકલ માટે વોકલ બનીએ. એટલે કે સ્વદેશી પેદાશો માટે વધુ પ્રચાર-પ્રસાર કરીએ. તેમજ લોકડાઉન-૪ની જાહેરાત સાથે નિયમોનું પાલન કરીને કોરોના સાથે જીવન જીવતા શીખીએ તેમ ભાજપ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું.

કોરોના વાયરસ સામેનો જંગ જીતી ડોકટર પુનઃ ફરજ પર હાજર

૯મીએ હોમ ક્વોરન્ટાઈન પૂર્ણ થયું ને ૧૦મી મેના રોજ ફરજ પર લાગી ગયા

સુરત

આજે કોરોનાની સામે સમગ્ર દેશ ઝઝુમી રહ્યો છે, ત્યારે કોરોના વાયરસની સામે ડોકટર સહિત અનેક કોરોના વોરિયર્સ દિવસરાત એક કરીને પોતાની ફરજ નિભાવી રહ્યા છે. પોતાની ફરજ દરમિયાન ક્યારેક ડોકટરોને પણ કોરોનાનો ચેપ લાગતો હોય છે, પરંતુ દર્દીઓની સારવાર માટે અડગ રહેતા ડોક્ટરો જીવના જોખમે પણ ફરજ બજાવવાનું ચૂકતા નથી. જેની રગે-રગમાં ખુમારી વ્યાપી છે એવા સુરતના એક ૨૮ વર્ષીય જાંબાઝ યુવા ડોકટર મયુર લાખાભાઈ કલસરિયા, એમ.ડી. (ઈમરજન્સી મેડિસીન) ને તા.૧૬મી એપ્રિલના રોજ નવી સિવીલ હોસ્પિટલમાં કોરોના પોઝીટીવ દર્દીઓની સારવાર દરમિયાન કોરોનાનો ચેપ લાગ્યો હતો. ૧૦ દિવસની સારવાર બાદ સાજા થઈને ડિસ્ચાર્જ થયેલાં ડો. મયુર કલસરિયાનો હોમ ક્વોરન્ટાઈન પિરીયડ ૯મી એ પૂર્ણ થતાં જ બીજા જ દિવસે તા.૧૦મી મે ના રોજ તેઓ પુનઃ કોરોના પોઝિટીવ દર્દીઓની સેવા માટે હાજર થઈ ગયા છે. કોરોનાને મ્હાત આપીને તેઓ હવે ફરી એક વાર પોતાના દર્દીઓની સેવામાં લાગી ગયા છે. દેશની તબીબી આલમ ઉપરાંત આહિર સમાજ માટે પણ ગૌરવ લેવા સમાન ઘટના છે.

મૂળ ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના શોભાવડ ગામના વતની અને સુરતના પૂણા સારોલી સ્થિત નેચરવેલી રેસિડેન્સીમાં રહેતાં ડો.મયુર કલસરિયા છેલ્લાં સાડા ત્રણ વર્ષથી સુરતની નવી સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં સિનીયર રેસિડેન્ટ ડોક્ટર તરીકે ફરજ બજાવે છે. હાલ કોરોના વાયરસની વિકટ પરિસ્થિતિમાં તેમને ઈમરજન્સી કેઝ્યુઅલ્ટી સેન્ટરમાં નિયુક્ત કરાયા હતા. જ્યાં તેમને દર્દીઓની સેવા-સારવાર દરમિયાન કોરોનાનો ચેપ લાગ્યો હતો. તેમનો કોરોનાનો ટેસ્ટ પોઝિટીવ આવતા હોસ્પિટલનો તબીબી સ્ટાફ અને તેમના માતાપિતા, પરિવારજનો સૌ ચિંતામાં મૂકાયા હતા.

તેમના પરિવારના નવ વ્યકિતઓને પણ તા.૨૧મી એપ્રિલ સુધી ફેસિલિટી હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા. સદનસીબે ડો. મયુરની સમયસૂચકતા અને સોશ્યલ ડિસ્ટન્સિંગના પાલનને કારણે કુટુંબીજનોને કોરોનાનો ચેપ લાગ્યો ન હતો. ૧૦ દિવસની સારવાર બાદ તા.૨૫મી એપ્રિલના રોજ ડો.મયુરનો રિપોર્ટ નેગેટિવ આવતાં આખરે તેઓ કોરોના સામેનો જંગ જીતી ગયા હતા.

ડો. મયુર કલસરિયાએ જણાવ્યું હતું કે, 'સરહદ પર લડતા સૈનિકો ઈજાગ્રસ્ત થાય તો તેઓ લડવાનું છોડી દેતાં નથી, એમ ડોક્ટરોને કોરોના સામે લડતાં યોદ્ધાઓ રૂપે બિરદાવવામાં આવે છે, ત્યારે કોરોના વોરીયર્સ સરહદે દુશ્મનો સામે બાથ ભીડતાં સૈનિકોની જેમ કોરોના સામે લડી રહ્યા છે. ડોક્ટરો પણ ચેપગ્રસ્ત થઈ શકે છે એ વાસ્તવિકતાને સ્વીકારી અમે દર્દીની સારવાર સિવાય બીજી કોઈ પ્રાથમિકતા નહિ એવા ભાવ સાથે કામ કરીએ છીએ. આવા સમયે કોરોનાનો ચેપ લાગવો એ મારા માટે અલ્પવિરામ હતું, પૂર્ણવિરામ નહિ એમ ડો. કલસરિયા ગર્વથી કહે છે.

તેમણે કોરોના સામેની લડાઈ જીત્યાં પછી મારા આત્મવિશ્વાસમાં ખુબ વધારો થયો છે. મારા ઈષ્ટદેવે કોરોના દર્દીઓની સેવા કરવા માટે જ મને સ્વસ્થ કર્યો છે, ત્યારે મારૂ પ્રથમ કર્તવ્ય છે કે જે કામ માટે મને ફરજનિયુક્ત કરવામાં આવ્યો છે, તેને ન્યાય આપવા હું મારી ૧૦૦ ટકા ક્ષમતાનો ઉપયોગ કરૂ. દર્દીઓ 'અમારા માટે ભગવાન સ્વરૂપ હોય છે' એ ભાવનાને હું ક્યારેય ભૂલ્યો નથી. હું કોરોનામુક્ત બની સંપૂર્ણ સ્વસ્થ થયો છું, જેથી હવે હું દર્દીઓને સારા કરવા પર મારૂ સમગ્ર ધ્યાન કેન્દ્રિત કરીશ.

તેમણે કહ્યું કે, મને કોરોના પોઝિટીવ આવ્યો ત્યારે મેં મક્કમ મનોબળ સાથે મારા સ્ટાફના મિત્રો અને પરિવારને 'હું જલ્દી સાજો થઈને પાછો દર્દીઓની સેવામાં લાગી જઈશ.' એવો વિશ્વાસ આપ્યો હતો. કોરોના બાળકો અને વૃદ્ધો પર જોખમી સાબિત થાય છે, ત્યારે મારા પરિવારમાં કોરોનાનું હાઈ રિસ્ક ધરાવતાં મારી બે વર્ષની દીકરી આદ્યા અને મારા પિતા કે જેમને બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ છે, તેઓ મારા ક્લોઝ કોન્ટેક્ટમાં ન આવે તેનું મેં ખાસ ધ્યાન રાખ્યું હતું. કોરોના થયો એ અગાઉ દર અઠવાડિયે ઘરે આવતો હતો, અને એક લગ રૂમમાં કપડાં ચેન્જ કરી, હોસ્પિટલના મેલા કપડાં જાતે વોશિંગ મશીનમાં મૂકી દેતો હતો. સેલ્ફ પ્રિકોશનના કારણે હું મારા પરિવારને કોરોનાથી બચાવી શકવામાં સફળ રહ્યો છું.

તેમણે વધુમાં જણાવ્યું કે, આવનારા દિવસોમાં આપણી રોજબરોજની જીવનશૈલીને બદલીને કોરોનાની બિમારીની સાથે જીવતાં શીખવું પડશે. કોરોના વાઈરસની ગંભીરતા માત્ર ૦૫ ટકા જ છે, માત્ર તેના ઈન્ફેકશનથી લોકોને ડર લાગે છે. સારવાર દરમિયાન હું નિયમિત રીતે વિપશ્યના અને કસરત કરતો હતો. મને યોગ્ય સમયે નવી સિવીલમાં સારવાર મળી જેના કારણે આજે હું પરત ફરજ પર આવ્યો છું. લોકોએ માસ્ક પહેર્યા વગર બહાર નીકળવું નહિ, સોશિયલ ડિસ્ટન્સ જાળવવું અને વારંવાર સાબુ કે સેનેટાઈઝરથી હાથ સાફ કરવા એ કોરોના સામે લડવાના અસરકારક પગલાં છે. કોરોના ચેપગ્રસ્ત વ્યક્તિએ ડર્યા વિના સારવાર લેવી. મક્કમ મનોબળથી કોરોના સામેનો અડધો જંગ એમ જ જીતી જવાય છે. બાકીનું કામ આપણી સારવાર કરતાં ડોક્ટરો પર છોડી દેવું જોઈએ. કારણ કે ડોક્ટરો અને મેડિકલ સ્ટાફ આજે જીવના જોખમે દિવસ રાત જોયા વિના અને થાક્યાહાર્યા વિના આવી કપરી પરિસ્થિતિમાં ફરજ બજાવી રહ્યા છે. ડિસ્ચાર્જ થઈ ઘરે આવતા તેમના સ્વાગત કરવા આતુર પરિવારજનોની આંખોમાં હર્ષના આંસુ હતા. સોસાયટીના સભ્યો પણ આનંદિત થઈ ઉઠ્યા હતા. દર્દીઓને સાજા કરતો ડોક્ટર દિકરો ખુદ સાજો સારો થઈને ઘરે આવતાં જનેતાનો આનંદ સમાતો ન હતો. માતા કહે છે કે, અમે દિવસ રાત ભગવાનને પ્રાર્થના કરતા હતા કે અમારો લાલ જલ્દી સ્વસ્થ થઈને ઘરે પરત ફરે. પ્રભુએ અમારી પ્રાર્થના સાંભળી અને અમારો મયુર સાજો થઈને ઘરે પરત ફર્યો હતો. ડિસ્ચાર્જ થઈ ઘરે સ્નાન કરીને બાથરૂમની બહાર આવ્યાં ત્યારે તેમની બે વર્ષની દિકરી આદ્યા પિતાને ભેટી પડી હતી. સલામ છે આવા કોરોના વોરીયર્સને.. કે જેઓને પોતાના સ્વાસ્થ્ય કરતાં દર્દીઓની ચિંતા સતાવતી હોય, ડો. મયુર જેવા ખરા યોદ્ધાઓ ફરજને પ્રાધાન્ય આપીને સમાજને પ્રેરણા આપી રહ્યા છે.

સ્મીમેરમાં એપ્રિલ મહિનામાં ૩૯૨ મોટા ઓપરેશન કરાયા

એક મહિનામાં ૨૪ હજારથી વધુ આઉટ ડોર દર્દીઓની સારવાર

સુરત

સ્મીમેર હોસ્પિટલમાં માહે એપ્રિલ ૨૦૨૦ દરમ્યાન ૩૫૫૭ ઈન્ડોર તથા ૨૪૦૪૯ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. ૨૩૫૫ નાના તથા ૩૯૨ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૮૬૬૯ એક્ષરે પાડવામાં આવ્યા હતા. ટીવીના નવા ૮૯૨ અને જુના ૪૫૫ દર્દીઓ સહિત કુલ ૧૩૪૭ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૪૨૪ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીટોથેરાપી વિભાગમાં કુલ ૬૧૧ તથા આંખ વિભાગમાં ૫૮૯ આઉટ ડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી વિભાગમાં કુલ ૧૦૮૮૦ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોગોએ આરોગ્યલક્ષી સેવાને સારે એવો લાભ મેળવી રહ્યા છે.

આકરા ઉનાળામાં તકેદારી દાખલ જાહેર જનતાને અપીલ

બજારમાં વેચાતા બરફનો ઉપયોગ કરવો નહીં

નવસારી

સમગ્ર ગુજરાત રાજ્યમાં ગરમીનું પ્રમાણ ખૂબ જ વધી રહયું છે ત્યારે આગામી દિવસોમાં હિટ વેવ શરૂ થવાની પણ પૂરી શક્યતાઓ છે. જેથી નવસારી જિલ્લાના તમામ નાગરીકોને હિટવેવ દરમ્યાન તકેદારી રાખવા જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા અપીલ કરવામાં આવી છે.

વધુ પડતી ગરમી શરીરને નુકશાનકર્તા હોઈ જીવન માટે ખતરો ઉભો થવા સંભવ છે માટે ગરમીના દિવસોમાં હિટ વેવથી બચવા શક્ય હોય ત્યાં સુધી ઘરની બહાર ન નિકળવુ, ઉઘાડા શરીરે ફરવું નહીં, ઉપવાસ કરવા નહીં તેમજ સુતરાઉ ખુલ્લા કપડા પહેરવા જણાવવામાં આવ્યું છે. સાથે સાથે સીધા સૂર્યપ્રકાશથી બચવું, વારંવાર શક્ય તેટલુ વધારે પાણી પીવું, માથુ અને ચહેરો કપડા, ટોપી કે છત્રીથી ઢાંકવો તથા બજારમાં મળતો ખુલ્લો વાસી ખોરાક ન ખાવા તથા બજારમાં વેચાતા બરફનો ઉપયોગ ન કરવા પણ જણાવવામાં આવ્યું છે.

તાવ આવવો, ગરમ અને સુકી ત્વચા, ધબકારા વધી જવા, ઝાડા-ઉલ્ટી થવા, માથાનો દુખાવો તથા ચક્કર આવવા એ લૂ લાગવાના લક્ષણો છે. લુ લાગવાની સ્થિતિમાં લીબુ શરબત, મોળી છાશ, નાળિયેરનું પાણી, ખાંડ-પાણી અને મીઠાનું દ્રાવણ કે ઓ.આર.એસ.નું દ્રાવણ પુષ્કળ પ્રમાણમાં લેવા જણાવવામાં આવ્યું છે. ઉપરાંત આવા કોઈ લક્ષણો જણાય તો તાત્કાલીક તબીબી સહાય માટે ૧૦૮ નંબર પર અથવા નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરવા જિલ્લા પંચાયત, આરોગ્ય શાખા દ્વારા જણાવવામાં આવ્યું છે.

નવો કોઈ પોઝિટિવ કેસ નોંધાયો નથી

સુરત જિલ્લામાં સર્વે અને આરોગ્યની ૧૮૮ ટીમ કાર્યરત છે

સુરત

સુરત જિલ્લામાં ગત રોજ પોઝિટીવ કેસોની સંખ્યા ૫૭ હતી, જેમાં આજે નવો કોઈ પોઝિટિવ કેસ નોંધાયો નથી. તેમજ આજ સુધી કુલ ૨૫ દર્દીઓને સ્વસ્થ થયા હોવાથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે, જયારે કુલ ૦૧ દર્દીનાં મૃત્યુ નોંધાયા છે. કુલ ૬૧૧૬ ટેસ્ટીંગ કરવામાં આવતાં ૫૭ પોઝિટીવ અને ૬૦૧૪ નેગેટીવ કેસો જયારે ૦૨ કેસનો રિપોર્ટ પેન્ડિંગ અને ૪૩ રિપીટ સેમ્પલ નોંધાયા છે.

૩૩ એક્ટિવ ક્લસ્ટર જેમાં, બોરીયા, અસનાબાદ, અંધાત્રી, હળદવા, મહુવરીયા, અનાવલ, ખરવાણ, બડતલ, ગાંગપુર, કવાસ, કેવડી, ડુંગર, સેવણી, જુના કાકરાપાર, ચોખવાડા, ખોડાંબા, કાની, સાંધિયેર, દખણવાડ(દેવધ), ઝંખવાવ, પાલી (સાંઈભુપત), દિહેણ, પાલી(ડી.એમ.નગર), લાજપોર, ઈચ્છાપોર, વેગી, વરેલી(ગાયત્રી નગર), વરેલી(દત્ત કૃપા), વરેલી(શાંતિ નગર), વરેલી(વ્રજધામ વિસ્તાર), બારડોલી નગર(તાઈવાડ) કન્ટેઈનમેન્ટ કલસ્ટર વિસ્તારનાં કુલ ૨૦,૦૩૬ ઘરો અને કુલ વસ્તી ૮૬,૭૫૭ જેટલી છે. જેમાં સર્વે અને આરોગ્યની ૧૮૮ ટીમ કાર્યરત છે.

નોંધનીય છે કે સુરત જિલ્લામાં ૧૩૭૮ લોકો હોમ કોરન્ટાઈન હતા. આજે ૧૯૧ નવા લોકોનો ઉમેરો થતા કુલ ૧૫૬૯ લોકો હોમ કોરન્ટાઈનમાં છે. જયારે આજે ૬૬ લોકોનું હોમ કોરન્ટાઈન પૂર્ણ થતા કુલ ૧૫૦૩ લોકોને હાલ હોમ કોરન્ટાઈન કરવામાં આવ્યા છે.

કોરોના વાયરસનું સંક્રમણ રોકવા મસ્જીદોમાંથી જન જાગૃતિ અપીલ

લિંબાયત વિસ્તારના યુવકો વોલેન્ટીયર તરીકે જનજાગૃતિ કાર્યક્રમમાં જોડાયા

સુરત

સુરત શહેરમાં કોરોના વાયરસનું સૌથી વધુ સંક્રમણ લિંબાયત વિસ્તારમાં ફેલાયેલ છે. જેથી લિંબાયત વિસ્તારની પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈ આજરોજ માન. મ્યુ. કમિશનર શ્રી બંછાનિધિ પાનીની અધ્યક્ષતામાં લિંબાયત ઝોનમાં સ્થાનિક મુસ્લિમ અગ્રણીઓ અને અધિકારીશ્રીઓ સાથે મિટીંગ યોજવામાં આવેલ હતી.

હાલમાં રમઝાનનો પવિત્ર માસ ચાલી રહેલ છે આવા સમયે માનવસેવાના કાર્યમાં સહભાગી થવા મુસ્લિમ અગ્રણીઓ દ્વારા યુવાઓની ટીમ તૈયાર કરી લિંબાયત વિસ્તારમાં સુરત મહાનગરપાલિકાની ટીમ સાથે વોલેન્ટીયર બની કોરોના વાયરસને નિયંત્રણ કરવા માટે જનજગૃતિની કામગીરીમાં જોડાવા અપીલ કરી હતી.

વધુમાં આ વિસ્તારમાં આવેલ મસ્જિદો મારફત પણ કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા બિનજરૂરી ઘરની બહાર ન નિકળે, માસ્ક પહેરવા, સોશિયલ ડિસ્ટન્સ જાળવવા, વારંવાર હાથ સાબુ અથવા સેનીટાઈઝર થી હાથ ધોવા વિગેરે જેવી જનજાગૃતિની અપીલ કરી હતી. કોરોના વાયરસના સંક્રમણની ચેઈનને તોડવા માટે ૨૧ દિવસ સુધી સતત ઘરમાં રહેવા અપીલ કરી હતી અને ઉપસ્થિત તમામ મુસ્લિમ અગ્રણીઓએ સુરત મહાનગરપાલિકાને સહયોગ આપવા હકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો. તદુપરાંત લિંબાયત વિસ્તારના અધિકારીશ્રીઓને કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા અંગેની સઘન કામગીરી કરવા સૂચના આપેલ અને લિંબાયત વિસ્તારનું વિહંગાવલોકન કર્યુ હતું.

સુરતમાં રત્નકલાકારોને વતન લઈ જવા ૨.૭ કિમીનો વરાછા ઓવરબ્રિજ એસટીથી બસોથી ભરાયો

સુરત



શહેરમાં વસતા ગુજરાતના અલગ અલગ શહેરના લોકોને વતન જવા માટે મંજૂરી આપવામાં આવી છે. જેમાં સુરતમાં વસતા રત્નકલાકારોએ મોટી સંખ્યામાં એસટી દ્વારા વતન જઈ રહ્યા છે. ત્યારે સુરત એસટી વિભાગ દ્વારા મોટી સંખ્યામાં એસટી બસની વ્યવસ્થા કરી છે. જેને પગલે ખાલી એસટી બસોનો ૨.૭ કિમીના વરાછા ઓવરબ્રિજ પર ખડકલો થઈ ગયો હતો. ત્યારબાદ તબક્કાવાર રત્નકલાકારોને એસટી બસમાં વતન મોકલવામાં આવ્યા હતા.

સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાતમાંથી હજારોની સંખ્યામાં રત્નકલાકારો સુરતના કામ કરે છે પરંતુ લોકડાઉનના કારણે છેલ્લા ૫૦ દિવસથી તમામ હીરાના કારખાનાઓ બંધ હોવાથી આ રત્નકલાકારોને આર્થિક સ્થિતિ કફોડી બની છે ત્યાં ભાડાના મકાનમાં રહેવું મુશ્કેલ હોવાથી તેમજ અન્ય ખર્ચ પરવડે તેમ ન હોવાથી રત્નકલાકારોએ પોતાના વતન તરફ જઈ રહ્યા છે જે લોકોની માંગણીને અનુસરીને એસટી બસ શરૂ કરવામાં આવી છે.

વતન જવા એસટી બસ મેળવવા માટે હજુ મોટી સંખ્યામાં લોકો આવતા હોવાથી લંબે હનુમાન ડેપો ઉપરથી કામગીરી ચાલી રહી છે. એસટી બસનું બુકીંગ કરનારાઓ મંજૂરીને આધારે બસ મેળવવા માટે ડેપો ઉપર બેથી ત્રણ જણા એક સાથે આવતા હોવાથી ડેપો બહાર ખૂબ જ લાંબી લાઈનો જોવા મળી હતી. જોકે ,ડેપોની અંદર ભારે ભીડ નહીં થાય અને અંધાધૂધી ન સર્જાય તે માટે પોલીસ વિભાગ તરફથી ટોકન આધારે એન્ટ્રી આપવાનું શરૂ કરાયું હતું. લંબે હનુમાન પોલીસચોકી નજીકથી ટોકન ઈસ્યુ કરવામાં આવે છે.

મુખ્યમંત્રીનો નવી સિવિલ હોસ્પિટલ નર્સીર્સ સાથે આત્મીય પૂર્ણ સંવાદ

સુરત

દર્દીઓને સાજા કરવામાં જેમની ભૂમિકાને ક્યારેય અવગણી ન એવા નર્સિંગ સ્ટાફ વગર આરોગ્ય સેવાઓ અધૂરી ગણાય. એટલે જ દર વર્ષે તા.૧૨મી મે ના રોજ વિશ્વ નર્સિંગ દિવસ ઉજવીને આ સમુદાયની સેવા નિષ્ઠા પ્રત્યે આદર વ્યકત કરવામાં આવે છે. આજે નર્સિંગ દિવસ નિમિત્તે આદરણીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યની નર્સીસ સાથે વિડિયો કોન્ફરન્સિંગથી વાત કરી તેમનું મનોબળ વધાર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ નવી સિવિલ હોસ્પિટલની નર્સીસ સાથે પણ આત્મીયતાપૂર્ણ અને સ્વજનશીલ સંવાદ કરીને તેમને પ્રોત્સાહિત કરી હતી. નવી સિવિલની કોવિડ હોસ્પિટલમાં સ્ટાફ નર્સ તરીકે ફરજ બજાવતાં શ્રીમતિ અસ્મિતાબેન સાવલિયા સાથે મુખ્યમંત્રીશ્રીએ સંવાદ કરી તેમનું મનોબળ વધાર્યું હતું. તમામ સ્ટાફ નર્સના હાલચાલ પૂછ્યા હતા, અને દૈનિક કામગીરીની વિગતો મેળવી હતી.

મુખ્યમંત્રીશ્રી સાથે ડિજીટલ માધ્યમથી વાત કરનાર અસ્મિતાબેને જણાવ્યું હતું કે, રાજ્યના મુખ્યમંત્રી તરીકે વિજયભાઈ રૂપાણીના સંવેદનશીલ સ્વભાવનો આજે પરિચય થયો છે. તેમણે મારા અને મારી સાથે ફરજ બજાવતાં તબીબી સ્ટાફના આત્મીયતાથી ખબર અંતર પૂછ્યા હતા. રાજ્ય સરકાર હરહંમેશ તમારી સાથે છે, તમારા સાથ સહકારથી કોરોનાને હરાવીને રહીશું એવો ભાવ પણ તેમણે વ્યકત કર્યો હતો.

અસ્મિતાબેન છેલ્લાં ૧૧ વર્ષથી નવી સિવિલ હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવે છે. તેમના પતિ ડો. નરેશભાઈ પણ તબીબ છે. એક પુત્ર અને એક પુત્રીની જવાબદારી સાથે તેઓ પરિવારથી દૂર રહી કોવિડ-૧૯ હોસ્પિટલમાં નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી રહ્યા છે. નિયત કરાયેલી શિફ્ટ પ્રમાણે તેઓ હાલ તા.૧૧ થી ૧૭ મે સુધી કોવિડ હોસ્પિટલમાં ફરજ નિભાવી રહ્યા છે. દર્દીને સ્વજન ગણીને સેવા સુશ્રુષા કરવી જોઈએ એવી લાગણી વ્યક્ત કરતાં અસ્મિતાબેન જણાવે છે કે, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ કોરોના સંકટ વચ્ચે આજે વિશ્વ નર્સિંગ દિવસ નિમિત્તે સવારે ૧૧.૦૦ વાગ્યે અમારી સાથે વાત કરી અમારા આત્મવિશ્વાસમાં વધારો કર્યો હતો. આજે કોરોનાની વિકટ પરિસ્થતિમાં અમારે ફરજિયાતપણે સિવિલની હોસ્ટેલમાં રહેવાનું હોય છે, ત્યારે પરિવાર, સંતાનો થી દૂર રહેવું પડે એવા સંજોગોમાં ઈમોશનલ થઈ જવાય તો પણ અમે ફરજને પ્રાધાન્ય આપી ખંતથી સેવા કરીએ છીએ. કોરોનાના દર્દીને સારવાર સાથે ધરપત આપવાથી એનું મનોબળ વધે છે, અને એ ઝડપથી રોગમુક્ત થાય છે. સારવારની સાથે દર્દીના દુઃખને હળવું કરવું એ અમારા વ્યવસાયનો સંકલ્પ છે. દર્દીઓ સાથે સહાનુભૂતિપૂર્વક અને આત્મીય વર્તન કરવામાં આવે તો તેનું અડધું દર્દ દૂર થઈ જાય છે એમ તેઓ જણાવે છે.

ડાંગ જિલ્લા કલેકટર દ્વારા કોરોના રોકવાની કામગીરી સંદર્ભે સમીક્ષા

આહવા

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા જિલ્લા સેવા સદન,આહવા ખાતે આજરોજ કલેકટરશ્રી એન.કે.ડામોર ના અધ્યક્ષ સ્થાને જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ. કે. વઢવાણિયા તથા ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં કોવિડ ૧૯ અંતર્ગત કામગીરીની સમીક્ષા બેઠક યોજાઇ હતી.

વિશ્વ વ્યાપી કોરોના વાઇરસના સંક્રમણને અટકાવવા માટેના સૂચનો કરતા કલેકટરશ્રી એન. કે. ડામોરે જણાવ્યું હતું કે કોરોના વાઇરસના સંક્રમણને અટકાવવા માટે ગ્રામ્ય કક્ષાએ લોકોને સમજૂત કરવા ટીમો બનનાવવી જોઇએ. કોરોના વાઇરસની ગંભીરતા જોતા સોશ્યલ ડિસ્ટન્સનો કડક અમલ થાય તે જરૂરી છે. વધુમાં દરેક ગામોના સરપંચશ્રીઓ અને આગેવાનશ્રીઓને અનુરોધ છે કે આપના ગામમાં જિલ્લા કે રાજ્ય બહારથી આવનાર વ્યક્તિઓના નામ રજીસ્ટર બનાવી નોંધણી કરવી જોઇએ. જેથી સરકારશ્રીની ગાઇડલાઇન મુજબ હોમ કવોરન્ટાઇનની સંપૂર્ણ અમલવારી કરી શકાય.

ભારત સરકારના આયુષ મંત્રાલયના જણાવ્યા મુજબ લોકોની રોગપ્રતિકારક શક્તિ વધે તે માટે દરેક ગામે આયુષ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલ માર્ગદર્શિકા મુજબ આયુર્વેદિક દવાઓનો ઉપયોગ તેમજ ઔષધિ પીવડાવવાની કામગીરી થાય તે જરૂરી છે. સાથે ટેકનોલોજીમાં પણ કદમ મિલાવી સરકાર દ્વારા શરૂ કરાયેલી આરોગ્ય સેતુ એપ્લીકેશન દરેક લોકો ડાઉનલોડ કરે જેથી કોરોના વાઇરસની સચોટ જાણકારી અને સલાહ દરેક લોકો સહેલાઇથી મેળવી શકે. કોવીડ ૧૯ ની આ બેઠકમાં પીવાના પાણીની પરિસ્થિતિ,જિલ્લામાં ચાલતા નરેગા યોજનાના કામો, સુજલામ સુફલામ યોજના અંતર્ગત કામો, ખેતીવાડીને લગતા ખેડૂતોને અનાજ બિયારણ વિતરણ ખાતર સમયસર મળી રહે તથા તમામ લોકોને સરકારશ્રી તરફથી આપવામાં આવતા અનાજનો પુરવઠો સમયસર મળી રહે તે અંગેની સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં નિવાસી અધિક કલેકટરશ્રી ટી. કે. ડામોર, પ્રાંત અધિકારીશ્રી કાજલબેન ગામીત,જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક ડી. આર. અસારી, તમામ મામલતદારો, તાલુકા વિકાસ અધિકારીઓ, ઈ.ચા.પ્રોગ્રામ ઓફિસરશ્રી જિજ્ઞાશા ચૌધરી સહિત સબંધિત તમામ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહયા હતા.

શાળાઓની છ માસની ફી માફ કરવા કોંગ્રેસની માંગ

સુરત કોંગ્રેસ પ્રમુખ બાબુભાઈ રાયકાએ આવેદન પાઠવ્યું

સુરત

કોરોના વાયરસની મહામારીની વિપરિત સ્થિતિમાં ખાનગી શાળાઓની છ મહિનાની ફી માફી આપવાની માંગણી સાથે સુરત શહેર કોંગ્રેસ પ્રમુખ બાબુભાઈ રાયકા દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીને આવેદન પત્ર પાઠવી માંગણી કરી છે. સુરત શહેર કોંગ્રેસ પાઠવેલા આવેદનમાં જણાવ્યું છે કે સમગ્ર રાજ્ય જ્યારે કોરોના (Covid-૧૯) વાયરસથી પ્રભાવિત છે ત્યારે તેના સંક્રમણ અટકાવવા ગુજરાત સરકાર સહિત આરોગ્ય વિભાગ પ્રસંસનીય કામગીરી કરી રહ્યું છે. આ કોરોના વાયરસ ના સંક્રમણનો ચેપ બાળકોમાં ન લાગે તે માટે ગુજરાત રાજ્યમાં આવેલ તમામ શાળા-કોલેજો લોકડાઉન પહેલાથી જ (૧૫મી માર્ચથી) બંધ કરવાના આદેશ અપાયેલો. જે આદેશથી શાળા-કોલેજો બંધ કરવામાં આવેલ. તેમજ લોકડાઉનના કારણે મધ્યમ અને નાના વર્ગના નોકરી-રોજગાર-ધંધા કરતાં પરીવારો આર્થિક સંકળામણ ભોગવી રહ્યા છે. આવા પરીવારોને રાહત આપવા ખાનગી શાળા સંચાલકો વાલીઓ પાસેથી ફી ન ઉધરાવે તે બાબતે વાલીમંડળો આગેવાનો અને વાલીઓના અભિપ્રાય લીધા સિવાય રાજય સરકારે ખાનગી શાળાકોલેજોના સંચાલકો સાથે બેઠક યોજી હતી અને આ બેઠકમાં સંચાલકોની અનુકૂળતા મુજબ આગામી શૈક્ષણિક વર્ષની ફી ન વધારવાનું સ્વીકારીને ખાનગી શાળા સંચાલકોને અનુકૂળતા કરી આપવામાં આવી છે. રાજ્ય સરકારે રચેલ ફી નિર્ધારણ સમિતિમાં મળતિયાઓને મૂકીને ખાનગી શાળાઓને લાખો રૂપિયાની ફી ઉઘરાવવાના પરવાના અગાઉથી જ આપેલ છે, એટલે એક વર્ષ આવી શાળાઓ ફીમાં વધારો ન કરે તો તેને કોઈ ફેર પડવાનો નથી, એક બાજુ ખાનગી શાળા સંચાલકો દ્વારા સરકારને કોરોનામાં મદદરૂપ થવા દાન કરવામાં આવે છે, અને બીજી બાજુ કોરોના મહામારીની વચ્ચે નાના અને મધ્યમ વર્ગના પરીવારોને જીવનનિર્વાહના ફાંફા છે તેવા સમયે અમુક મોટી શાળાઓ દ્વારા એડવાન્સ ફી જમા કરાવવાના મેસેજ મોકલવામાં આવી રહ્યા છે.

આ મહામારીના સમયમાં શાળા-કોલેજો ક્યારે શરૂ કરવામાં આવશે તેનું નક્કી નથી એટલે કે બાળકોના આરોગ્ય ધ્યાનમાં રાખીને કોરોના મહામારીમાં શાળા-કોલેજો સૌથી પહેલા બંધ કરવામાં આવી હતી અને સૌથી છેલ્લે શરૂ કરવામાં આવે તેવી સંભાવના છે. લાખો રૂપિયાની ફી ઉધરાવતી ખાનગી શાળા-કોલેજમાં બાળકો અભ્યાસ કરવા જવાના જ નથી તેવા સમયે સરકારી અને ખાનગી શાળા-કોલેજ સંચાલકો કોરોના કપરા સમયે નાના અને મધ્યમ વર્ગના ગરીબ પરીવારોને લુટે નહીં અને ધંધા-રોજગાર બંધ છે યેવા સમયે ગરીબ બાળકોના પરિવારને રાહત મળી રહે તે માટે ઓછા માં ઓછા ૬-માસ ની શૈક્ષણિક ફી માફ કરવા સુરત શહેર જીલ્લા કોંગ્રેસ સમિતિ વતી માંગણી કરીએ છીએ.

સુરતમાં શહેરમાં ફરીથી ધમધમતું થશે માર્કેટ યાર્ડ



સુરત

સુરતમાં પાંચ દિવસ સુધી એપીએમસી બંધ રાખવામાં આવ્યું હતું. જ્યારે વહીવટી તંત્ર દ્વારા આજે રાત્રીથી ફરી માર્કેટ યાર્ડ શરૂ કરવામાં આવશે.આજે રાત્રે ૧૨ વાગ્યાથી વેપારીઓ પોતાના શાકભાજી માર્કેટ યાર્ડમાં રાખી તૈયારીઓ કરી શકશે.એપીએમસીમાં કામ કરતા ૩ સહિત કુલ ૬ લોકો કોરોનાથી સંક્રમિત થયા હતા.

જેના કારણે સુરત મહાનગરપાલિકાએ ૯ થી ૧૪ મે સુધી એપીએમસી બંધ રાખવાનો નિર્ણય કર્યો હતો. પરિણામે ખેડૂતોને દરરોજ પાંચ કરોડ રૂપિયાનું નુકસાન સહન કરવાનો વારો આવ્યો હતો. ખેડૂત સમાજ દ્વારા માર્કેટ વહેલી તકે ખોલવા માટે મનપાને રજૂઆત કરવામાં આવી હતી.જેને ધ્યાને રાખી મનપાએ ૧૩ મેના રાત્રે ૧૨ વાગ્યાથી વેપારીઓ અને ખેડૂતોને ખરીદ-વેચાણની મંજૂરી આપવામાં આવી.માર્કેડ યાર્ડ શરૂ કરતા પહેલા ફાયર વિભાગ દ્વારા સમગ્ર માર્કેટને સેનિટાઈઝ કરવામાં આવ્યું.

સુરતમાં નવા ૨૩ કેસ નોંધાતા પોઝિટિવ કેસનો આંક ૧૦૦૭ પર પહોંચ્યો, વધુ બેના મોત સાથે એક દિવસમાં ત્રણના મોત અને ૫ રિકવર થયા

સુરત જિલ્લાના ગામોમાં બે દિવસ બાદ વધુ એક કેસ નોંધાયો નથી : આજે એક જ દિવસમાં ત્રણના મોત થતા મૃત્યુઆંક ૪૩ પર પહોંચ્યો

સુરત

મહાનગરપાલિકાના જણાવ્યા પ્રમાણે, નવા ૨૩ કેસ નોંધાતા શહેર જિલ્લામાં પોઝિટિવ કેસોની કુલ સંખ્યા ૧૦૦૭ થઈ ગઈ છે. જ્યારે જિલ્લામાં બે દિવસ બાદ એક કેસ નોંધાયો છે. આ સાથે આજે એક દિવસમાં વધુ ત્રણ મોત થતા શહેર જિલ્લામાં કોરોનાનો કુલ મૃત્યુઆંક ૪૩ થઈ ગયો છે. જ્યારે આજે વધુ ૫ દર્દી રિકવર થતા અત્યાર સુધીમાં કુલ ૫૬૫ દર્દીઓએ કોરોનાને માત આપી છે.

વધુ ત્રણના મોતસિવિલ હોસ્પિટલ ખાતે સારવાર હેઠળના દર્દી અબ્દુલ જલીલ શેખ (ઉ.વ. ૫૪ રહે. ૨૦૩ રાજનગર સોસાયટી, ભાઠેના)નું મોત થયું છે. અબ્દુલને ગત તા. પના રોજ તાવ અને શ્વાસ લેવામાં તકલીફ જણાતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો અને તા. ૬ના રોજ તેનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેનું ગત મોડી રાત્રે સારવાર દરમિયાન મોત થયું છે. જ્યારે ઉધનામાં દસ્તગીર નગરનાં રહેતા ૬૩ વર્ષીય ઈશરત ભટુર ખાનને ગત રોજ રિપોર્ટ પોઝિટિવ આવતા દાખલ કર્યા હતા. દરમિયાન આજે સારવાર દરમિયાન મોત થયું છે. જેમને કિડનીની તકલીફ હતી. અન્ય એક વરાછા વૈશાલી સિનેમા પાસે રહેતા ૮૨ વર્ષીય હિરજીભાઈ બી. વીરોસાને ૯ મેના રોજ રિપોર્ટ પોઝિટિવ આવતા દાખલ કર્યા હતા. દરમિયાન સારવાર દરમિયાન મોત થયું છે. જેમને શ્વસનતંત્રની બીમારી અને આંતરડાનું કેન્સર હતું.

પાલિકા કમિશનર બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું કે, પોલીસ કમિશનર અને જિલ્લા પોલીસ વડા સાથે શહેરમાં અમદાવાદ અને મુંબઈ તરફથી પ્રવેશતા રસ્તાનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત સુરત શહેરમાં પ્રવેશવા કામરેજ, કડોદરા અને પલસાણા માત્ર આ ત્રણ રસ્તા જ ખુલ્લા રહેશે.આ ત્રણ રસ્તા પર ચેકપોસ્ટ ઉભી કરી ચેકીંગ કરીને જ પ્રવેશ અપાશે, પ્રવેશ કરનાર તમામને હોમ ક્વોરન્ટીન કરાશે.

એપીએમસી માર્કેટ યાર્ડમાં ખેડૂતોને આજે (બુધવાર) સવારે ૭ કલાકથી શાકભાજી, ફળ લાવવાની પરવાનગી અપાઈ છે. પરંતુ તેનું વેચાણ ૧૩મીએ રાત્રે ૧૨ કલાક પછી કરી શકશે.૧૪ મે ના રોજ સવારે ૮ કલાકથી કેરીનું વેચાણ કરી શકશે, પરંતુ અગાઉથી નક્કી કરેલો કેરીનો જથ્થો ૧૦ અને ૨૦ કિલોના પૈકીંગમાં જ વેચાણ કરવાનું રહેશે. વેચાણ દરમિયાન કેટલીક શરતો પાલિકા કમિશનરે બનાવી જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. શાકભાજીના છુટક વેચાણ માટે પાલિકા દ્વારા તમામ ઝોનમાં ખુલ્લા પ્લોટ ફાળવવામાં આવ્યા છે તે પ્લોટ પર તથા પ્લોટની બાજુમાં ૮૦ ફૂટ અથવા ૮૦ ફૂટ થી વધારે પહોળાઈના જાહેર રસ્તા ઉપર ત્રણ કિલો મીટર જેટલા સુધી વેચાણ કરી શકશે. બે લારી, સ્ટોલ, ટેમ્પો વચ્ચે ઓછામાં ઓછું ૧૦ મીટરનું અંતર રાખવાનું રહેશે.

કોરોના વાયરસ દર્દીની જાણ માટે ૧૯૨૧ ડાયલ કરો

નવસારી

સમગ્ર રાજ્યમાં કોરોના સંક્રમણનો વ્યાપ વધતો જાય છે. ત્યારે રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરવા ભલામણ કરવામાં આવી છે. અત્યાર સુધી એન્ડ્રોઈન ફોનધારકો જ આરોગ્ય સેતુ એપનો ઉપયોગ કરી શકતા હતા. પરંતુ ગ્રામ્ય વિસ્તારમાં પણ કોરોનાનો વ્યાપ વધતા એન્ડ્રોઇડ સિવાયના ફિચરબેઝ ધરાવતા ફોનધારકો જાગૃત થઈ શકે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા ૧૯૨૧ ટોલ ફ્રી સેવા શરૂ કરવામાં આવી છે.

જેમાં એન્ડ્રોઇડ કે એ સિવાયના અન્ય કોઈપણ ફોન ધારકો એકવાર ૧૯૨૧ ડાયલ કર્યા બાદ ટેલીફોનિક સર્વે કરાશે. ત્યારબાદ જયારે પણ આપની આસપાસ કોઈ કોરોનાગ્રસ્ત વ્યક્તિ હશે તો આપના મોબાઈલ પર મેસેજથી જાણ કરવામાં આવશે.

સિટીલિંક બસનું કોવિડ મોબાઈલ સેમ્પલ કલેકશન યુનિટમાં રૂપાંતર

નવી સવલતથી કોરોના સંક્રમણનો ભય ઘટશે

સુરત

સુરત મહાનગરપાલિકા વૈશ્વિક મહામારી કોરોના સામે હિંમતભેર લડત આપવા પોતાના ત્રિપાંખિયા વ્યૂહ સાથે સુસજ્જ છે. કોવિડ-૧૯ ને મ્હાત આવતા આ ત્રિપાંખિયા વ્યૂહમાં ટ્રેકિંગ, ટેસ્ટિંગ તથા ટ્રીટમેન્ટનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે હેઠળ ટેસ્ટિંગ એ મહત્વનું પાસું સાબિત થયું છે.

સુરતના વિશાળ જનસમુદાય અને બહોળા વિસ્તારનું અંતર શહેરમાં કોરોના શંકાસ્પદ વ્યક્તિઓને ટેસ્ટિંગ માટે લેબોરેટરી સુધી લાવવા તથા લઈ જવામાં મુશ્કેલી ઉભી કરે છે. આ મુશ્કેલીના નિવારણ માટે જીસ્ઝ દ્વારા હોટસ્પોટ તથા ક્લસ્ટરમાં જઈને સેમ્પલ એકત્ર કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. પરંતુ, ઉપલબ્ધ એમ્બ્યુલન્સ અને અન્ય વાહનોમાં જગ્યા ઓછી હોવાના કારણે સેમ્પલ માટે કોવિડ-૧૯ ના વૈશ્વિક ધારાધોરણોનો અમલ કરવાનું પડકારરૂપ બન્યું છે. આ બાબતને ધ્યાનમાં લઈને જીસ્ઝ દ્વારા સિટીલિંક બસને 'કોવિડ-૧૯ મોબાઈલ સેમ્પલ કલેક્શન યુનિટ'માં રૂપાંતર કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જેથી જનતાને પ્રાઈવેટ લેબ કે સરકારી હોસ્પિટલ સુધી જવાની જરૂરિયાત નહિ રહે અને તેમનું સ્ક્રીનિંગ અને ટેસ્ટિંગ ઝડપી બનશે. આ ઉપરાંત, કોરોના વાઈરસ સંક્રમણના ભયને ટાળી શકાશે.

કોવિડ-૧૯ મોબાઈલ સેમ્પલ કલેક્શન યુનિટમાં વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનની માર્ગદર્શિકા અનુસાર મેડિકલ સાધનોથી સજ્જ ત્રણ કમ્પાર્ટમેન્ટ બનાવવામાં આવ્યા છે. જેમાં, પ્રથમ સોશિયલ ડિસ્ટન્સ જળવાઈ રહે તે માટે 'પેશન્ટ કમ્પાર્ટમેન્ટ', બીજું કોવિડ-૧૯ સેમ્પલ એકત્ર કરવા માટે 'સેમ્પલ કલેક્શન ડિપાર્ટમેન્ટ' તથા લીધેલા સેમ્પલના ટેસ્ટિંગ માટે 'ડોક્ટર કમ્પાર્ટમેન્ટ'.

નોંધનીય છે કે, આ યુનિટમાં જુદા જુદા એન્ટ્રી તથા એક્ઝીટ પોઈન્ટ છે, તથા બહોળી જગ્યાના કારણે સંક્રમણનો ભય રહેતો નથી. લેબોરેટરી ટેક્નિશિયન અને ડોકટરના વિભાગ જુદા રાખેલા હોવાથી તેઓની સુરક્ષા જળવાઈ રહે છે. વધુમાં, SMC ના આ સુરક્ષિત સ્વાસ્થ્યના લક્ષ્યને પૂર્ણ કરતાં નોંધપાત્ર નિર્ણયથી પેશન્ટને ટેસ્ટિંગ માટે લાવવા અને લઈ જવામાં સરળતા તથા ચેપથી બચાવી શકાશે, અને ટેસ્ટિંગની પ્રક્રિયા કરવા માટે સુરક્ષિત વાતાવરણ પ્રાપ્ત થશે.

૨૧ દિવસ બાદ વ્યારાનું માયપુર ગામ કોરોના મુક્ત જાહેર થયું

ડેઇલી રિપોર્ટમાં એક પણ કેસ નોંધાયો નથી

વ્યારા

વિશ્વભરમાં કોરોના વાયરસ COVID-૧૯ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનધ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. જે બાબતે ભારત સરકારઅને ગુજરાત સરકારધ્વારા સમાયાંતરે કોરોના વાયરસ COVID-૧૯ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકાજાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને કોરોના વાયરસ COVID-૧૯ ઝડપી સંક્રમણને ધ્યાનેલેતા તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર-જવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસનેફેલાતો અટકાવવા તાપી જિલ્લાનાં વ્યારા તાલુકાનાં માયપુર ગામનાં નીચેજણાવેલ વિસ્તારને COVID-૧૯ Containment Area (નિયંત્રિત વિસ્તાર) તરીકે જાહેર કરવામાં આવેલ છે.

ગામનું નામ માયપુર,કુલ વસ્તી ૧૧૭૧,કુલ કુટુંબ ૨૭૧,કુલ ફળિયા ૦૬. ચૌધરી ફળિયુ કુલ કુટુંબ- ૩૦ કુલ વસ્તી- ૧૩૧. નિશાળ ફળિયુ કુલ કુટુંબ- ૫૩ કુલ વસ્તી – ૨૩૨. ભાઠી ફળિયુ કુલ કુટુંબ- ૯૪ કુલ વસ્તી – ૪૦૯. દાદરી ફળિયુ કુલ કુટુંબ- ૧૮ કુલ વસ્તી – ૭૬. દવાખાનું ફળિયુ કુલ કુટુંબ- ૨૨ કુલ વસ્તી – ૮૬. પટેલ ફળિયુ કુલ કુટુંબ- ૫૪ કુલ વસ્તી – ૨૩૭.

ઉકત વિસ્તારમાં મળી આવેલ ૧ (એક) કોરોના પોઝીટીવવ્યકિતની સારવાર બાદ સદર કેસ નેગેટીવ આવેલ છે તથા છેલ્લા ૨૧ દિવસનાં ડેઇલી સર્વેલન્સ રિપોર્ટ મુજબCOVID-૧૯નો એક પણ નવો કેસ મળી આવેલ નથી.

જેથી શ્રી આર.જે.હાલાણી,(આઈ.એ.એસ) જિલ્લા મેજીસ્ટ્રેટ, તાપી-વ્યારા ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪, ધી ગુજરાતએપેડેમીક ડિસીઝ એકટ ૧૮૯૭ની કલમ-૨ અને નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫નીકલમ-૩૦ તથા ૩૪ હેઠળ તાપી જિલ્લાનાં વ્યારા તાલુકાનાંમાયપુર ગામનાં ઉકત જણાવેલ વિસ્તારને COVID-19 Containment Area (નિયંત્રિત વિસ્તાર) તરીકેજાહેર કરતો હુકમ તા.૧૨/૦૫/૨૦૨૦થી અમલમાં રહેશે નહીં. આ ઉપરાંત અત્રેથી વખતો-વખત પ્રસિધ્ધ કરવામાં આવેલ અન્યતમામ જાહેરનામા યથાવત રહેશે તથા ભારત સરકાર અને ગુજરાત સરકાર ધ્વારા આપવામાં આવેલ તમામસુચનાઓ / માર્ગદર્શિકાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

કોરોના યોદ્ધાઓના સન્માન કાર્યક્રમમાં તકેદારી દાખવવી

લોકોએ સોશિયલ ડિસ્ટન્સ ફરજીયાત પાળવું

સુરત

હાલમાં ચાલી રહેલ કોરોના વાયરસની ઘાતક મહામારીમાં કોરોના વાયરસ સામે લડત ઝૂલતા આપણા કોરોના યોદ્ધાઓ એટલે સિવિલ હોસ્પિટલનો સ્ટાફ, સમરસ હોસ્ટેલ સ્ટાફ, સફાઈ કર્મચારીઓ, સુરત મહાનગરપાલિકા અને કલેકટર ઓફિસના સ્ટાફ, પોલીસ કમિશનરશ્રીના ઓફિસનો સ્ટાફ, પત્રકાર અને મિડિયાના મિત્રો તથા તમામ મેડિકલ સ્ટાફ અને અન્ય એવા ફ્રન્ટલાઈનના વર્કરો કે જેઓ રાત દિવસ ખૂબજ મહેનત કરી ખંતપૂર્વક કોરોના વાયરસ સામે લડત આપી પોતાની ફરજ નિભાવી રહયા છે.

કોરોના યોદ્ધાઓ સદર કામગીરીઓ સાથે જોતરાયેલા હોવાથી તેઓને સહકાર-સહયોગ આપવો એ જરૂરી છે પણ શહેરમાં કોરોના વાયરસના સંક્રમણનું પ્રમાણ વધુ હોય જેને ધ્યાને લઈ કોરોના યોદ્ધાઓનું જાહેરમાં સન્માન કરવું એ શહેરીજનો માટે હિતાવહ નથી. જાહેરમાં સન્માન કરવાથી સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન થતું ન હોય જેનાથી કોરોના વાયરસના સંક્રમણ થવાની શકયતા વધી રહેલી છે. કોરોના યોદ્ધાઓનું અંતરથી સન્માન કરવું એટલે કે માસ્ક પહેરવું અને સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવું જેથી કોરોના યોદ્ધાઓની છેલ્લા ૪૦ દિવસની મહેનત નિષ્ફળ ન જાય અને કોરોના વાયરસના સંક્રમણનું પ્રમાણ ઓછામાં ઓછું થઈ જાય એટલે એ જ કોરોના યોદ્ધાઓનું ખરેખર સન્માન ગણાશે.

આ ઉપરાંત જયારે કોરોના વાયરસના સંક્રમિત દર્દીઓ જયારે સાજા થાય ત્યારે તાળીઓ પાડી અને તેમના રહેણાંકના સ્થળ પર પણ ઘણાબધા લોકો એકત્રિત થઈ સ્વાગત કરે છે આમ કરવાથી સોશિયલ ડિસ્ટન્સ જળવાતુ નથી અને કોરોના વાયરસના સંક્રમણ થવાની શકયતા વધી જાય છે આથી જાહેરજનતા, કોઈપણ તંત્ર દ્વારા કોઈપણ પ્રકારના સન્માન સમારોહ કે કાર્યક્રમો ન યોજવા વિનંતી છે.

સુરતમાં લોક ડાઉનનો ભંગ બદલ ૭૨૪ વાહનો જપ્તઃ ૧૮૯ની ધરપકડ

લોક ડાઉન દરમિયાન પોલીસે કુલ ૩૧૫૮૦ વાહનો ડીટેઈન કર્યા

સુરત

કોરોના વાયરસની મહામારી વચ્ચે સુરત શહેરમાં વધી રહેલા કોરોના વાયરસના કેસોને ધ્યાને લઈ શહેર પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

આજ રોજ જાહેરનામા ભંગના બદલ વિવિધ કલમો હેઠળ ૧૮૯ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાબાજી કરીને બહાર ફરતા ૭૨૪ લોકોના વાહનો જપ્ત કરવામાં આવ્યા છે. સી.સી.ટી.વી કેમેરાની મદદથી ૦૧ ગુનાઓ નોંધવામાં આવ્યા છે.

નોંધનીય છે કે, લોકડાઉન દરમિયાન સુરત શહેર પોલીસ દ્વારા કુલ ૧૩,૫૬૯ આરોપીઓની જુદા જુદા ગુનાઓમાં ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાઓ બનાવીને ફરતા ૩૧,૫૮૦ જેટલા લોકોના વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે.

સુરત શહેરમાં ત્રીજા તબક્કાના લોકડાઉનના નિયમોનું કડકપણે પાલન કરાવવામાં આવી રહ્યું છે. જેથી શહેરીજનોએ ઘરથી બહાર ન નીકળવા અને સોશ્યલ ડિસ્ટન્સ તેમજ લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરવા અનુરોધ કરાયો છે. કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે શહેરીજનોને સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ સૂરત શહેર પોલિસ દ્વારા કરવામાં આવી રહી છે.

સામાન્ય કરતા તાપમાનનો પારો નીચે : ગરમીમાં રાહત

સુરત

છેલ્લા બે દિવસથી સમગ્ર દક્ષિણ ગુજરાતમાં વાદળછાયુ વાતાવરણ વચ્ચે અસહ્ય ઉકળાટ અને બફારાથી ભારે બેચેની થતા ગરમીથી આંશિક રાહત અનુભવાઇ રહી છે. આજે સવારથી અસહ્ય બફારો થઇ રહ્યો છે

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા ાપ્ત થતી માહિતી અનુસાર ગતરોજ શહેરનું અધિકતમ તાપમાન ૩૫.૬ ડિગ્રી સેટિળયસ નોંધાયું હતું. આજે સવારે શહેરનું ન્યુનતમ તાપમાન ૨૭.૫ ડિગ્રી સેટિળયસ નોંધાયું છે. હવામાં ભેજનું માણ વધીને ૮૧% અને હવાનું દબાણ ૧,૦૦૮.૨ મિલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી જ દક્ષિણ પષ્ટિમ દિશાથી કલાકના સરેરાશ ૩ કિલોમીટર તિ કલાકની ઝડપે પવન ફૂંકાઇ રહ્યો છે. ગતરોજ ની સરખામણીએ આજે વાદળછાયુ વાતાવરણ હોવાથી અસહ્ય ઉકળાટ અને ભારે બફારાનો અનુભવાઇ થઇ રહ્યો છે. મે મહિનાના બીજા સપ્તાહ દરમિયાન તાપમાન નો પારો ઘટતા શહેરીજનોને ઉનાળાની કાળઝાળ ગરમીથી રાહત મળી રહી છે. આગામી બે ત્રણ દિવસ સુધી પવનના લીધે તાપમાનનો પારો સામાન્ય કરતાં નીચે નોંધાઇ તેવી શક્યતા છે. હવામાન વિભાગે વધુમાં જણાવ્યું છે કે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આગામી સપ્તાહથી ગરમીમાં વધારો નોંધાઇ તેવી શક્યતા છે. આજે બુધવારે સુરત શહેર સહિત જિલ્લામાં અસહ્ય ઉકળાટ અને બફારો અનુભવાઇ રહ્યો છે.

લોકડાઉન માં પોઈચા બ્રિજ ખાતે ફરજ પર હાજર PSI પાઠકની માનવતા:ભૂખ્યાને ભોજન અને માસ્કનું વિતરણ કર્યું

નર્મદા પોલીસ વડા હિમકરસિંહ ના માર્ગદર્શન હેઠળ પોલીસ કામગીરી ની સાથે સતત સેવા કાર્ય કરતા પીએસઆઈ પાઠક ને અનેક વખત સન્માન પણ મળ્યું છે.

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ કોરોના હાઉ વચ્ચે નર્મદા જિલ્લામાં વહીવટી તંત્ર ખડે પગે છે ત્યારે નર્મદા પોલીસ વડા હિમકર સિંહ ના માર્ગદર્શન અને સૂચના મુજબ ઘણા સમય થી સ્ટેચ્યુ ઓફ યુનિટી પર ફરજ બજાવનાર પીએસઆઈ કે.કે.પાઠક હંમેશા સ્ટેચ્યુ પર આવનાર પ્રવાસીઓ ની મદદે આવી સરાહનીય કામગીરી કરવા બદલ તેમને અનેકવાર સન્માન પણ મળ્યું છે. અને નર્મદા પોલીસ ની કામગીરી સાથે લોકોના માં સારી છાપ ઉભી કરતા આવ્યા છે પરંતુ હાલ સ્ટેચ્યુ બંધ હોય તેમની ફરજ પોઈચા પુલ પર છે ત્યાં પણ તેઓ લોકોને મદદરૂપ થઈ રહ્યા છે.

પીએસઆઈ કે.કે.પાઠકે આજે પોઈચા પુલ ની તેમની ફરજ ઉપર લોકો ને માસ્ક



વિતરણ કરી સાથે કોરોના સંબંધિત જરૂરી સાવચેતી ની માહિતી આપી હતી ઉપરાંત ભૂખ્યા હોય તેવા રાહદારીઓને ભોજન ની વ્યવસ્થા પણ કરાવી હતી આમ તો બહાર ના જિલ્લા માંથી નર્મદા માં ફક્ત પાસ ધરાવતા લોકો તેમજ માલ વાહક વાહનો ને જ પ્રવેશ મળે છે પરંતુ પાસ લઈ પોઈચા પુલ થી રાજપીપળા તરફ આવતા લોકો ને માસ્ક આપી સોસીયલ ડિસ્ટન્સ સહિત ની કોરોના ને લગતી જરૂરી માહિતી આપી તેમજ કોઈ રાહદારી ભૂખ્યું જણાય તો તેને ભોજન ની પણ વ્યવસ્થા કરી આપી હતી.નર્મદા જિલ્લો કોરોના મુક્ત રહે,કોઈ નવો પોઝીટીવ કેસ ન આવે તેની તકેદારી રાખી પી.એસ.આઈ કે.કે. પાઠક કડક અમલ કરાવી રહ્યા છે.જોકે આ પોલીસ કામગીરી સાથે તે સવકાર્ય પણ કરતા હોય હંમેશા નર્મદા પોલીસ ની કામગીરી ના બહાર થી આવતા લોકો એ વખાણ જ કર્યા છે.આમ PSI પાઠક નર્મદા પોલીસ તરફ થી લોકઉપયોગી કામગીરી સાથે જરૂરતમંદો ની સહાય માટે પણ સતત તત્પર રહે છે.

લોક ડાઉન દરમ્યાન તમાકુ ગુટખાના જથ્થા સાથે એક ઈસમની ધરપકડ કરતી નેત્રંગ પોલીસ

ભરુચ

હાલમાં સમગ્ર ગુજરાત રાજ્ય તેમજ ભારત દેશમાં કોરોના વાયરસ (covid-19) ફેલાયેલ હોય અને ફેલાયેલ વાયરસના સંક્રમણને અટકાવવા સરકાર તરફથી લોક ડાઉન " જાહેર થયેલ હોય જે અનુસંધાને ભરૂચ પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા એ " લોક ડાઉન " ની કડક અમલવારી કરાવવા સુચના આપેલ તેમજ હાલમાં રાજ્ય સરકાર તરફથી તમાકુ ગુટખાના વેચાણ તથા હેરાફેરી ઉપર સંપુર્ણ પ્રતિબંધ મુકવામાં આવેલ હોય જે બાબતે ખાસ તકેદારી રાખવા રાજય સરકાર તરફથી જણાવેલ હોય જેથી નાયબ પોલીસ અધિક્ષક અંકલેશ્વરનાઓના માર્ગદર્શન હેઠળ મામલતદાર નેત્રંગ ની હાજરીમાં નેત્રંગ ટાઉનમાં મોવી રોડ ઉપર આવેલ દીવ્યા પ્રોવિજન સ્ટોર માંથી વિમલ પાન મસાલા તથા તમાકુના નાના મોટા પેકેટ નં.૭૬ - કુલ કી.રૂ.૭૬૬૦/-નો મુદ્દામાલ વૈષ્ણવ રાજુદાસ શેષદાસ, ઉ.વ.૪૪, રહે.દીવ્યા પ્રોવિજન સ્ટોર ઉપર,મોવી રોડ, મોદી કોમ્પલેક્ષ, નેત્રંગ, તા. નેત્રંગ, જી. ભરૂચનાઓના કબજા ભોગવટામાંથી મળી આવતાં કબજે કરી ઉપરોક્ત પકડાયેલ ઈસમ વિરૂધ્ધમાં ગુનો દાખલ કરી પો. સ. ઈ. બી. એસ. ગામીત , નેત્રંગ પોલીસ સ્ટેશનનાઓ દ્વારા કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

સુરત પાલિકાએ સૌથી પહેલાં રાંદેર વિસ્તારને માસ ક્વોરન્ટીન કર્યો જાહેર

૬૦ લાખની વસ્તીમાં ૧૫.૮૭ લાખ લોકો ફરજિયાત હોમ ક્વોરન્ટીન, કુલ ૩૯ ક્લસ્ટર વિસ્તાર

સુરત

કોરોના વાઈરસના ફેલાવાને અટકાવવા માટે પાલિકાએ સૌથી પહેલાં રાંદેર વિસ્તારને માસ ક્વોરન્ટીન જાહેર કર્યો હતો. સુરતમાં કોરોનાના કેસ મળતાની સાથે જ સ્પોટ નક્કી કરીને અત્યાર સુધીમાં ૩૯ જેટલા ક્લસ્ટર જાહેર કરાયા છે. ચેપ અટકાવવા માટે એક પછી એક ક્લસ્ટર જાહેર કરાયા તેમાં સુરતની કુલ વસ્તી ૬૦ લાખમાંથી ૨૬ ટકા ૧૫.૮૭ લાખ લોકોને ફરજિયાત હોમ ક્વોરન્ટીન કરાયા છે. ક્લસ્ટર જાહેર કરાયેલા વિસ્તારોમાંથી દર્દીઓને શોધીને સારવાર આપવાની નીતિને લીધે



સુરતમાં ગંભીર સ્થિતિનું નિર્માણ થયું નથી.

સુરત શહેર જિલ્લામાં પોઝિટિવ દર્દીઓ અત્યાર સુધીમાં ૯૮૪ મળ્યા છે. જે વિસ્તારમાંથી વધુ દર્દી મળે તે વિસ્તારને પાલિકા તંત્ર તરત જ ક્લસ્ટર જાહેર કરીને વિસ્તાર સીલ કરી દે છે. ક્લસ્ટર વિસ્તારમાં આવેલા ઘરના લોકોને ફરજિયાત હોમ ક્વોરન્ટીન કરીને અવર જવર પર પ્રતિબંધ મુકાય છે.

ભરૂચ-નર્મદાની તાલુકા-જિલ્લા પંચાયતોમાં ભ્રષ્ટાચાર થતો હોવાનો ભાજપ સાંસદ મનસુખ વસાવાનો આક્ષેપ




મુખ્યપ્રધાન વિજય રૂપાણીને પત્ર લખી ઉચ્ચસ્તરીય તપાસ કરાવવા રજુઆત કરી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

ભાજપના ભરૂચના સાંસદ મનસુખ વસાવા ફાયરબ્રાન્ડ નેતા તરીકે ઓળખાય છે તે પોતાની સરકાર હોય કે અન્ય હોય પ્રજાના પ્રશ્નોને હંમેશા વાચા આપતા હોય છે નર્મદા અને ભરૂચ જિલ્લા/માં તાલુકા અને જિલ્લા પંચાયતો કોંગ્રેસ તેમજ બિટીપી હસ્તક છે જેમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થતો હોવાની લેખિત ફરિયાદ સાંસદ મનસુખભાઈ વસાવા એ રાજ્યના મુખ્ય પ્રધાન વિજય રૂપાણીને કરી છે.

આ ફરિયાદમાં તેમણે જણાવ્યું છે કે નર્મદા તેમજ ભરૂચ જિલ્લામાં તાલુકા તથા જિલ્લા પંચાયતો બિટીપી તથા કોંગ્રેસના ગઠબંધનની છે. ધારાસભ્યો પણ આદિવાસી વિધાનસભામાં બીટીપી



મનસુખભાઈ ધનજીભાઈ વસાવા
સંસદ સભ્ય (લોક સભા)
ભરૂચ, ગુજરાત

32, ગુરુદ્વારા પોસ્ટ
ન્યુ દિલ્હી-110 001
ટેલિફોન: 011-23094674

13/4/2020

પ્રતિ,
શ્રી વ્યવહારી રૂપાણી સાહેબ,
મુખ્યમંત્રી શ્રી,
ગુજરાત રાજ્ય.

જયભારત સાથે જણાવવાનું કે ભરૂચ જિલ્લા પંચાયત તથા નર્મદા જિલ્લા પંચાયતમાં ભ્રષ્ટાચાર થતો હોવાની ફરિયાદ કરી હતી. આ ફરિયાદ અનુસંધાને ગુજરાત પેટર્ન અને અન્ય વિકાસ યોજનાઓનો અમલીકરણ તેમજ ભ્રષ્ટાચાર થાય છે. તેનો પણ મને વાંધો નથી. પરંતુ મોટા ભાગના કામોમાં ભ્રષ્ટાચાર થાય છે. ગુજરાત પેટર્ન ની યોજનાઓનો લાભ આદિવાસીઓને મળવો જોઈએ તેના બદલે અમલીકરણ અધિકારીઓ તથા પદાધિકારી ઓ તથા તેમના વચેટિયાઓ લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરી રહ્યા છે કેટલાક અધિકારીઓની વિગતો અગાઉ આપ સાહેબને તથા મંત્રી ગણપતસિંહ વસાવાને પણ આપી હતી પરંતુ લોકડાઉન ના સમયગાળામાં તેમને ગરબડો કરવાનું મોકળું મેદાન મળી ગયું છે તેથી બંને જિલ્લામાં તાલુકા તેમજ જિલ્લા પંચાયતમાં ચાલતા ભ્રષ્ટાચારની ઉચ્ચસ્તરીય તપાસ કરાવવા વિનંતી છે.

હાલ સાંસદ ના આવા ભ્રષ્ટાચાર ના આક્ષેપો સાથે મુખ્યમંત્રી ને રજુઆત કરતા પત્રથી ભરૂચ તેમજ નર્મદા જિલ્લાનું રાજકારણ ગરમાયુ છે.

સુરતથી મહુવા ગયેલા યુવકનો કોરોના પોઝિટિવ

સુરતથી સૌરાષ્ટ્ર ઉપડેલા લોકોથી સ્થાનિક તંત્ર ચિંતિત

સુરત

કોરના વાયરસની સામે જંગ જીતવા માટે કેન્દ્ર સરકારે ભારતભરમાં લોકડાઉનનો અમલ કર્યો હતો. ત્રણ-ત્રણ વખત લોકડાઉનનો સળંગ અમલ થતા બેરજોગારી અને ભૂખમરાનો સામનો કરતા પરપ્રાંતીય શ્રમજીવીઓએ ભારે હોબાળો મચાવતા કેન્દ્ર સરકારના નિર્દેશથી શ્રમજીવી એકસ્પ્રેસ ટ્રેનો શરૂ કરવામાં આવી હતી. ત્યારબાદ સુરત શહેરમાં વસતા લાખો સૌરાષ્ટ્રવાસી રત્નકલાકારોએ વતન (સૌરાષ્ટ્ર) જવાની માંગ બુલંદ કરી હતી. જેને કારણે સૌરાષ્ટ્ર માટે એસ.ટી.બસની વ્યવસ્થા કરવામાં આવતા હજારોની સંખ્યામાં સૌરાષ્ટ્રવાસીઓ પોતાના વતન પહોંચી ગયા હતા. આ પૈકી કેટલાક પ્રવાસીમાં કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા જે તે જિલ્લાનું આરોગ્ય તંત્ર દોડતુ થઈ ગયું છે.

મળતી માહિતી મુજબ બે દિવસ પહેલાં સુરતથી મહુવા તાલુકાના ઉગળવાણ ગામે પહોંચેલા એક પંચોલી નામના ૩૨ વર્ષીય યુવકનો કોરોના પોઝિટિવ ભાવતા ભાવનગર જિલ્લાનું આરોગ્ય તંત્ર દોડતું થઈ ગયું હતું. અત્રે નોંધનીય છે કે, અગાઉ આ જ ગામની સુરતથી પહોંચેલી મહિલાનું મૃત્યુ થયા બાદ તંત્રે સમગ્ર ગામને કોરોન્ટાઈન કર્યું હતું. આજે વધુ એક કેસ પોઝિટિવ મળી આવતા આરોગ્ય તંત્રની ટીમ ઉગલવાણ ગામ દોડી ગઈ હતી. પોઝિટિવ દર્દીના પરિવારજનોને હોમ કોરોન્ટાઈન કરી સમગ્ર ગામને ઘરથી બહાર નહીં નીકળવા કડક સૂચના આપી હતી.

ખેંચ આવતા પડી જતા ટ્રકના ક્લીનરનું મોત

કડોદરા

કડોદરા બ્રીજ પર ટ્રકમાં ક્લીનરને ખેંચ આવતા નીચે જમીન પર પટકાતા ઘટના સ્થળે તેમનું કરૂણ મોત નીપજ્યું હતું. બનાવ અંગે કડોદરા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર મૂળ ખેડા જિલ્લાના નડિયાદમાં મિશન રોડ અરૂણ સોસાયટી ખાતે રહેતા પ્રિતમ સિંઘ સુખદેવસિંઘ નામના ડ્રાઈવર પોતાના કબજાની જીજે-૧૯-એક્સ-૯૪૦૦ નંબરની ટ્રકમાં રોબર્ટ માઈકલ સ્વામી (રહે. ક્રિષ્ચન સોસાયટી)નામના ક્લીનરને બેસાડી માલની ડીલીવરી નવસારી આપવા માટે નીકળ્યા હતા. ત્યારે કડોદરા ખાતે આવેલ ખાડી બ્રીજ ઉપરથી પસાર થતી વેળા ક્લીનરને અચાનક ખેંચ આવતા તેઓ ટ્રકમાંથી નીચે જમીન પર પડી ગયા હતા. ત્યારે તેમને માથાના ભાગે ગંભીર ઈજા થતા ઘટના સ્થળે જ તેમનું મોત નીપજ્યું હતું. બનાવ સંદર્ભે કડોદરા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સુરતના વરાછામાં કોરોનાનો રિકવરી રેટ વધતા તંત્રમાં હળવી રાહત

સુરત

શહેરમાં કોરોના મીટરમાં સતત વધારો યથાવત છે. જો કે, પોઝિટિવ કેસની સામે રિકવરી રેટ પર વધતાં રાહત મળી છે. શહેરમાં લિંબાયત બાદ વરાછા-કતારગામ ઝોનમાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યા વધારે જોવા મળે છે. સોમવારે શહેરમાં ૨૨ કેસ સાથે કોરોનાનો આંકડો ૮૯૮ પર પહોંચ્યો છે. જેમાં લિંબાયત અને વરાછા ઝોન એ માં ૬-૬ કેસ નોંધાયા હતાં.

જેની સાથે વરાછા ઝોન એ માં કુલ કેસોની સંખ્યા ૧૨૧ થઈ છે. જેની સામે વરાછા ઝોન બી માં ચાર દર્દીઓને ડિસ્ચાર્જ કરાતા અત્યાર સુધીમાં કુલ ૭૫ દર્દીઓ સાજા થઈને ઘરે ગયાં છે. લોકડાઉન બાદ કોરોના કેસનાં આંકડા સતત વધી રહ્યાં છે. છેલ્લા થોડા દિવસથી શહેરમાં સરેરાશ ૨૦ થી ૨૫ દર્દીઓ



ડિસ્ચાર્જ થઈ રહ્યાં છે. અત્યાર સુધીમાં શહેરમાં ૮૯૮ કેસમાંથી ૫૨૮ દર્દીઓ સાજ થઈ ચૂક્યાં છે. એટલે કે, કુલ રિકવરી રેટ ૫૮.૭૯ ટકા થયો છે. જ્યારે વરાછા ઝોન એમાં કુલ ૧૨૧ કેસ સામે ૭૫ દર્દીઓ સાજા થઈ ઘરે ગયાં છે.

જેનો રિકવરી રેટ ૬૧.૯૮ ટકા રહ્યો છે. જ્યારે વરાછા ઝોન બી માં કેસ ઓછા ઉપરાંત ૫૦ ટકા દર્દીઓ સજા થઈ ગયાં છે. વરાછા ઝોન એ માં હાલ ૪૬ અને ઝોન બી માં ૯ કેસ એક્ટિવ રહ્યાં છે. વરાછા ઝોનમાં અત્યાર સુધીમાં એક દર્દીનું મૃત્યું થયું છે. વરાછા ઝોન એ માં કેસો વધી રહ્યાં છે. પણ, તેની સામે રિકવરી રેટ પણ વધ્યો છે. જે ખુબ જ સુખદ બાબત છે. પરંતું, વધતા કેસોને લઈને હજુ પણ લોકોએ ગંભીર થવાની જરૂર છે. લોકો સવચેતી રાખે અને લોકડાઉનનું પાલન કરે તે જરૂરી છે.

સુરતમાં કોરોનાના ડાયલોગથી ફેમસ થયેલો પોલીસ જવાન હીરા કંપનીનો બન્યો બ્રાન્ડ એમ્બેસેડર

સુરત

ઉધના વિસ્તારમાં ભેગી થયેલી ભીડને છૂટી કરવા માટે પોલીસ જવાના પ્રવિણ પાટીલ દ્વારા મોબાઈલ વાનમાં લગાવેલા સ્પીકરમાં આવેલા એનાઉન્સમેન્ટનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો. જેમાં એનાઉન્સમેન્ટ કહે છે કે, તોડ દેંગે તુમ્હારે શરીર કા કોના કોના લેકિન હોને નહીં દેંગે તુમકો કોરોના, આપ સમજો હમ આપકી ભલાઈ કે લીયે હી યે સબ કર રહે છે. આ વીડિયો એટલી હદે વાઈરલ થયો હતો કે, ફિલ્મ ડાયરેક્ટર રોહિત શેટ્ટી,

નેતાઓ સહિતાનાએ વખાણ કર્યા હતા. હવે આ પોલીસ જવાનને સુરતની હીરા કંપની દ્વારા બ્રાન્ડ એમ્બેસેડર બનાવતા ફરી ચર્ચામાં આવ્યો છે. પોલીસ જવાન પ્રવિણ પાટીલે



જણાવ્યું હતું કે, તેના મિત્રોનો ફોન આવ્યો હતો અને સુરત પોલીસનું નામ દુનિયાભરમાં રોશન થાય તેમ હોવાથી તેણે તેમના ફોટાનો ઉપયોગ કરવાની હા પાડી હતી. આ માટે તેમણે કોઈ લેખિત કે મૌખિક કોન્ટ્રાક્ટ કર્યો નથી કે રૂપિયા પણ લીધા નથી.

તેમની ઈચ્છા એટલી જ છે કે, સુરત પોલીસનું નામ રોશન થાય અને કોરોનામાં શહેર પોલીસ કમિશનર આર.બી બ્રહ્મભટ્ટના માર્ગદર્શન હેઠળ સુરત પોલીસ કપરી સ્થિતિમાં શહેરના લોકોની જે સેવા કરી છે તે વાત લોકો સુધી પહોંચે. કતારગામ ખાતે આવેલી હીરા કંપનીએ તેના સ્લોગનમાં લખ્યું છે કે, સુરતના પોલીસ જવાના સાથેના ફોટો સાથે લખ્યુ છે કે, આપણે આવતી કાલે બહાર ફરી શકીએ તે માટે આજે તેઓ બહાર ફરી રહ્યા છે.

નવસારીમાં લોકડાઉનના ભંગ અંગે વધુ ૧૫૮ લોકોની ધરપકડ

નવસારી

કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. તા.૧૧ મે ના રોજ પોલીસ દ્વારા આ નિયમોનું ઉલ્લંઘન કરનારા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરી કલમ ૧૮૮ કલમ ૧૩૫ ગુજરાત પોલીસ એક્ટ ૧૯૫૧ હેઠળ ૧૪૮ સામે એફ.આઈ.આર. કરવામાં આવી છે તેમજ ૧૫૮ ની અટકાયત કરવામાં આવી છે. તેમજ ધ એપીડેમીક ડીસીઝ એક્ટ ૨૦૦૫ હેઠળ ૧ ઈસમ સામે એફઆઈઆર કરવામાં આવી છે. જિલ્લામાં ૭૬ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા હતા. તા.૧૧ મે સુધીમાં કુલ ૮૫૩૦ એફઆઈઆર કરવામાંઆવી છે. તેમજ કુલ ૯૪૬૨ વ્યક્તિઓની અટક કરવામાં આવી છે. શહેરીજનોને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનુંસંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ નવસારી જિલ્લા પોલિસ દ્વારા કરવામાં આવે છે.

પાંચ દિવસથી નવસારી જિલ્લામાં એક પણ નવો કેસ નોંધાયો નથી

૧૮૩૩ સેમ્પલો પૈકી ૧૭૯૭ લોકોના રિપોર્ટ નેગેટિવ

નવસારી

કોવિડ-૧૯ વાયરસ સંક્રમણને પગલે નવસારી જિલ્લામાં તા.૧૨/૦૫/૨૦૨૦ ના રોજ ૨૭ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાં નવસારી-૧૩, જલાલપોર- ૦૬, ગણદેવી- ૦૪, ચીખલી-૦૪ સેમ્પલ લેવામાં આવ્યાં છે. જેમાં અત્યાર સુધીમાં કુલ-૧૮૩૩ સેમ્પલ પૈકી ૧૭૯૭ સેમ્પલ નેગેટીવ આવ્યા છે. ૨૮ સેમ્પલના રીઝલ્ટ બાકી છે. છેલ્લા પાંચ દિવસમાં નવસારી જિલ્લામાં એકપણ કોરોના પોઝીટીવ કેસ નોંધાયેલ નથી.

જિલ્લામાં આરોગ્ય કર્મચારીઓ દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેની ઘનિષ્ટ કામગીરી થઇ રહી છે. જિલ્લામાં ચોથા રાઉન્ડમાં હાઉસ ટુ હાઉસ સર્વેમાં ૧૧,૭૧,૩૧૪ વસ્તીને આવરી લેવામાં આવી છે.

જિલ્લામાં કુલ-૦૩ કોવિડ-૧૯ હોસ્પિટલ છે. સિવિલ હોસ્પિટલ, યશફીન હોસ્પિટલ અને ઉદિત હોસ્પિટલ વાંસદાને કોવિડ-૧૯ હોસ્પિટલ તરીકે માન્ય રાખવામાં આવી છે. ત્રણ હોસ્પિટલ મળીને કુલ-૩૦૦ આઈસોલેશન બેડ તથા ૩૦ આઈ.સી.યુ.બેડની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. નવસારી જિલ્લામાં આજદિન સુધીમાં કુલ-૦૮ પોઝીટીવ કેસ નોંધવાયાના અહેવાલ જિલ્લા પંચાયત, આરોગ્ય વિભાગ દ્વારા જણાવાયું છે.

લોકડાઉન મા ભૂખે મરતાં રિક્ષા ચાલકો ને સરકાર સહાય આપે અથવા રિક્ષા ચલાવવાની છુટ આપે



ફોર વ્હીલર વાહનો ને છુટ આપવામાં આવી છે, તો રોટલા રડવા રિક્ષા ચાલકો તરફ પણ તંત્ર ધ્યાન આપે

રેશનકાર્ડ ઉપર મળતું અનાજ પુરતું નથી અને તેમાં ચોખા તો ખવાય તેવાં પણ નથી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

બેકારી અને ભુખમરી થી કંટાળેલા રિક્ષા ચાલકો ના સંયમ ની હવે સિમા આવી ચુકી છે, લોકડાઉન ને કારણે રોજ કમાઈ ને ખાનારા વર્ગ ની હાલત સૌથી વધુ બદતર અને દયાજનક બની છે. જે થોડા ઘણાં પૈસા હતાં તે ખર્ચાઈ ગયા છે, હવે ભીખ માંગવા સિવાય અમારી પાસે કોઈ રસ્તો જ બચ્યો નથી સાહેબ તેવું એક કંટાળેલા રિક્ષા ચાલકે રડમસ ચહેરે જણાવ્યું હતું.

રેશનકાર્ડ ઉપર મળતું અનાજ પુરતું નથી અને તેમાં ચોખા તો ખવાય તેવાં પણ નથી, શાકભાજી, દૂધ અને માંદગી પ્રસંગે દવાઓ લાવવા અને અન્ય જીવન જરુરી ચીજ વસ્તુઓ વગર દિવસો કાઢી રહ્યા છે, કોઈ દયા ખાઈ ને કંઈક આપે તો બે ટાઈમ ચાલી જાય છે, સરકાર અમારા ઉપર ધ્યાન નથી આપતી. અમો ને રિક્શા ચલાવવાની પરવાનગી આપવામા આવે તો અમને અમારી રોજી રોટી મળવી શરુ થાય હવે વધુ ઘર મા બેસી શકાય તેવી પોઝીશન રહી નથી. સેવા ભાવી સામાજિક સંસ્થાઓ અને રિક્ષા ચાલકો ની મદદ માટે આગળ આવે તે પણ ઈચ્છનીય છે.

તંત્ર રિક્ષા ચાલકો ની કંગાળ હાલત અને બદહાલી પ્રત્યે ધ્યાન આપે તે જરુરી બન્યું છે,ભૂખમરાથી કોક નુ મૌત નિપજે અને સરકાર સહાય જાહેર કરે તે કરતાં જીવતા ઓને જ બચાવી લેવાં તે સભ્ય સમાજ ના હિતમા છે.

રાજપીપળા નગરપાલીકાના વોર્ડ નં. ૭ ના સદસ્યોએ રસ્તાના કામ બાબતે સી.ઓ.ને કરી લેખિત રજુઆત

છત્રવિલાસ અને નીઝામશાહ દરગાહનો રસ્તો બિસ્માર હાલત માં હોય કામ કરાવવા રજુઆત કરાઈ



રાજપીપળા

રાજપીપળા નગરપાલિકા હાલ વેરા વધારે મુદ્દે ચર્ચા માં રહેલી છે. એક તરફ માથે કરોડો નું દેવું છે ઉપરાંત કેટલાક જરૂરી કામો, કર્મચારીઓના પગારો સહિતની અનેક સમસ્યાઓ સામે પડકારરૂપ ઉભી છે ત્યારે આજરોજ પાલિકાના મુખ્ય અધિકારી જયેશ પટેલ ને વોર્ડ નં.૭ ના સદસ્ય કિંજલબેન તડવી તથા પ્રતિક્ષાબેન પટેલ એ તેમના વોર્ડ માં આવતા છત્ર વિલાસ અને નીઝામ શાહ દરગાહ નો માર્ગ તદ્દન બિસ્માર હાલત માં હોય તેની મરામત કરાવવા લેખિત રજુઆત કરી સાથે આ બાબતને ગભીરતાથી લઈને રસ્તાનું કામ ઝડપથી ચાલુ કરાવી ઝડપથી પૂર્ણ થાય તેવી વિનંતી કરી હતી.

પાલિકા ના ચીફ ઓફિસર જયેશ પટેલે આ બાબતે જણાવ્યું હતું કે વોર્ડ નં.૭ ના સભ્યોની રજુઆત મારી પાસે આવી છે. જેમાં કામ નક્કી કરવા ધ્યાને મુકવામાં આવશે.

અંક્લેશ્વર હાઈવેની હોટલ માલીકને કલેકટર કચેરીનો સ્ટાફ હોવાની ખોટી ઓળખ આપી ચુનો ચોપડનાર ઠગ ટોળકી ને ઝડપી પાડતી ભરૂચ કાઈમ બ્રાન્ચ



રોકડા રૂ.૧લાખ તથા રૂ.૭૦ હજારની ગુટખા, તમાકુ નો મુદામાલ લઈ ગુનો કરનાર ઠગ ટોળકી ઝડપાઇ

ભરુચ

ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તરફથી હાલમાં ચાલી રહેલ કોરોના વાયરસ ની વૈશ્વિક મહામારી માં વાયરસ નું સંક્રમણ અટકે તેમજ લોકડાઉન નો અસરકારક અમલ થાય તથા જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જરૂરી પગલા લેવા સુચના આપવામાં આવેલ દરમ્યાન આજરોજ અંક્લેશ્વર રૂરલ પો.સ્ટે.મા નેશનલ હાઈવે રોડ ની બાજુના આવેલ હોટલ ઓસ્કાર સંચાલકે ફરીયાદ આપેલ કે ગઈ તા-૦૬/૦૫/૨૦૧૭ ના રોજ રાત્રીના હોટલ ઓસ્કાર માં ચાર અજાણ્યા પુરૂષો તથા એક મહીલા એ આવી તેઓ કલેકટર કચેરી થી ચેકીંગ માં આવ્યા હોવાની ઓળખ આપી દુકાનમાં ચેકીંગ કરી દુકાનમાં મુકેલ ગુટખા સિગારેટ માવા વિગેરે થેલામાં ભરી લઈ હોટલ સીલ કરવાની તથા દંડ કરવાની ધમકી આપી હોટલ માલીક પાસેથી પતાવટ પેટે રોકડા રૂ.૧,૦૦,૦૦૦/- પડાવી લઈ તથા ગુટખા સિગારેટ માવા વિગેરે મળી કુલ કી.રૂ.૭૦,૦૦૦/- નો મુદામાલ લઈ ગયેલ જે બાબતે ફરીયાદ આપતા ગુનો દાખલ કરવામાં આવેલ.

આ ગુનો શોધી કાઢવા માટે એલ.સી.બી.ના પો.સ.ઈ વાય.જી.ગઢવી તથા ટીમના માણસોને મળેલ બાતમી આધારે આ ગુનામા સંડોવાયેલ ટીવી ટાઈમ્સ ન્યુઝ ચેનલ ના પત્રકાર તથા તેમની ટોળકી ને ઝડપી પાડી ગુના નો ભેદ ઉકેલી કાઢવામાં સફળતા મેળવેલ છે.આરોપીઓની પુછ પરછ માં હાલમાં છેલ્લા ઘણા દિવસોથી કોરોના વાયરસ મહામારી ફેલાયેલ હોય જેથી લોકડાઉન ચાલુ હોય અને તમાકુ ગુટખા ના વેચાણ ઉપર પ્રતિબંધ જાહેર કરેલ હોય જેથી આ તકનો ફાયદો ઉઠાવી ઉપરોકત ગુનો આચર્યાની કબુલાત કરેલ છે

પકડાયેલ આરોપીઓ

(૧) સુનીલ રામચંદ્ર જયસ્વાલ રહે- ગુજરાત હાઉસીંગ બોર્ડ મકાન નં-૨૪૨, સુરતી ભાગોળ, અંક્લેશ્વર શહેર જી-ભરૂચ મુળ રહે.માનકુર પો. સ્ટે. મેહનગર તા.જી-આઝમગઢ ઉત્તરપ્રદેશ (ટીવી ટાઈમ્સ ન્યુઝ ચેનલ ના બીઝનેસ હેડ હેવાન જણાવે છે.(૨) જીતેન્દ્ર ઉર્ફે જીતું મહેન્દ્રભાઈ ચૌહાણ રહે. હાલનવાદિવા, પટેલ ફળીયા, કમલેશ કાયસ્થ ના મકાનમાં તા-અંક્લેશ્વર જી-ભરૂચ મુળ રહે-ગેરીતા કોલવડા તા-વિજાપુર જી-મહેસાણા (અગાઉ દહેજ પો.સ્ટે, મા કોલસા ચોરીના ગુનામાં પકડાયેલ છે) (૩) અરવિંદ ઉર્ફે વિજયભાઇ ત્રિભોવન ભાઇ પરમાર રહે-મારૂતિધામ સોસાયટી-૦૧, મકાન નં-૧૦૬,રાજપીપળા રોડ, સારંગપુર તા-અંક્લેશ્વર જી-ભરૂચ મુળ રહે. વણાંકપોર, પરમાર ફળીયુ તા-ઝઘડીયા જી-ભરૂચ (ટીવી ટાઈમ્સ ન્યુઝ ચેનલમા કેમેરામેન હોવાનું જણાવે છે) (૪) આકાશસિંગ સંજયસિંગ રહે-મીરાનગર મકાન નં-૨૪૬, રાજપીપળા રોડ,સારંગપુર તા-અંક્લેશ્વર જી-ભરૂચ મુળ રહે-હનુમાનગંજ તા-માઝી જી-સિવાન બિહાર.

નર્મદાના સાગબારામા મત્સ્યોદ્યોગ સાથે સંકળાયેલા પશ્ચિમ બંગાળના ૧૫૩ માછીમારો ફંસાયા હોવાનુ બહાર આવ્યું

નર્મદા કલેકટર અને મામલતદાર સાગબારાને રજુઆત છતાં પરિણામ શૂન્ય



સરકાર ની કોઈ મદદ નથી મળી, શ્રમિકો એ પોતાને વતન પહોંચાડવાની માંગ કરી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લા ના સાગબારા તાલુકાના મોટી દેવરૂપણ અને ખેરપાડા ગામે પશ્ચિમ બંગાળના ૧૫૩ મત્સ્યોદ્યોગ સાથે સંકળાયેલા શ્રમિકો અટવાઈ ગયા હતા તેમણે તાત્કાલિક વતન પરત જવાની માંગ કરી હતી.


આ બાબતે નર્મદા જિલ્લાના કલેક્ટર અને મામલતદાર સાગબારા ને પણ રજૂઆત કરવામાં આવી છે.સાગબારા તાલુકાના મોટી દેવરૂપણ અને ખેરપાડા ગામે તાપી નદી ના ઉકાઈ ડેમ કિનારે ગત તા.૧૧ જાન્યુઆરી આવ્યા હતા માછી મારી નુ કામ તેમને મળ્યું ન હતું. ધી સાગબારા તાલુકા મત્સ્ય ઉદ્યોગ સહકારી મંડળી ને લીઝ ઈજારો પણ મળ્યો નથી સરકારે લીઝ ઈજારો આપ્યો નથી અને ત્યાર બાદ કોરોના વાયરસ ને લઈને લોકડાઉન હોવાથી આ બધા અટવાઈ ગયા હતા આ બાબતે મંડળી દ્વારા નર્મદા જિલ્લાના વહીવટી તંત્ર અને સાંસદ,ધારાસભ્ય, વનમંત્રીને પણ મોખિક રજૂઆત કરવામાં આવી હતી નર્મદા જિલ્લા કલેક્ટર દ્વારા પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને નાદિયા જિલ્લાના કલેક્ટર ને પણ આ બાબતે રજૂઆત કરવામાં આવી હતી પણ કોઈ જવાબ મળતો નથી અત્યારે મે માસ શરૂ થઈ ગયો છે આ લોકો બેકાર છે આ બાબતે મંડળી મંત્રી કાંતિ લાલ કોઠારી એ તા. ૩૦ એપ્રિલ ના રોજ નર્મદા જિલ્લા કલેક્ટરને પણ રજૂ કરી હતી તેમ છતાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી ત્યાંના કલેક્ટર દ્વારા કોઈ પણ જાતની કાર્યવાહી કરવામાં આવી નથી ૧૫૩ પશ્ચિમ બંગાળના મત્સ્યોદ્યોગ સાથે સંકળાયેલા શ્રમિકો અટવાઈ ગયા છે અને અત્યારે તેમને તેમના વતન જેવું છે આ લોકોને ગુલાબસીગ રાયસીગ કોઠારી દિલીપ ભાઈ ઉર્ફે મનહર ભાઈ વસાવા મંત્રી કાંતિ ભાઈ કોઠારી તરફ થી જમવાની વ્યવસ્થા કરવામાં આવી છે સરકાર દ્વારા કિટ્સ અનાજ ની વ્યવસ્થા કરવામાં આવી નથી. તેમને ખાવાં ના ફાંફાં પડી રહ્યો છે તેમ એક સામાજિક કાર્યકર એ જણાવ્યું હતું.સરકાર દ્વારા તાત્કાલિક આ તમામને વતન પરત મોકલી આપવામાં આવે એવી માંગ કરી હતી.

કોરોના વાયરસ સામેની લડાઈમાં રાજપીપળા જિલ્લા જેલના બંદીવાને માસ્ક બનાવી દેશસેવાના કાર્યમાં સહભાગી બન્યા

અત્યાર સુધી અંદાજે ૩૫૦ જેટલા માસ્ક વિનામૂલ્યે બનાવી જેલના બંદીવાનો અને જેલના સ્ટાફને વિતરણ કરવામાં આવ્યા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

વૈશ્વિક મહામારી નોવેલ કોરોના વાયરસ ના કારણે સરકાર દ્વારા સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યુ છે. કોરોના વાયરસની વૈશ્વિક મહામારી વચ્ચે સંક્રમણ ને અટકાવવા માટે રાજય સરકાર તથા નર્મદા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા અનેકવિધ પગલાઓ લેવામાં આવી રહ્યા છે. કોરાના સંક્રમણને રોકવા માટે ચહેરા પર બાંધવા માટેના માસ્ક અસરકારક સાબિત થયા છે એ બાબતે રાજપીપળાની જીતનગર જેલના પાકા કામના બંદીવાન દિનેશભાઈ ચતુરભાઈ રાવલીયા જેલમાં જ માસ્ક બનાવવાની કામગીરી કરી રહ્યા છે.એક દિવસ માં અંદાજે ૨૦ થી ૨૫ જેટલાં માસ્ક બનાવવામાં આવે છે. અત્યાર સુધી અંદાજે ૩૫૦ જેટલા માસ્ક બનાવીને દેશસેવાના કાર્યમાં સહ ભાગી બન્યા છે.તેમણે બનાવેલા આ માસ્ક જિલ્લાના બંદીવાનો



તેમજ જેલના સ્ટાફને વિનામૂલ્યે પુરા પાડવામાં આવ્યા છે.

જિલ્લા જેલના અધિક્ષક એલ.એમ.ગામારાએ જણાવ્યું હતું કે, હાલમાં નોવેલ કોરોના વાયરસ ની મહામારી ચાલી રહી છે,ત્યારે માસ્ક પહેરવું જરૂરી છે.આ બંદીવાન દ્વારા માસ્ક બનાવવામાં આવે છે તેમજ જિલ્લાના તમામ બંદીવાન અને સ્ટાફને માસ્ક વિના મુલ્યે પુરા પાડવામાં આવ્યા છે. માસ્ક બનાવીને આ બંદીવાને સમાજ સેવા અને દેશ સેવાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું છે.

જિલ્લા જેલના પાકા કામના બંદીવાન દિનેશભાઈ રાવલીયા એ જણાવ્યું કે હાલ સમગ્ર દેશમાં કોરોનાની મહામારી ચાલી રહી છે, કોરોના વાયરસ ના સંક્રમણને અટકાવવા માટે માસ્ક હોવું ખૂબ જ જરૂરી છે ત્યારે મને એમ થયું કે લાવ હું પણ દેશ સેવાના કાર્યમાં સહભાગી બનવા માટે માસ્ક બનાવું.માટે મેં આ શરૂઆત કરી અને માસ્ક બનાવવાની કામગીરીથી હું અંત્યત ખુશ છું.

વિમલ પાન મસાલાના પાઉચ નંગ ૫૦૦ તથા તંબાકુના પાઉચ નંગ ૧૦૦ તથા એક ફોરવ્હીલ ગાડી મળી કુલ્લે ૧,૭૬,૪૦૦/- નો મુદ્દામાલ કબજે કરતી અંકલેશ્વર શહેર પોલીસ

ભરુચ

ભરૂચ પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તરફથી જીલ્લામાં બનતા નોવેલ કોરોના વાયરસ ફેલાવ અટકાવવા સારૂ જીલ્લા કલેક્ટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ ભરૂચ તરફથી બહાર પાડવામાં આવેલ જાહેરનામાની સી. આર. પી. સી કલમ ૧૪૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ ૪૩ મુજબનો ભંગ કરતા ઈસમોને શોધી કાઢવા તથા દારૂ/જુગાર તથા પાન મસાલાની થતી હેરફેર રોકવા સારૂ સુચના કરેલ જે અનુસંધાને નાયબ પોલીસ અધિક્ષક ચીરાગ દેસાઈના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સપેક્ટર ઓ. પી. સિસોદિયાની સુચના મુજબ આજરોજ પોલીસ સબ ઈન્સ્પેક્ટર વી.આર.ઠુમ્મર તથા બીજા સ્ટાફના પોલીસ માણસો સાથે અંકલેશ્વર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ગોલ્ડન બ્રીજના પોઈન્ટ ઉપર વાહન ચેકીંગમાં હતા તે દરમ્યાન ગડખોડ પાટીયા તરફથી એક ફોર વ્હીલ સેટ્રો ગાડી આવતા તેને રોકી પુછપરછ કરતા (૧) મહમદ સોહીલ બસીરભાઈ રાજ રહે. બુમરીયા રેસીડન્સી,સીવીલ લાઈન્સ રોડ,કાળી તલાવડી,ભરૂચ તા.જી. ભરૂચના હોવાનું જણાવેલ જેની ગાડીમાંચેક કરતા ગાડીમાંથી વિમલ પાન મસાલાના નાના-મોટા પાઉચ નંગ ૫૦૦ તથા ફ-૧ તંબાકુના પાઉચ નંગ ૧૦૦ મળી કુલ કિ. રૂ.૭૬,૪૦૦/- તથા એક સેન્ટ્રો ગાડી નંબર GJ-05-CF-૫૩૦૫ જેની કિ.રૂ. ૧,૦૦,૦૦૦/-ગણી કુલ્લે મુદ્દામાલ કિ.રૂ. ૧,૭૬,૪૦૦/- મળી આવેલ હોય અને જાહેરનામા અમલવારીનો ભંગ કરેલ હોય તેઓ વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે

તરબુચ તોડવાની અદાવત રાખી રાજપીપળાના ખેડુત પિતા-પુત્રો ઉપર જીવલેણ હુમલો

ફરિયાદી ખેડુત હોવાની સાથે એડવોકેટ પણ હોઈ હુમલા ના વિરોધમા બાર એસોસિએશન નર્મદા દ્વારા આરોપીઓ ને વકીલ સેવા ન મળે તે માટે ઠરાવ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

ગત તા ૨ મેં ના રોજ ફરિયાદી હેમંત મહેશભાઈ પટેલ ના કુંવરપુરા ગામના મણીનાગેશ્વર મંદિર પાસે આવેલા તરબુચ ના ખેતર મા કાલીયા સુભાષ અને વજેસીંગ વસાવા નામના વ્યક્તિઓ ગેરકાયદેસર પ્રવેશ કરી ને તરબુચ તોડતાં હતાં, રખેવાળ રણજીતભાઈ વસાવા એ તેમને રોકતાં,આ લોકોએ રખેવાળ ને લાકડી થી ફટકાર્યો હતો,અને નાસી છૂટ્યા હતા.

તા.૫ મેં ના રોજ ફરિયાદી હેમંતભાઈ મહેશભાઈ કા.પટેલ અને તેમના પિતા મહેશભાઈ અને મોટાં ભાઈ ગૌરવ મહેશભાઈ કા.પટેલ કુંવરપુરા ખાતેના પોતાના ખેતરે તરબુચ તોડી ને બજાર મા વેચવા ના કામ અર્થે સવાર ના પહોર મા મજુર માણસો અને વાહન લઈ ને ગયા હતા, અને તરબુચ તોડીને વાહનમા ભરી રહ્યાં હતાં તે દરમિયાન કાલીયાભાઈ સુભાષભાઈ વસાવા,રહે. કુંવરપુરા ત્યાં આવી પહોંચ્યા હતા અને ફરિયાદી ને કહ્યું હતું કે તે દિવસે મારા મામા વજેસીંગ એ તારા ખેતર માથી તરબુચ ખાઈ લીધું તો શું થઈ ગયું, લે તને એને પૈસા આપી દઉં, તેથી અમો એ કીધું કે રાત્રે શા માટે તરબુચ ખાવાં આવો છો.



તેમ કહેતાં કાલિયા સુભાષ ઉશ્કેરાઈ ગયેલ અને ગમેતેમ ગાળો બોલવા લાગેલ મારાં પિતા અને ભાઈ વચ્ચે પડતા આરોપી ત્યાંથી જતો રહેલ અને થોડી વાર મા વજેસીંગ સહીત અન્ય પાંચ ઈસમો ને હાથ મા લાકડીઓ ના સપાટા લઈ બુમો પાડતા આવી ગયા હતા અને ફરીયાદી સહીત તેના ભાઈ અને પિતા ને મારવા લાગ્યા હતાં.

આ મારામારી મા તરબુચ તોડવાનુ કામ કરતાં મજુરો એ વચ્ચે પડી ને છોડાવ્યા હતા, અને આરોપીઓ નાસી ગયા હતા, તરબુચ ભરવા આવેલા વાહન ના ડ્રાઈવરે પોલીસ કંટ્રોલ રુમ મા ફોન થી જાણ કરી દેતાં, પી.સી.આર વાન આવી જતાં ઘવાયેલાઓ ને પહેલાં હોસ્પીટલ અને બાદ મા પોલીસ સ્ટેશને ફરીયાદ દાખલ કરાવવા લઈ આવેલાં.

ફરીયાદી વ્યવસાયે વકીલ હોવાથી આ વાત ની જાણ વકીલ મંડળ મા ફેલાઈ જતાં વકીલો મા કચવાટ ની લાગણી જન્મી હતી, અને ઠરાવ કરી ને આરોપીઓ ના વકીલ તરીકે કોઈ એ રહેવુ નહી જો તેમ કરશે તો તેની સામે પગલાં લેવાનો ઠરાવ કરાવામાં આવ્યો હતો.હાલ પોલીસે ગુનો નોંધી આરોપીઓ ને પકડવા ના ચક્રો ગતિમાન કર્યા હતા.